740
Manipar. Vanamalidas- Jathalal. Palitana

शिवमस्तु सर्वजगतः

વર્ષ ૧૮ * અંક ૧

માર્ચ, ૧૯૬૧ * ચૈત્ર, ૨૦૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૫--૫૦

છુટક નકલ ૬૨ ન. પૈ.

28/500

# કલ્યાણ

સંપાદક
સોમચંદ ડી. શાહ

કલ્યાણ પ્રકાશન મંદિર
પાલીતાણા
(સૌરાષ્ટ્ર)

# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૧ |
| ઘરની આગ : | વૈદ્ય મોહનલાલ ચુ. ધામી | ૩ |
| સાભાર સ્વીકાર : | સંપાદક | ૫ |
| નવનીત : | પ્રિયમિત્ર | ૯ |
| ભક્તિનો મહિમા અને તેનું સ્વરૂપ : | | ૧૩ |
| વેરાયેલાં વિચાર રત્નો : | શ્રી સુધાવર્ષી | ૧૮ |
| અનુભવની એરણ પરથી | સં. | ૨૧ |
| વૈરનો વિપાક અને ધર્મનો મહિમા : | પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મ. | ૨૩ |
| પ્રાચીન જૈનપુરી બુરહાનપુર : | પૂ. મુનિરાજ શ્રી તત્ત્વવિજયજી મ. | ૨૬ |
| મહાસાગરના મોતી : | પૂ. આ. દેવશ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. | ૨૯ |
| વિનાશનાં તાંડવ : | પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મ. | ૩૨ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૩૭ |
| પુલ અને ફોરમ : | પૂ પંન્યાસજી શ્રી પ્રવીણવિજયજી ગ. | ૪૫ |
| શ્રી સમ્મેતશીખરજી તીર્થ યાત્રાનો પ્રવાસ : | શ્રી કપુરચંદ રણછોડદાસ વારૈયા | ૪૬ |
| અઢારમા વરસના પહેલા અંકે : | પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. | ૪૮ |
| સંસાર ચાલ્યો જાય છે : | વૈદ્ય મો. ચુ. ધામી | ૫૩ |
| કુલદીપક : | શ્રી સૂર્યશિશુ | ૫૯ |
| સમાચારસાર : | સંકલિત | ૬૧ |


## વાચકો તથા શુભેચ્છકોને !

'કલ્યાણ'માં આજે જે સાહિત્ય પીરસાઈ રહ્યું છે. તેને અંગે આપ આપનો અભિપ્રાય મોકલશો. 'કલ્યાણ'માં કયા કયા વિભાગો ખાસ હોવા જોઈએ ? ને તેની સાહિત્ય સામગ્રી કઈ હોવી જોઈએ ? તે આપ અમને જણાવશો. 'કલ્યાણ'ના વધુ વિકાસ માટે અમારે શું કરવું જોઈએ ? તે આત્મીયભાવે અમને આપ અવશ્ય જણાવશો !


Form IV

**રજીસ્ટર્ડ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે**

**'કલ્યાણ' માસિક અંગેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

પ્રસિદ્ધિ સ્થળ : વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)
પ્રસિદ્ધિનો ક્રમ : દર અંગ્રેજી મહીનાની ૨૦ તારીખ
મુદ્રકનું નામ : સોમચંદ ડી. શાહ
શ્રી જશવતસીંહજી પ્રીન્ટીંગ વર્ક્સ વઢવાણ શહેર.
રાષ્ટ્રિયતા : ભારતીય
ઠેકાણું : જીવન નીવાસ સામે પાલીતાણા
પ્રકાશક : સોમચંદ ડી. શાહ
ઠેકાણું : શીયાણી પોળ વઢવાણ શહેર
તંત્રીનું નામ : સોમચંદ ડી. શાહ
રાષ્ટ્રિયતા : ભારતીય
ઠેકાણું : જીવન નિવાસ સામે પાલીતાણા
માલીકનું નામ : કલ્યાણ પ્રકાશન મંદીર
ઠેકાણું : જીવન નીવાસ સામે પાલીતાણા

આથી જાહેર કરૂં છું કે ઉપર જણાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

૨૦-૩-૬૦ **સોમચંદ ડી. શાહ**

## ઉ....ઘ....ડ....તે પા....ને

'કલ્યાણ' આજે સત્તર વર્ષ પૂરા કરી, અઢારમા વર્ષમાં પ્રસ્થાન કરે છે. શિશુ-કાળ પૂર્ણ કરી તે યુવાવસ્થા ભણી ડગ ભરે છે. સમાજમાં ધર્મ પ્રત્યે, શિક્ષણ તથા સંસ્કાર પ્રત્યે, શ્રધ્ધા તથા સચ્ચારિત્ર્ય પ્રત્યે અભિરુચિ જાગ્રત થાય, અને વધે તે જ એક ઉદ્દેશથી 'કલ્યાણ'નું સંચાલન તથા સંપાદન થઇ રહ્યું છે. પોતાના ઉદ્દેશને અનુરૂપ પ્રગતિ કરીને 'કલ્યાણ' સમગ્ર સમાજમાં, સમાજના પ્રત્યેક વર્ગમાં જે એકધારો ચાહ મેળવ્યો છે. તે જ 'કલ્યાણ'ની પ્રગતિની પારાશીશી છે.

'કલ્યાણે' કદિ લોકૈષણાની કે લોકસંજ્ઞાની કામના કરી નથી. છતાં શિષ્ટ, સંસ્કારી તથા ધર્મશીલ સાત્વિકવૃત્તિના જનસમાજની મનીષાને સત્કારવા-સન્માનવા માટે તેણે કદિ ઉપેક્ષા કરી નથી, કોઇ પક્ષ કે વર્ગનું તે બનવા ઈચ્છતું નથી, તે તેનો ઉદ્દેશ નથી. જૈનશાસન તેનો પક્ષ છે; જૈનસિધ્ધાંતોની નિષ્ઠાપૂર્વકની વફાદારી તેનો પ્રાણ છે, એ જ એક ઉદ્દેશને ખાતર તે જીવે છે, તે પ્રાણને તે કદિ ગૂંગળાવી શકશે નહિ. તે તેનો અફર નિર્ણય છે.

જ્યારે ભૌતિક સ્વાર્થોની ભૂતાવળ; દેશમાં, દેશના પ્રત્યેક વર્ગમાં, સમાજમાં અને સમાજના પ્રત્યેક વર્ગમાં કૂદકે ને ભૂસકે ફેલાતી જતી હોય, ત્યારે દેશને, સમાજને તથા તેના પ્રત્યેક વર્ગને સ્વ-પર કલ્યાણકર આધ્યાત્મિક સંસ્કૃતિના અમૃતપાન કરાવવા દરેક રીતે સુસજ્જ રહેવું તે 'કલ્યાણ'નો કોલ છે. માટે 'કલ્યાણ' જૈનધર્મના સિધ્ધાંતોને સુસંગત બને તેવા આધ્યાત્મિક તત્વોના ગુણગાન ગાતા લેખો, ઉધ્ધૃત કરીને, સંપાદિત કરીને રજુ કરતું રહે છે.

સંસ્કાર, સમભાવ, શિક્ષણ, શ્રધ્ધા તથા સાત્વિકતાના 'પ્રચારક 'કલ્યાણ'માં વિવિધ વિષયોને સ્પર્શતું અનેકવિધ સાહિત્ય નિયમિત પ્રસિધ્ધ થતું રહે છે; અને દિન-પ્રતિદિન 'કલ્યાણ' નું ધોરણ વધુ ઉચ્ચ બનતું જાય તે માટે તેનું સંચાલક મંડળ વધુ ને વધુ જાગ્રત છે. સમાજમાં જે અવસરે, દેશમાં જે અવસરે પુણ્ય, પાપ, આત્મા, પરમાત્મા, તથા પરલોક ઇત્યાદિ આધ્યાત્મિક સંસ્કૃતિના મૂલભૂત સનાતન તત્ત્વો પ્રત્યે આંખ મીંચામણા કે ઉપેક્ષા થતી હોય, કેવલ ઇહલોકના સ્વાર્થોને પંપાળવા-પોષવા માટે જ માનવજીવનની મહામૂલ્ય ક્ષણો વેડફાઈ જતી હોય, આસ્તિકતાના આદર્શોને ભૂલી

કેવલ નાસ્તિકવાદનો છડે ચોક પ્રચાર થતો હોય, તે કાલે નૈતિકતાના પ્રચારક, આદર્શમાં માનનાર પત્રકારોની નિર્ભીકપણે એ ફરજ છે કે, આ વિનાશક જુવાળને 'રૂકજાવ, હટ જાવ' નો સંદેશ સૂણાવવો જ રહ્યો !

'કલ્યાણ' આમ કરવામાં પોતાની ફરજ સમજે છે. કર્તવ્ય સમજે છે; ને સમાજમાં યાવત્ દેશભરમાં આધ્યાત્મિકતત્ત્વોનું મૂલ્ય વધે, તેના પ્રત્યે સર્વ કોઈ વિચારકોનાં હૈયામાં શ્રદ્ધા પ્રગટે, સ્થિર થાય, તે માટે તે પોતાના છેલ્લા શ્વાસ સુધી મથશે, એ નિઃશંક છે. જૈનસિદ્ધાંતોની સેવા તેનું વ્રત છે, જૈન દર્શનના મૌલિક તત્ત્વોનો પ્રચાર એ તેની ક્રીડ છે. છે તે માટે તે અવિરત પ્રયત્નશીલ છે અને રહેશે. તે કારણે તેને દેશમાં વર્તમાન કાલે સત્તાનાં સૂત્રો સંભાળતી પ્રજાકીય કોંગ્રેસ સરકારની પણ ટીકા તે પણ ન્યાયી, ડંખ વિનાની છતાં નિર્ભયપણે કરવાની કડવી ફરજ બજાવવી પડે છે. જ્યાં જ્યાં કેવલ શરીર ને શરીરની મમતા અને મોહને પંપાળનારાં સાધનોનોજ પ્રચાર વધતો હશે, ત્યાં ત્યાં તેની સામે આત્મા અને આત્માના પ્રાણવાન તત્ત્વોનો પ્રચાર જોરશોરથી કરવા 'કલ્યાણ' જાગતું રહેશે.

અઢારમા વર્ષના મંગલ પ્રભાતે 'કલ્યાણ' તેના વાચકોને, શુભેચ્છકોને, તેના સહાયકોને, પ્રચારકોને તથા તેના પ્રત્યે મમતા તેમજ આત્મીયભાવ રાખનારા સર્વકોઈ સહૃદય શુભાકાંક્ષી વર્ગને ફરી ફરી વિનમ્ર નિવેદન કરે છે કે, 'કલ્યાણ' ની પ્રગતિમાં આપ અત્યાર સુધી જે રસ, ઉત્સાહ તથા સહકાર ધરાવી રહ્યા છો. તેજ રીતે તેના પ્રચારમાં અને પ્રગતિમાં રસ ધરાવતા રહેશો. અમારી ક્ષતિઓ કે સ્ખલનાઓને મમતા ભાવે જણાવશો ને 'કલ્યાણ' નો ગ્રાહક વર્ગ વધે, તેના વાચકો વધે તે માટે આપ સહુ સક્રિય કરવા સજ્જ રહેશો.'

શાસનદેવ પ્રત્યે અમારી એ પ્રાર્થના છે કે 'કલ્યાણ' વધુ ને વધુ પ્રગતિના પંથે આગેકદમ કરે, ને વિશ્વના સર્વકોઈ આત્માઓનું શિવ, મંગલ તથા શ્રેય કરવાના તેના મનોરથો ફળે તેવું સામર્થ્ય અમને પ્રાપ્ત થાઓ, સર્વકોઇ પરહિતમાં તત્પર બનો ! જગતમાં સર્વ કોઈ દોષમુકત બની શાશ્વત સુખના સ્વામી બનો ! આ 'કલ્યાણ' ની મનોકામના ફળો !

પ્રાંતે જિનાજ્ઞાવિરૂદ્ધ જે કાંઇ 'કલ્યાણ' માં પ્રમાદવશ કે અજ્ઞાનતાના કારણે પ્રગટ થયું હોય તે સર્વનો 'મિચ્છામિ દુક્કડ'' દેવા પૂર્વક 'કલ્યાણ'ના સર્વ શુભેચ્છકોની શુભ કામના વ્યક્ત કરતાં અમે વિરમીએ છીએ ! તા. ૧-૩-૬૧

વર્ષ : ૧૮ ○ અંક : ૧

# કલ્યાણ

ચૈત્ર : ○ ૨૦૧૭

# ઘરની આગ !

વૈદ્યરાજ
શ્રી મોહનલાલ ધામી

આપણે ત્યાં પ્રાચીનકાળથી કોઇપણ પ્રસંગને અનુરૂપ અને પ્રેરક કથાઓ દૃષ્ટાંતરૂપે કહેવાતી આવે છે. આપણી લોકભાષામાં આવી કથાઓને ઓઠાં પણ કહે છે અને ઘણીવાર આવાં ઓઠાંઓ કિંમતી વાત મૂકી જતાં હોય છે.

આવાં ઓઠાંઓ માફક આપણે ત્યાં કહેવતો પણ ખૂબ જ પ્રચલિત છે. ખરી રીતે આ કહેવતો સુભાષિતોનો જ એક પર્યાય હોય છે.

આજની આપણા દેશની પરિસ્થિતિનો વિચાર કરતાં મને એક ઓઠું યાદ આવે છે:–

એક નાનું ગામડું હતું. એ ગામડામાં એક પંડિત બ્રાહ્મણ રહે. બ્રાહ્મણ તો વયોવૃદ્ધ હતો, અને ગામડાંના માણસોને ક્રિયાકર્મ કરાવતો. એમાં એને પોષણ રૂપ મળી જતું. ગામમાં કોઈ બીજો વિદ્વાન હતો નહિં એટલે સહુ આ બ્રાહ્મણને જ પંડિત બાપા કહીને બોલાવતા. ઘણીવાર ઉજ્જડ વનમાં એરંડો પ્રધાન એવું બની જતું હોય છે.

એકવાર ગામના છેડે આવેલી ખળાવાડમાં કંઈક ભડકો થયો...આગ લાગી.

અને એ વખતે બ્રાહ્મણની અસાવધાનીના પરિણામે કે ગમે તે કારણે બ્રાહ્મણના ઘરમાં પણ આગે દેખાવ દીધો.

પરંતુ ગોકિરો ખળાવાડની આગનો થતો હતો. લોકો રાડારીડ કરી રહ્યા હતા.

બ્રાહ્મણે પણ જોયું ઘરમાં આગ લાગી છે. પરંતુ તેય બહાર નીકળ્યો અને લોકોને કહેવા લાગ્યો: "અલ્યા, ગોકિરો શું કરો છો ? ચાલો હું આગળ આવું છું. ખળાવાડની આગને ઠારવાનો પુરુષાર્થ કરવો જોઇએ."

અને એ બ્રાહ્મણના ઘરમાંથી પણ ધૂમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હતા અને બહારની આગ ઠારવા માટે બ્રાહ્મણ તૈયાર થયો હતો.

ઘરની આગ ઠારવી નથી ને પારકી આગ ઠારવા શકિત ખર્ચવી છે. અને ખળાવાડની આગ તો સામાન્ય નુકશાન કરે તેવી હતી. પણ આ આગથી તો પડોશના પાંચ સાત મકાનો ઝડપાઈ જાય તેમ હતાં. જાનમાલની ખુવારી થાય તેમ હતી.

ગામના એક વૃદ્ધ પટેલે બ્રાહ્મણના ઘરની આગ તરફ જોયું અને કહ્યું: "પંડિત બાપા, આ તમારૂં સળગે છે એને તો પહેલા ઠારો. પછી પારકી પંચાત કરો. આ નહિં ઠારો તો પડોશનાં ઘર પણ સળગી ઉઠશે અને જાનમાલની ખુવારી થશે."

લોકોએ વૃધ્ધ પટેલની વાત તરફ ધ્યાન આપ્યું,

છતાં પંડિત બોલતો હતો "દોડો દોડો ને ખળાવાડયે પુગો. જુવો તો ખરા અહીં સુધી ભડકા દેખાય છે."

વૃદ્ધ પટેલે કહ્યું: "પંડિતબાપા, એ ભડકા તો તમારા ઘરના દેખાય છે જરા નજર કરતાં તો શીખો."

ગામ લોકોએ પંડિતના ઘરની આગ ઠારવાનો પ્રયત્ન શરૂ કર્યો.

આપણામાં કહેવાય છે કે પગ નીચેની આગ સામે નજર થતી નથી અને પારકાની આગ ઠારવા દોડવું છે.

આપણા દેશના પક્ષો અને આગેવાનોની આવી જ દશા છે એમ શું નથી જોઈ શકાતું ?

કોંગોમાં લુમુમ્બાનું ખૂન થયું અને એના અંગે સભાઓ, ઠરાવો, દેખાવો, ભાષણો વગેરે અહીં થવા માંડયા.

પરંતુ અહીં લાખોની બેકારીનો પ્રશ્ન છે એની કોઈને પડી નથી....! જનતાને ચોકખું દૂધ મળતું નથી, પુરતું અનાજ મળતું નથી, શુધ્ધ ઘી મળતું નથી, આરોગ્ય સચવાઈ રહે એવી કોઇ આશા મળતી નથી, મોંઘવારીનો રાક્ષસ ઉત્તરોત્તર વિરાટ બનતો જાય છે, જનતા પર અવનવા ત્રિવિધ કરભારણો વધતાં જાય છે, જનતાના પાયાના પ્રશ્નો એમને એમ અટવાયેલા પડયા છે....! અને આ બધા કરતાં યે વધારે ભયંકર આગ તો એ લાગી છે કે જનતાનું નૈતિક બળ તુટતું જાય છે. લોકોમાં રહેલા નીતિમત્તાના સંસ્કારો સળગવા માંડયા છે....!

અનીતિ, અન્યાય, ખૂન, ચોરી, રૂશ્વતખોરી, બળાત્કાર, લુંટ, ધાડ, ગુંડાગીરી, વિલાસ–પ્રિયતા, અધર્માચરણ વગેરે પ્રજા જીવનને પાયામાંથી પાંગળાં બનાવનારાં કુતત્ત્વો ફાલી પુલી રહ્યાં છે.

જે જનતા પર આવતી કાલે આઝાદીના સંરક્ષણનો ભાર મૂકાવાનો છે તે જનતા જો આવી આગમાં બળતી જ રહેશે તો એનું પરિણામ શું આવશે ?

આ વિચારની કોઈને જાણ્યે પડી નથી. સહુ પોતપોતાના તરંગોમાં જ દેશનું કલ્યાણ જોઈ રહ્યા છે..

અને બહારની આગ ઠારવા માટે જેટલી તાલાવેલી આજે દેખાય છે એના સોમા ભાગની યે તમન્ના ઘરની આગ ઠારવા માટે જાણ્યે કયાંય પડી નથી.

આજે દેશ સાવ હીન બની ગયો છે. પક્ષ વિરાટ ગણાય છે. અને પક્ષ કરતાં ય પક્ષના આગેવાનો વધારે વિરાટ બનાવાતા હોય છે.

આપણી પોતાની આ નબળાઇ સામે જો આપણે જરાયે દષ્ટિ નહિં રાખીએ તો આ નબળાઈ આપણાજ સર્વનાશની એક ભઠ્ઠી બની જશે....

ભારત બહાર આપણી આબરૂ સુવર્ણની હોય એ ઉત્તમ છે. પણ ઘરમાં તો આપણું સ્થાન રત્ન સમાન જ હોવું ઘટે.

# સાભાર સ્વીકાર

**(૧) શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર-સૂત્રાર્થ અને સાર બોધિની સાથે:** શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ. પ્રકા૦ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા. મૂ. રૂા. ૭ ક્રો. ૮ પેજી ૧૨+૪૭૨-૧૬-૫૦૦ પેજ; પાકું સળંગ કલોથનું બાઈન્ડીંગ.

પૂ. પાદ પૂર્વધર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ વિરચિત શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર જૈન શાસનમાં સર્વમાન્ય તથા વ્યાપક ગ્રંથરત્ન છે. ટુંકમાં જૈનદર્શનનું સર્વસ્વ એમાં સમાયેલ છે ત ગ્રંથ પર સ્વોપજ્ઞ ભાષ્ય છે; જે પ્રસ્તુત ગ્રંથના હાર્દરહસ્યને સમજાવવામાં ખૂબજ ઉપકારક છે. સભાષ્ય તત્વાર્થ સૂત્ર પર ગુજરાતી ભાષામાં પં. શ્રી પ્રભુદાસભાઇએ સૂત્રાર્થ સાથે વિશદ વિવેચનપૂર્વક સાર બોધિની વ્યાખ્યા લખી છે, જે સર્વજનોપયોગી લોકભોગ્ય તેમજ વિદ્વદ્ભોગ્ય છે. વર્તમાનકાલીન અનેક પ્રશ્નોની મીમાંસા આ ગ્રંથમા રજુ થઈ છે. મૂલ ગ્રંથના આઠ અધ્યાયો પર અનેક રીતે સ્પષ્ટીકરણ આ પ્રથમ ભાગમાં પ્રસિદ્ધ થયેલ છે. દ્રવ્યનું સ્વરૂપ, દેવ, નારક તથા માનવોના સ્વરૂપની વિચારણા ઈત્યાદિ લોકના અનેકાનેક પદાર્થોનું તાત્વિક તથા સૂક્ષ્મ છણાવટપૂર્વકનું વિવેચન આ ગ્રંથમાંથી આપણુને મલી રહે છે. એકંદરે આ પ્રકાશન ખૂબજ ઉપકારક તથા માર્ગદર્શન છે. જૈનદર્શનની વૈજ્ઞાનિક શૈલીને સમજવા માટે આ ગ્રંથ અનેક રીતે ઉપયોગી છે. શ્રી પ્રભુદાસભાઈનો પરિશ્રમ અભિનંદનને પાત્ર છે. સંસ્થાએ આવી કાગળ-છાપકામ ઈત્યાદિની મોંઘવારીના સમયમાં પણ આવું દળદાર ઉપયોગી પ્રકાશન પ્રસિદ્ધ કરી સમાજના તે વિષયના જિજ્ઞાસુ અભ્યાસકો માટે જે અનુકુલતા કરી આપી છે, તે ખૂબ જ ઉત્તમ કાર્ય કર્યું છે.

**(૨) શ્રી નમસ્કાર મહામંત્રનું દર્શન:** લે૦ શા કાંતિલાલ મોહનલાલ પારેખ પ્ર૦ શ્રી સિદ્ધ મેઘ-ધર્મ સંગ્રહ સાહિત્ય પ્ર૦ સમિતિ જૈન વિદ્યાશાળા, અમદાવાદ મૂ. ન. પૈ. ૬૫ ક્રો. ૧૬ પેજી ૧૬+૯૮-૧૧૪ પેજ.

જૈન શાસનના સર્વ સ્વરૂપ શ્રી પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્રની સાધનાને ઉપયોગી તથા મહામંત્રના સાધકોને માર્ગદર્શન રૂપ સાત્વિક તથા તત્ત્વરૂપ સાહિત્ય આ પ્રકાશનમાં પત્રાત્મક શૈલીયે લેખકે સંયોજિત કર્યું છે. ૧૨ પ્રકરણોમાં શ્રી નવકાર મહામંત્રનો મહિમા, સ્વરૂપ તથા તેની સાધનાનું મહત્વ તથા સાધક આત્મામાં મહામંત્ર પ્રત્યેનો સમર્પણ ભાવ જાગ્રત થાય તેને અંગેનું સુંદર શૈલીમાં અહિં આલેખન થયેલું છે. શ્રી નવકાર મંત્રનાં રહસ્યને જાણવા-સમજવા માટે આ પ્રકાશન ઉપયોગી છે. લેખકનો પરિશ્રમ સ્તુત્ય છે.

**(૩) સ્તુતિ તરંગિણી ભાગ-૨ તરંગ: ૧૧થી ૨૫:** સંપા. સંશો. પૂ. મુનિરાજશ્રી નેમવિજયજી મહારાજ પ્રકા. શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈનગ્રંથમાલા છાણી (જી. વડોદરા) મૂ. રૂા ૪) ક્રો. ૧૬ પેજી ૫૮+૪૦૮-૪૬૬ પેજ પાકું સળંગ છીંટનું મજબુત બાઈન્ડીંગ:

પ્રાચીન-અર્વાચીન અનેકાનેક મુદ્રિત અમુદ્રિત સ્તુતિઓ ગુર્જર તથા સંસ્કૃત ભાષામાં ગુંથાયેલી અહિં પ્રસિદ્ધ થયેલ છે. સ્તુતિ સંગ્રહનો પ્રથમ ભાગ આજથી પાંચ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયેલ. તેના અનુસંધાનમાં આ બીજો ભાગ પ્રસિદ્ધ થાય છે, જૈન શ્વે. મૂ. પૂજક સમાજમાં પૂર્વકાલીન મહાપુરુષોએ જે સ્તુતિ સાહિત્ય રચેલ છે, તેનો સર્વદેશીય સંગ્રહ પ્રગટ કરવાની પૂ. સંપાદક મહારાજશ્રીની અભિલાષા છે. અગીયાર-અગીયાર વર્ષથી તેઓ આ પ્રકારના સાહિત્યને એકત્રિત કરવાનો ભગીરથ પુરૂષાર્થ કરી રહ્યા છે. પરિણામે સ્તુતિતરંગિણીના ભા-૧-૨ પ્રસિદ્ધ થયા છે. બન્ને ભાગો મલીને કુલ લગભગ ૧૯૦૦ સ્તુતિઓના જોડાઓનો અપૂર્વ સંગ્રહ છે. જેમાં પ્રથમ ભાગમાં ૧૧૫૦ સ્તુતિઓનો સંગ્રહ પ્રસિદ્ધ થયેલ, અને આ દ્વિતીય ભાગમાં ૭૫૦ સ્તુતિઓના જોડાઓ પ્રસિદ્ધ થયેલ છે. જેમાં ગુજરાતી સાહિત્ય લગભગ ૬૦૦ અને સંસ્કૃત સાહિત્યની લગભગ ૧૫૦ સ્તુતિઓનો સમાવેશ થયેલ છે. એકંદરે સ્તુતિવિષયક સાહિત્યનો સર્વ સંગ્રહ આ બે ભાગોમાં પ્રસિદ્ધ થયો છે. હજુ સંપાદક પૂ. મહારાજશ્રી ત્રીજો ભાગ પ્રસિદ્ધ કરવાની અભિલાષા રાખે છે પ્રથમ ભાગમાં ૧થી ૧૦ તરંગો પ્રસિદ્ધ થયેલ છે. આ ભાગમાં જ્યારે ૧૧થી ૨૫ તરંગો પ્રસિદ્ધ થયેલ છે. પૂ. મહારાજશ્રીનો પરિશ્રમ સર્વરીતે પ્રશંસનીય છે. ખંત, લાગણી તથા ધગશ વિના આ રીતે જુદા-જુદા સ્થાનોમાં જળવાઇ રહેલ પ્રાચીન પ્રતિઓને પ્રાપ્ત કરી આવો સર્વસંગ્રહ પ્રસિદ્ધ કરવો કઈ રીતે શકય બને ? પાકુ સળંગ કલોથ બાઈન્ડિંગ તથા શુદ્ધ, સ્વચ્છ છાપકામ ઇત્યાદિથી પુસ્તક સર્વરીતે ઉપયોગી બનેલ છે.

**(૩) આત્મતત્ત્વવિચાર ભા-૧: વ્યા.** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મ. સં. પૂ. પંન્યાસજી મ. શ્રી કીર્તિવિજયજી ગણિવર પ્રકા. શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વર જૈન જ્ઞાન મંદિર ૬ એશ લેન, દાદર મુંબઇ ૨૮. ક્રા. ૧૬ પેજી ૧૬+૪૯૪-૫૧૦: પાકું સળંગ કલોથનું બાઇન્ડીગ.

પૂ. પાદ આચાર્યદેવશ્રીએ મુંબઇ ખાતે આત્મા, કર્મ તથા ધર્મતત્ત્વ ઉપર જે મનનીય તથા મૌલિક પ્રવચનો આપેલાં તેનો સુંદર સંગ્રહ અહિં પ્રસિદ્ધ થયો છે. આ પ્રથમ ભાગમાં બે ખંડમાં ૨૩ પ્રવચનો પ્રસિધ્ધ થયા છે. આ ૨૩ પ્રવચનોમાં આત્મ દ્રવ્ય તથા કર્મના સિદ્ધાંતનું મૌલિક તેમજ સુવિસ્તૃત સ્વરૂપ સ્પષ્ટપણે દર્શાવાયું છે. અનેક પ્રાસંગિક દૃષ્ટાંતો, યુકિતઓ તથા વર્તમાનકાલીન ઉદાહરણો દ્વારા આ પ્રવચનો રસપૂર્ણ તેમજ ચિંતન-મનન સભર બન્યા છે. સફેદ કાગળોપર સ્વચ્છ છાપકામ તથા દ્વિરંગી જેકેટથી પુસ્તક આકર્ષક બન્યું છે. સંગ્રાહક પૂ. પંન્યાસજી મ. શ્રીનો પરિશ્રમ સ્તુત્ય છે. સંપાદકનો પ્રયાસ અવશ્ય આવકારપાત્ર છે. જૈનદર્શનના આત્મા તથા કર્મના સિદ્ધાંતને લોકભોગ્ય શૈલીયે સમજવા માટે પ્રસ્તુત પુસ્તક સંગ્રાહ્ય છે. જૈન-જૈનેતર વર્ગને માર્ગદર્શક તથા ઉપકારક છે.

**(૪) ગુજરાતી સુભાષિત સૂકત સંગ્રહ ભા. ૧: સંયો. અને સંપા. પૂ.** પંન્યાસજી મહારાજશ્રી ચરણવિજયજી ગણિવર મૂ. ૩ રૂ. ક્રા. ૧૬ પેજી ૪+૧૬+૨૬૮=૨૮૮.

લેખક પૂ. પંન્યાસજી મહારાજ શ્રીએ લોકભોગ્ય શૈલીમાં ૧૧૩ વિષયો પર લગભગ ૨૦૦૦ જેટલા ગુર્જર કાવ્યો રચ્યા છે. વિષયો એક પછી એક અનેક રીતે ઉપયોગી છે ભાષા સર્વ કોઈને સમજાય તેવી સરલ અને સ્પષ્ટ છે. કાવ્યનો પ્રાણ જે રસ તથા બોધ કહેવાય તે આ કાવ્યોમાં જળવાઇ રહેલ છે. ધાર્મિક તેમજ નૈતિક દૃષ્ટિયે આ બધાં કાવ્યો ઉપયોગી છે. આ સૂકત સંગ્રહ વાંચનાર વર્ગને બોધપ્રદ અને માર્ગદર્શક છે. વિસ્તારને સક્ષેપમાં સમજાવવા

માટે સૂત્રાત્મક પદ્ધતિ હોય તે રીતે આ કાવ્ય ની શૈલી છે. કાવ્યો ગેય તથા મનોરંજક છે. પૂ. પંન્યાસજી મહારાજશ્રીનો પ્રયત્ન પ્રશંસનીય છે.

(૬) **ધર્મચક્ર:** (માસિક) સંપા. શ્રી મફતલાલ સંઘવી રીસાલા બજાર. ડીસા. જી. બનાસકાંઠા. વા. લ. રૂા. પાંચ.

શ્રી નમસ્કાર મહામંત્રના આરાધકોનાં હૈયામાં તે મહામંત્ર પ્રત્યેની શ્રદ્ધા, નિષ્ઠા તથા સદ્‌ભાવના જાગૃત રહે અને સમર્પણભાવ અખંડ બની રહે તેજ એક શુભ કામનાથી મુખ્યત્વે આ માસિકનો જન્મ થયો છે. આરાધક આત્માઓને માર્ગદર્શક બને તેવું મનન-ચિંતનસભર વિવિધ વિષયસ્પર્શી સાહિત્ય આ માસિકના પ્રગટ થયેલા ૩ અંકો જોતાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે, એમ કહી શકાય. સંપાદન સુંદર છે. લેખો મનનીય છે. દર મહિને ક્રા. ૮પેજી ૪ ફરમાઓમાં સુઘડ છાપકામ અને સ્વચ્છ કાગળોમાં માસિક આકર્ષક છે. પરમેષ્ઠિ મહામંત્રની સાધનાને ઉપકારક તથા જૈનદર્શનની આરાધનાને માર્ગ-દર્શક ચિંતન પ્રધાન આ માસિકને અમે આવકારીએ છીએ ને તેની સફરને સફલ ઈચ્છીએ છીએ!

(૭) **અધ્યાત્મગીતા: રચયિતા:** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. પ્રકા. શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ મુંબઈ મૂ. ૧-૪-૦ ક્રા. ૧૬ પેજી ૮+૧૬૮-૧૭૬ પેજ.

પૂ. આચાર્ય મહારાજશ્રીએ અધ્યાત્મદૃષ્ટિને પ્રાધાન્ય આપીને આત્માને અનુશાસન રૂપ તથા સંસારના પદાર્થોનું યથાર્થ સ્વરૂપ વર્ણવવા દ્વારા આત્માને આત્મ તત્ત્વમાં સ્થિર કરવા માટે પ્રેરક જે પાંચસો ઉપરાંત શ્લોકોમાં સદુપદેશ આ ગ્રંથમાં ગુંથ્યો છે, તેનો સરલ ગુર્જરાનુવાદ તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. આચાર્યદેવશ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજે કરેલ અહિં પ્રસિદ્ધ થયો છે. મૂલના ભાવને ટુંકમાં સ્પષ્ટ કરતો આ અનુવાદ ઉપકારક છે. મૂલ તથા ભાષાંતર સહિત આ પ્રકાશન પ્રસિદ્ધ થયેલ છે. વૈરાગ્ય ભાવનાને દૃઢ કરવા દ્વારા સમ્યગ્જ્ઞાનમાં આત્માને સ્થિર કરવા માટે પ્રસ્તુત પ્રકાશન ઉપયોગી છે.

(૮) **અમરસાધના:** લે. શ્રી અમરચંદ માવજી શાહ પ્રકા. હરિલાલ દેવચંદ શેઠ ઠે. આનંદ પ્રી. પ્રેસ ભાવનગર ક્રા. ૧૬ પેજી ૧૬+૮૦-૯૬ પેજ:

લેખકને વાંચન-મનન તથા આત્મમંથનના પરિણામે જે સ્વયંસ્ફુરણ થયેલ, તે લેખકે ગદ્ય તથા પદ્યરૂપે અહિં આલેખેલ છે. પ્રસ્તુત પુસ્તિકામાં સાધનાની ભૂમિકા તથા અમરસાધનાનું ગદ્યલખાણ મનનીય તથા અંતર્મુખ બનવા માટે ઉપકારક છે. વ્યવહાર તથા નિશ્ચય બન્ને દૃષ્ટિને સામે રાખીને લખાયેલા આ સુવાકયો આત્માનું સ્વરૂપ સમજવા માટે ઉપયોગી છે. પદ્ય વિભાગમાં નૈતિક વિષયોને ઉદ્‌બોધક કવાલીઓ અને ભક્તિગર્ભિત સ્તવનો પ્રસિદ્ધ થયલ છે.

(૯) **સંગીત સુરલતા પ્રકા.** શ્રી જૈન-સંઘ મુ. કડી (વાયા કલોલ) સંપા. મણીયાર સેવંતિલાલ નાથાલાલ ક્રા. ૧૬ પેજી ૮+૯૨-૧૦૦ પેજ;

પ્રાચીન તથા નવા રાગનાં સરલ સ્તવનો અને વિવિધ ગંહુલિઓ, ગીતો તથા ગરબાઓનો ઉપયોગી સંગ્રહ અહિં પ્રસિદ્ધ થયો છે આ પુસ્તિકામાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓના રચયિતા પૂ. પંન્યાસજી મહારાજશ્રી પદ્મવિજયજી ગણિવર-છે; જેઓશ્રી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય-લબ્ધિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય છે. પૂ. મહારાજશ્રીનો પ્રયત્ન બાલ જીવોને ઉપકારક છે. કૃતિઓ બોધક તથા સુગેય છે.

(૧૦) **શાંતિગીત:** લે. શ્રી પ્રિયદર્શન મૂ. ૨૫ ન. પૈ. પ્રકા. વિશ્વકલ્યાણ પ્રકાશન; મંત્રી તેજપાલ ટી. શાહ ચાણસ્મા [ઉ. ગુજરાત]

વર્તમાન અવસર્પિણી કાલના ૧૬મા તીર્થંકર ભગવાનશ્રી શાંતિનાથ સ્વામીનાં પાંચ કલ્યાણકોને અનુલક્ષીને ભાવવાહી ૧૮ ગીતો ક્રા. ૧૬ પેજીના ૨૮ પેજમાં અહિ પ્રસિદ્ધ થયાં છે. ભાષા મધુર તથા ગંભીર છે. પ્રભુભકિત ગીતો તરીકે આ ગીતો સુગેય અને સુમધુર છે. શૈલી શાંત અને સરળ છે.

(૧૦) श्री जिनगुण भक्ति रसशृंगार-(દ્વિતીયાવૃત્તિ) પ્રકા૦ શ્રી જૈન સુશીલ મંડળ મું હિંગણઘાટ મૂ. ૩૦ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૬+૩૬-૪૨ પેજ.

મુખ્યત્વે હિંદી ભાષામાં બાલબોધ ટાઇપોમાં વિવિધ પ્રકારના ભકિતગર્ભિત સ્તવનોનો સંગ્રહ અહિં પ્રસિદ્ધ થયેલ છે. સંપાદકનો પરિશ્રમ સ્તુત્ય છે. સ્તવનો અર્વાચીન શૈલીનાં છે, પાછળ પ્રાચીન સ્તવનો પણ સંગૃહીત કરેલા છે. ચૈત્યવંદન તથા ગુરૂવંદનની વિધિ પણ મૂકેલ છે.

(૧૧) छन्दोऽमृतरस (गुर्जर भाषानुवादोपेतः) કર્તા-સંપાદકઃ પૂ. મુનિરાજશ્રી જિનેંદ્રવિજયજી મ. પ્રકા૦ શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા મુ. લાખાબાવળ (જામનગર) મૂ. ૫૦ ન. પૈ.

છંદ શાસ્ત્રનાં જ્ઞાન માટે તે તે છંદોના લક્ષણો દર્શાવતાં તે તે છંદોમાં રચાયેલ શ્લોકો દ્વારા છંદ શાસ્ત્રના જ્ઞાતા માટે ઉપયોગી આ પ્રકાશન છંદ શાસ્ત્રના પ્રવેશકરૂપ અને ઉપયોગી છે. શ્લોકો મુખપાઠ થઈ શકે તેવા સરલ છે, તે પાઠ કરતાં જ છંદોનું જ્ઞાન થઈ શકે તેવી બાલભોગ્ય શૈલી છે. મૂલ તથા ભાષાંતર સહિત આ પ્રકાશન પ્રસિદ્ધ થયેલ છે. ૫૩ શ્લોકોમાં ૫૩ છંદો પ્રસિદ્ધ થયેલ છે.

(૧૨) श्री यतीन्द्रप्रवचनामृतः પ્રકા. શ્રી રાજેન્દ્ર પ્રવચન કાર્યાલય મુ. ખુડાલા [રાજસ્થાન] મૂ. ૫૦ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૪+૧૦૦-૧૦૪ પેજ.

ભિન્ન ભિન્ન વિષયોને સ્પર્શીને હિંદી ભાષામાં મનનીય સદ્બોધ વચનો અહિં પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયતીર્થંદ્રસૂરીશ્વરજીએ સંકલિત કરેલ છે. નૈતિક ધાર્મિક બન્ને દૃષ્ટિએ ઉપયોગી બાલભોગ્ય હિંદી ભાષામાં આ પ્રકાશનના વિષયો સંકલિત થયેલ છે. જે સર્વજનગ્રાહ્ય તથા બોધપ્રદ છે.

(૧૩) देवसिअ राइय प्रतिक्रमण सूत्रो (હીંદી ભાવાર્થ વિધિસહિત) સંપા. પૂ. મુનિરાજ શ્રી શ્રેયાસચંદ્રવિજયજી તથા પૂ. મુનિરાજ શ્રી જગતચંદ્રવિજયજી પ્રકા. શ્રી આદિનાથ શ્વે. જૈનમંદિર ચિકપેટ, બેંગલોર ૨ મૂ. ૫૦ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૮+૧૦૦ ૧૦૮ પેજ.

બે પ્રતિક્રમણના સૂત્રો તથા હીંદીભાવાર્થ અને વિધિસહિત પ્રસ્તુત પ્રકાશન પ્રસિદ્ધ થયેલ છે. જે હિંદીભાષી જનતાને ઉપયોગી છે.

[૧૪] સચિત્ર વિધિ સહિત પૌષધવિધિ સંપા. પૂ. મુનિરાજશ્રી કાંતિસાગરજી મ. પ્રકા શ્રી કાંતિદર્શન જ્ઞાનમંદિર નાગોર [રાજસ્થાન] ક્રા. ૧૬ પેજી ૪+૧૨+૧૧૨-૧૨૮ પેજ.

પૌષધવિધિ તથા સામાયિકસૂત્રો, સ્તવનો અને અનેક તપોનીવિધિ અહિં પ્રસિદ્ધ થઈ છે.

(૧૫) मोहनसंजीवनी-લે૦ શ્રી રૂપચંદજી ભણશાલી સંપા૦ પૂ. પંન્યાસજી મ. શ્રી બુદ્ધિસાગરજી ગણિવર પ્રકા૦ શ્રી જિનદત્તસૂરિજી જ્ઞાનભંડાર પાયધુની, મુંબઈ-૩

પૂ. મુનિરાજશ્રી મોહનલાલ મહારાજનું જીવનચરિત્ર હીંદી ભાષામાં અહિં પ્રસિદ્ધ થયેલ છે. ક્રા. ૧૬ પેજી ૮+૭૨-પેજ.

(૧૬) रत्नप्रभा-અનુ૦ ઉપર મુજબઃ પ્રકા૦ ઉપર મુજબઃ ક્રા. ૧૬ પેજી ૮+૧૨૪-૧૩૨ પેજ.

ખરતર ગચ્છીય પૂ. આચાર્ય મહારાજશ્રી જિનરત્નસૂરિજી મહારાજનું જીવનચરિત્ર સંસ્કૃત

# નવનીત

—સં. 'પ્રિયમિત્ર'

-ધૈર્ય-

એક સદ્‌ગૃહસ્થ હતા. તેમની સ્ત્રી ભારે કૃપણ હતી. એનાં દ્વારે જે કોઇ ભિક્ષા માંગવા આવે તેને તે ગાળો આપી રવાના કરી દેતી. એક દિવસ એક સાધુ મહાત્મા એને ત્યાં ભિક્ષા માટે જઇ ચઢયા. કૃપણાએ મહાત્માને પણ ગાળોથી વિદાય આપી. મહાત્મા દીન કે ઉદાસ ન થયા, પોતાના માનાપમાનનો વિચાર ન કર્યો. તેમણે સમતાની સાધનાદ્વારા સાચી સાધુતાનો સ્વાદ ચાખ્યો હતો.

મહાત્મા ભિક્ષા માટે ફરતાં કોઇ કોઇવાર અચાનક કૃપણાને ત્યાં પહોંચી જતા અને ગાળો ખાઇને પાછા ફરતા.

એક દિવસ મહાત્મા આવ્યા. સ્ત્રી ખૂબ ખીજાઈ ગઈ એણે મુઠીભર ધૂળ લઈ મહાત્માની ઝોળીમાં નાખી અને આત્મસંતોષ અનુભવ્યો.

આજે મહાત્મા અત્યંત પ્રસન્ન થયા અને પાછા વળ્યા; પણ આ ઘટના જોઇને લોકોને ભારે આશ્ચર્ય લાગ્યું.

લોકોએ પૂછયું; 'મહારાજ! એણે તમારી ઝોળીમાં ધુળ નાખી પહેલીની ભિક્ષાને પણ ખરાબ કરી છતાં તમે પ્રસન્ન છો?

મહાત્મા બોલ્યા, હા, ભાઈ! એ બધાને રોજ ગાળો આપી પાછા કાઢતી હતી આજે એણે મને મુઠીભર ધુળ આપી એથી મને ઘણો આનંદ થયો. એ આપતાં-દેતાં તો શિખી. આજે ધુળ આપી તો કાલે ભિક્ષા પણ આપશે.

લોકોએ સાધુની ધીરતા ઉપર ધન્યવાદ વરસાવ્યા.

---

ઉપરથી પૂ. પંન્યાસજી મહારાજે અનુવાદિત કરેલ, તેના પરથી શ્રી ફુલચંદ હરિચંદ દોશી પ્રયોજિત ગુજરાતી ચરિત્ર અહિં પ્રસિદ્ધ થયેલ છે.

**(૧૭) લબ્ધિજીવન પ્રકાશઃ** સંસ્કારિત લે. ધીરજલાલ ટોકરશી શાહ સં૦ ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી, ૧૨+૧૭૬-૧૮૮ પેજ.

ખરતર ગચ્છીય પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી લબ્ધિમુનિજી મ. નું જીવન ચરિત્ર ગુજરાતી ભાષામાં અહિં પ્રસિદ્ધ થયેલ છે. ઉપરોક્ત ત્રણેય જીવન ચરિત્રોનાં પ્રકાશનો સચિત્ર તથા સ્વચ્છ છાપકામ, અને સફેદ કાગળો વગેરેથી સમૃદ્ધ છે.

## રીપોર્ટો તથા સ્મારકગ્રન્થો

**[૧] કર્મવીર શેઠ દેવકરણ મૂળજી—** ચરિત્ર, બીલ, વહિવટ, વ્યવસ્થાઃ છપાવી પ્રસિધ્ધ કરનાર શેઠ દે. મૂ. જૈન સસ્તા ભાડાની ચાલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ મુંબઇ ક્રા. ૮ પેજી; શેઠ દેવકરણ મૂળજીનું જીવન ચરિત્ર તથા તેમણે કરેલી સખાવતો તેમજ તેની વ્યવસ્થાનો અહેવાલ.

**[૨] શ્રી રતનબેન રૂક્ષ્મણીબાઈ શ્રાવિકા આશ્રમઃ** મુંબઇ-૭ઃ સુવર્ણજયંતિ સ્મારક ગ્રંથ ક્રા. ૮ પેજી ૯૨ પેજ;

શ્રાવિકાશ્રમની સ્થાપના ૫૦ વર્ષ પૂરા થયે, તેનો અહેવાલ તથા તેને અંગેના અન્યાન્ય ઉપયોગી લેખોથી સમૃધ્ધ સચિત્ર સ્મારક પ્રકાશન

**[૩] શ્રી જૈન મહિલા સમાજ-મુંબઈ** સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રકાશન પ્રેમસૌરભ;

જૈન મહિલા સમાજ મુંબઈના સુવર્ણ મહોત્સવ પ્રસંગે બાળાઓએ ભજવેલ સ્વપ્નવાસવદત્ત'ના આધારે 'પ્રેમસૌરભ' અહિં પ્રસિધ્ધ થયેલ છે. તા. ૨૧-૧-૬૧.

## વસ્તુનું મૂલ્ય

એક સાધુએ એક રાજાનો ખજાનો જોવાની ઈચ્છા વ્યકત કરી. શ્રદ્ધાળુ રાજા સાધુને લઈને કોષાગારમાં ગયો. હીરા, પન્ના, માણેક, મોતી વગેરેનો જબ્બરદસ્ત સંગ્રહ જોઈને સાધુએ પૂછ્યું; 'આ પથ્થરોથી આપને શું આવક થાય છે?'

રાજાએ કહ્યું; 'મહારાજ! આવક તો કશી થતી નથી પણ એને સુરક્ષિત રાખવા માટે બરાબર વ્યય કરતા રહેવું પડે છે, પહેરગીર રાખવા પડે છે, કારણ કે આ બહુ મૂલ્યવાન રત્નો છે.'

સાધુએ કહ્યું; 'રાજન્ ! મારી સાથે ચાલો આના કરતાં ભારે કિંમતી પથ્થર હું તમને બતાવું.'

સાધુ રાજાને એક ઝુંપડીમાં લઈ ગયા એમાં એક વિધવા રહેતી હતી. એની ઝુંપડીમાં અનાજ પીસવાની પથ્થરની એક ઘંટી હતી. લોકોનું અનાજ પીસી આપીને વિધવા પેટ ભરતી હતી. સાધુએ ઘંટી સામે નજર કરી કહ્યું; 'રાજન્ ! તમારા એ ઉપયોગહીન વ્યર્થ પથ્થરો કરતાં આ પથ્થર બહુ કિંમતી છે આ વિધવાને આજીવિકાનો આધાર છે. જ્યારે તમારા ખજાનાના પથ્થરો ઉલ્ટો ખર્ચ વધારે છે.'

રાજાએ મસ્તક ઝુકાવ્યું. સાધુએ કહ્યું; 'રાજન્ વસ્તુનું મૂલ્ય માત્ર એની સુંદરતામાં કે સંગ્રહમાં નથી પણ એના સદુપયોગમાં છે!'

તે દિવસથી રાજા સંગ્રહશીલ મટી ઉદારતાનો પૂજારી બન્યો. નિસ્પૃહી સાધુના વચન રત્નોને રાજાએ હૃદય મંજુષામાં સંગ્રહી લીધા. અને કોષાગારમાં સંઘરેલા રત્નાદિથી દાન ધર્મ સાધ્યો.

## ભાગ્ય અને પુરુષાર્થ

એક રાજાના મંત્રીને ભાગ્ય ઉપર બહુ વિશ્વાસ હતો. રાજા પુરુષાર્થમાં માનનારો હતો.

રાજાએ મંત્રીને પૂછ્યું; 'શું ભાગ્ય જેવી કોઈ વસ્તુ છે?'

મંત્રીએ સહેજ ચીડાઈ જઇને પણ નમ્રતા પૂર્વક રાજાના કાનમાં કંઈક કહ્યું અને દૂર ખસી ગયો.

એ રાત્રીએ રાજમહેલના એક અંધારા ઓરડામાં બે ભૂખ્યા માણસોને પૂરવામાં આવ્યા. એક હતો ભાગ્યવાદી, બીજો હતો પુરુષાર્થપ્રેમી. ભાગ્યવાદી બેસનું ઓશીકું કરી એક ખૂણામાં નિરાંતે પોઢી ગયો.

બીજાને ભૂખ અસહ્ય બની. ભોજ્ય મેળવવાની મહેનત કરવા માંડી. ચોમેર ઘણી તપાસ કરી પણ કાંઈ મળ્યું નહિ. છેવટે નિરાશાનો નિસાસો નાખ્યો.

એવામાં અચાનક એક માટલું હાથ લાગ્યું. ઓરડામાં કાંઈ ચીજ ન રહી જાય તેની પૂરતી તકેદારી પૂર્વક ઓરડો ખાલી કરવામાં આવ્યો હતો છતાં આ માટલું કદાચ એના ભાગ્યે જ રહી ગયું હશે.

માટલામાંથી બે લાડવા નીકળ્યા. ભૂખ તો કકડીને લાગી જ હતી. એ તો એકદમ લાડવા ઉપર તૂટી પડયો. ખાતાં ખાતાં લાડવામાંથી કાંકરા જેવું કાંઇક નીકળ્યું એ પેલા સુતેલા ભાગ્યવાદી ઉપર નાખ્યું બીજા લાડવામાંથી પણ કાંકરા જેવું નીકળ્યું એ પણ પેલા તરફ ફેંક્યું.

પ્રભાત થયું ભાગ્યવાદી જાગ્યો. પાસે બે સોનામહોરો પડેલી જોઈ લઇને ખીસામાં મૂકી દીધી.

બન્ને કેદીઓને રાજા અને મંત્રી સમક્ષ હાજર કરવામાં આવ્યા.

રાજાએ ભાગ્યવાદીને પૂછ્યું; 'શું મળ્યુ?' ભાગ્યવાદીએ ચળકતી બે સોના મહોરો બતાવી

આ સોનામહોરો પુરુષાર્થ વાદીએ લાડવા ખાતાં ખાતાં કાંકરો સમજીને નાંખી હતી.

રાજાએ પુરૂષાર્થવાદીને પૂછયું; 'તને શું મળ્યું ?' એણે કહ્યું મહેનત કરતાં બે લાડવા મળ્યા, ખાધાં ભૂખ શમાવી.

ભાગ્યવાદી ભૂખ્યો હોવા છતાં એના મુખ ઉપર તેજી હતી. પુરૂષાર્થવાદીના મુખ ઉપર ગ્લાનિ દેખાતી હતી. અંધારામાં કાંકરા સમજીને સોનામહોરો ફગાવી દેવાની પોતાની ગફલતથી એ શોકાતુર બની ગયો. ભાગ્યના ભરોસે સૂતેલા પોતાના સહવાસીને વગર મહેનતે કિંમતી સોનામહોરો મળી એ એનાથી સહન ન થયું. એના મુખ ઉપર ઉદાસીનતા છવાઈ ગઈ. ભૂખનું દુઃખ ટાળી મેળવેલા એના આનંદને શોકાગ્નિએ ભરખી લીધો.

મંત્રીનું મુખકમળ વિજયશ્રીથી શોભી ઉઠયું. ત્યારે રાજાએ ક્રોધ-માનના મિશ્રઆવેશમાં આવીને કહ્યું; 'મંત્રીજી! મેં માન્યું કે ભાગ્ય જેવી વસ્તુ છે, પણ તે લાડવામાં છુપાયેલી સોનામહોરોની જેમ દુર્લભ છે. ભાગ્યના આધારે બેસી રહેવામાં બુદ્ધિમત્તા નથી.'

સોનામહોરવાળાનું ભાગ્ય લાડુવાળાના પુરૂષાર્થનું નિમિત્ત પામીને ફળ્યું. એ પણ ભૂલવા જેવું નથી. સોનામહોરો મળી છતાં ભૂખનું-દુઃખ કયાં ટળ્યું ? મંત્રીએ રાજાની વાત સ્વીકારી.

આ પ્રસંગ ઉપરથી રાજા અને મંત્રી બન્ને સમજી ગયા કે ભાગ્ય અને પુરૂષાર્થ પક્ષીની બે પાંખ જેવા છે બન્ને અનિવાર્ય છે.

એકવાર રાજા અને મંત્રીને કોઇ જ્ઞાની મલ્યા જ્ઞાનીએ ભાગ્ય અને પુરૂષાર્થ ઉપર સુંદર પ્રકાશ પાડયો.

જ્ઞાની બોલ્યા;—'વૈભવ કે વિલાસના સાધનો મેળવવા માટે પુરૂષાર્થ કરવાનું કોઇને કહેવું પડતું નથી. ભોગ ભૂખ્યા માનવો ભાગ્યનો વિચાર કરવા ય થોભતા નથી. પુરૂષાર્થની આંધળી દોટમાં દોડયે જાય છે; પણ ભાગ્ય સહારા વિનાનો પુરૂષાર્થ વ્યર્થ બની જાય છે. એ હકીકત અનુભવ વિના, વિવેક પ્રગટયા વિના કે સદ્બુદ્ધિ જાગ્યા વિના કયાંથી સમજાય ?

અજ્ઞાનની પણ બલિહારી છે કે એવા વાંઝીયા પુરૂષાર્થ માટે માણસનો ઉત્સાહ ટકયો રહે છે.

સંસારના વ્યવહારમાં ભાગ્યપ્રધાન અને પુરૂષાર્થ ગૌણ છે ત્યાં પુરૂષાર્થ ભાગ્યનું સર્જન કરવા માટે અસમર્થ છે. આત્મકલ્યાણની સાધનામાં ભાગ્યગૌણ અને પુરૂષાર્થ પ્રધાન. અહિં પુરૂષાર્થ ભાગ્યનું સર્જન કરવાનું સામર્થ્ય ધરાવે છે.

આત્મ કલ્યાણની વાતમાં ભાગ્યના ભરોસે નિષ્ક્રિય બનનારાઓને આ કથા પુરૂષાર્થની સજીવ પ્રેરણા આપે છે. આત્મકલ્યાણ માટે જાગેલું ભાગ્ય પુરૂષાર્થ વિના પાંગળું છે એની પ્રતીતિ કરાવે છે આ રીતે આ બોધક કથા આપણને ભાગ્ય અને પુરૂષાર્થના પ્રધાનગૌણ ભાવનો વિવેક સમજાવી જાય છે.

## નામ કાગળ પર લખેલું છે !

'ટપાલી મારો કાગળ છે ?'

'શું નામ છે?'

'એ તો કાગળ ઉપર જ લખેલું હશે.'

# ભક્તિનો મહિમા અને તેનું સ્વરૂપ

ભકિતનો મહિમા અને તેના સ્વરૂપ વિષે વિશદતાથી વિવેચન કરતો ઉંડાં અન્વેષણપૂર્વકનો આ લેખ અનેક પ્રકારે દષ્ટાંતો યુકત દલીલોપૂર્વક લખાયેલો છે. આ લેખ અમારા ઉપર ઘણા સમય પહેલાં 'કલ્યાણ' માં પ્રસિદ્ધ કરવા માટે આવેલો. જે આજે સંપાદિત થઇને અહિં પ્રસિદ્ધ થાય છે. આ લેખના લેખકનું નામ લેખના મથાળે નહિ હોવાથી અમે અહિં નામ પ્રસિદ્ધ કરી શકયા નથી. તો આ લેખના લેખક અમને પોતાનું નામ મોકલાવશે, તો આગામી અંકે તેને અવશ્ય અમે પ્રસિદ્ધ કરીશું. લેખકની શૈલી ગંભીર, અને ઉંડી તાત્વિક છે. ભકિતનાં સ્વરૂપને સમજવા માટે આ લેખ સર્વ કોઈએ વાંચી જવા જેવો છે.

⊙

## ભક્તિનું માધુર્ય

સંસારની આસકિત, વાસના કહેવાય છે અને પ્રભુની આસકિત ભકિત કહેવાય છે. ઇશ્વરપણાને આપણી તરફ ખેંચવાનો પ્રયત્ન તે ભકિત છે. ભકિતમાં ભકત, પોતાનાં અંતરમાં ભગવાનને શોધે છે. જ્યારે આત્મા સંસારના પદાર્થોમાં પોતાનો રાગાત્મક સંબંધ જોડે છે, ત્યારે તે રાગ આત્માને માટે પતનનું કારણ બને છે; કારણ કે તેમાં મોહ છે. મોહ પોતે એક બંધન છે. જ્યાંસુધી પદાર્થો પ્રત્યેની આસકિત મટી નથી જતી ત્યાંસુધી વીતરાગતા તરફ મનનું આકર્ષણ નથા થતું.

મોહની સ્થિતિ સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેમાંથી જ્યારે ૬૯ ક્રોડાકોડી ક્ષય થાય છે ત્યારે આત્માને 'નમો અરિહતાણં' બોલવાની ભાવના જાગૃત થાય છે.

જ્યાંસુધી ભૌતિક પદાર્થોનું આકર્ષણ મનને ખેચતું રહેશે, ત્યાંસુધી તેમાં ભકિતના અંકુરો ફુટી જ નહિ શકે. દેહાસક્તને માટે દેહાતીતની ઉપાસના સંભવિત નથી. દેહાસક્તિ લઇને કદાચ દેહાતીતની પાસે પહોંચશે તો ત્યાંપણ તેની મોહમય દ્રષ્ટિ, ભૌતિક દ્રવ્યોને જ શોધશે. પદાર્થો સાથેનો આત્માનો રાગ સંબંધ અનાદિ કાળનો છે, માટે તેના ઉપર આસક્તિ દૂર કરવા માટે પુષ્કળ સાધનાની જરૂર છે. એ રાગને ત્યાગવા માટે પ્રભુમાં પ્રેમ જોડવો પડશે. એટલા માટે જૈનદર્શનમાં અપ્રશસ્ત રાગને હઠાવવા માટે પહેલાં પ્રશસ્ત રાગનો આસરો લેવામાં આવે છે. પરંતુ તે પ્રશસ્ત રાગ પણ છોડવા માટે જ છે તેને માટે શાસ્ત્રોમાં ઘણી સુંદર ઉપમા આપી છે. **કંટકનેવ કંટકમ** પગમાં કાંટો વાગ્યો હોય તેને કાઢવા માટે તેના કરતાં પણ વધુ અણીદાર કાંટો ભોંકવામાં આવે છે; પરંતુ તેનું કાર્ય પુરૂં થતાં તેને પણ કાઢી નાંખવામાં આવે છે. એવી રીતે અશુભની અનાદિ કાળની વૃત્તિને ફેરવવા માટે શુભમાં લાવવી જરૂરી છે. જિનેશ્વરના ગુણોનું વર્ણન આત્મ જાગૃતિ પેદા કરે છે. કયારેક એ શુભભાવ શુદ્ધનું કારણ બની શકે છે.

જેવી રીતે સાધારણ વસ્તુ નદીના પ્રવાહમાં મળીને, સમુદ્ર સુધી પહોંચી શકે છે, તેવી રીતે ભકિતનાં પ્રવાહમાં તણાવવાવાળો આત્મા પ્રભુમય બની જાય છે. ચિત્તશુદ્ધિ માટે તપ, જપ, દાન, ધ્યાન વગેરે અનેક કર્મ છે. તે બધાં સાધનોને સોડા, સાબુ અરીઠા ઇત્યાદિની ઉપમા આપીએ, તો ભકિતને પાણીની ઉપમા આપવી પડે. સોડા, સાબુ વગેરે સફાઇ માટે વધારે કામ કરે છે, પણ જો પાણી ન હોય તો એ બધાનો કોઇ ઉપયોગ નથી. બીજું જો સોડા સાબુ વગેરે ન હોય તો એકલાં પાણીથી પણ કપડાં ધોઇ શકાય છે. આજ વાત, તપ-જપના

સાથે પરમાત્મ ગુણોમાં તન્મયતાની છે. સાચી તન્મયતા આત્માના મેલને ધોઇ શકે છે.

પણ આ સ્તુતિસ્તવ અંતઃપ્રેરિત હોવો જોઇએ. તેમાં અંતરનો અવાજ હોવો જોઇએ. જેમાં આત્મા ન બોલતો હોય એવી વસ્તુ માત્ર બહારનો આડંબર છે. જો દુકાનમાં માલનો સ્ટોક ન હોય, તો માત્ર શો કેસો વહેપારમાં સહાયક થઇ શકતાં નથી. માત્ર સૈનિકનાં કપડાં પહેરી લેવાથી કોઇ સૈનિક બની શકતું નથી. જેઓ હંમેશા સુકુમાર શૈય્યા ઉપર સુઇ જાય છે, બંદુકનો અવાજ સાંભળીને ભય પામે છે, રણભૂમિના નામથી જેને ધ્રુજારી છૂટે છે, તલવાર પકડતાં પણ જેમને આવડતું નથી, એવા સૈનિકો કાંઇ ઇતિહાસના પાને અમર થઈ શકતાં હશે? આવીજ વાત બાણુ ક્રિયાની છે. અમુક પ્રકારની વિશેષ ક્રિયાઓ કરવી તે બહારના વસ્ત્રો જેવું સાધન છે. પરંતુ સ્તુતિ–સ્તવની તન્મયતા કંઇક જુદી જ ચીજ છે. તેનો સંબંધ બહારથી એટલો નથી જેટલો અંતરંગથી છે. સૈનિકનો સંબંધ જેટલો વીરતાથી છે એટલો એના ગણવેશથી નથી. વીરતા ન હોય તો ગણવેશની કિંમત કેટલી? સૈનિકનાં વસ્ત્રો તો એક માટીના પુતળાંને પણ પહેરાવી શકાય છે.

હા, તો સાધના અને ભક્તિમાં વસ્ત્રો અને માળાઓ એટલી ગંભીર અસર નથી કરતી કે જેટલી અંતરની તન્મયતા કરે છે. અંતરની તન્મયતાના અભાવે સાધના નિષ્પ્રાણ બની જશે. તેમાં સચ્ચાઇ અને સજીવતાનો અભાવ હશે. સચ્ચાઇ વિના કોઇ વસ્તુની કિંમત નથી. જો અસલ વસ્તુ હોય તો પ્રમાણમાં ઓછી હોવા છતાં તેનું મૂલ્ય વિશેષ હોય છે. સાંભળવામાં આવે છે કે રેડીયમ ધાતુ દુનિયાની સર્વ ધાતુઓમાં અધિક કિંમતી છે. તેની એક તોલાની કિંમત લગભગ ચાર કરોડ રૂપિયા જેટલી થાય છે. તેનો એક કણ પણ મહા કીંમતી છે. પરંતુ શરત એ છે કે તે અસલી હોવો જોઇએ. ભલે એક કણ હોય, પણ જો તે અસલ રેડીયમનો હશે તો તે ચમકશે, પણ જો અસલ નહીં હોય તો એક તોલો શું દસ તોલા એકઠું કરશો તો પણ તેમાં જરાય ચમક નહિ આવે. આવી જ વાત સાધના અને પ્રાર્થનાની છે, જો તેમાં હૃદયનો રસ ન હોય, સચ્ચાઇની ચમક ન હોય, તો પછી તેનું પ્રમાણ ગમે તેટલું હોય, તેની કાંઇ કિંમત નથી. જે સાધના અને ભક્તિમાં આત્માનો અવાજ નથી, તે માત્ર દેખાવ છે. એવી સાધના વડે આત્મ કલ્યાણની ઇચ્છા રાખવી એ એટલું જ નકામું છે, કે જેટલું લોઢાની નાવમાં બેસી સાગર પાર કરવાની ઇચ્છા રાખવી તે તરશે નહિ પણ તળીએ જરૂર પહોંચાડશે.

સુવર્ણભસ્મ તમે ખાઓ છો. મહિના સુધી સેવન કરવામાં આવે તો જરૂર તેની અસર થશે. તમે નવી તાજગી અને સ્ફુર્તિનો અનુભવ કરશો, તમારા લોહીમાં નવું બળ દેખાશે. પણ મહિનાઓ સુધી સુવર્ણભસ્મનું સેવન કર્યું અને શરીરમાં તલમાત્ર ફેર ન પડયો, સ્ફુર્તિને બદલે જડતા આવી, શકિત જરાપણ ન આવી તો પછી તમે એ ભસ્મ આપનાર વૈદ્યને પૂછશો કે–'વૈદ્યરાજ આ તે તમે સુવર્ણ ભસ્મ ખવડાવી કે પથ્થર ભસ્મ?' એવી જ રીતે વર્ષો સુધી જપ કર્યા, સાધનાની માળાઓ ફેરવી છતાં મનમાં પવિત્રતાનું એક કિરણ પણ ન આવ્યું! અરિહંતની ઉપાસના કરતાં કરતાં વર્ષો વીતી ગયા છતાં પણ કામ અને ક્રોધરૂપી દુશ્મનો ઉપર વિજય ન મળ્યો, જરાપણ કારણ મળતાં ક્રોધ તમારા આત્મા ઉપર સ્વાર થઇ ગયો. વીતરાગને રટતાં રટતાં, એક ઇચ જેટલો પણ રાગ ઘટયો નહિ. તો પછી વિચારવું પડશે કે સુવર્ણભસ્મના રંગ જેવી કોઇ બીજી ભસ્મ તો નથી લઇ લીધી! અથવા તો તેનું બીજું કારણ એમ પણ હોય કે શરીરમાં કોઇ છુપો વિકાર હોય કે જે સુવર્ણભસ્મની શકિતને ખાઇ જતો હોય. જ્યાંસુધી પેટમાં વિકાર હોય ત્યાં સુધી સુવર્ણભસ્મની કાંઇ અસર થતી નથી તેમજ મનમાં વિકૃતિઓ છે, ત્યાં સુધી વીતરાગતા કાંઇ અસર પેદા કરી શકતી નથી કારણ કે સરાગ દૃષ્ટિ તમને તેની તરફ ખેંચી રાખે છે.

તમારે દવા જોઇતી હોય તો સારામાં સારી લો, ભલે તે ગમે તેટલી કિંમતી કેમ ન હોય, છતાં જો પરેજી ન પાળો તો દવાથી લાભ થાય નહિ. તે જ

પ્રમાણે તમે સાધનાના ઔષધનું સેવન કરો પણ તેની સાથે વિચાર અને આચાર શુદ્ધિની પરેજી નહિ જાળવો તો આત્મરોગને મટાડવામાં તે ઔષધ કામ નહિ લાગે. સ્વાદ તો અપથ્ય વસ્તુઓમાં હોય છે. સંગ્રહણીનાં રોગને મીઠાવાળી ચીજો શું સ્વાદિષ્ટ નથી લાગતી? સ્વાદ તો મધુર હોય છે પણ તેનું પરિણામ સારું નથી આવતું.

આશ્ચર્ય તો એ થાય છે કે પ્રાર્થના મારફતે પણ તમે અપથ્ય વસ્તુઓની માગણી કરો છો! રોગી વૈદ્યની પાસે જાય છે અને પોતાને ભાવતી પણ અપથ્ય વસ્તુઓ ખાવાની છૂટ આપવાની વિનંતિ કરે છે, પણ કુશળ વૈદ્ય જરાપણ તેવી વિનંતિને માન્ય રાખતો નથી.

ગ્રીસનો તત્ત્વવેત્તા, સોક્રેટિસ, ઇશ્વર પાસે હંમેશા એવી પ્રાર્થના કર્યા કરતો કે, 'હે પ્રભુ! ભલે હું માંગું કે ન માગું, પણ મને એવી વસ્તુ કદી પણ ન આપતો કે જે મને પ્રિય હોવા છતાં મારું અહિત કરનારી હોય તથા મારી બુદ્ધિને અશુભ માર્ગે લઇ જનારી હોય.' મતલબ કે માંગવું એ ભકિતના ક્ષેત્રની બહારની વસ્તુ છે ભકિતમાં તો સમર્પણ છે. આરાધ્યની સમક્ષ સર્વસ્વ સમર્પણ કરવાનો પવિત્ર ભાવ, એ જ ભકિત છે.

એક સંતને એક જણે પ્રશ્ન કર્યો છે, 'ભકિતની પૂર્ણતા શી છે' તેમણે કહ્યું કે, 'જરૂરિયાતોનો નાશ થઇ જવો એ ભકિતની પૂર્ણતા છે.' બીજા શબ્દોમાં 'તું પ્રભુમાં તન્મય થઇ જાય અને પ્રભુ તારામાં સમાઇ જાય એ ભકિતની ચરમ સીમા છે.'

હનુમાન ભકત હતા. કેમ કે તેમણે રામના ચરણે પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યું હતું. તેઓ રામમય હતા. મીરાંની તન્મયતા કૃષ્ણમાં પોતાની જાતને પણ ભૂલાવી દેતી હતી. આપણી જાતને ભૂલીને જ આપણે તેને આપણો બનાવી શકીએ છીએ. જ્યાં સુધી હું પણું રહેશે ત્યાં સુધી, દેહ બુદ્ધિ રહેશે. અને આ દેહાધ્યાસ તો સાધનામાં બાધક છે દેહાધ્યાસ્ત વ્યકિત માત્ર દેહને જ પ્રેમ કરે છે. તે ગમે તેનું સ્મરણ કરે પણ તેની દૃષ્ટિ દેહ પ્રત્યે જ હોય છે. તેના બધા પ્રયત્નો દેહાધ્યાસને માટે જ હોય છે.

ભકિતના પ્રકારો છે :–

**૧. આર્ત ભકિત**–દુઃખથી પીડાઇને જે ભકિત કરવામાં આવે છે તે અતિ ભકિત છે દુઃખના સમયમાં બધી બાજુથી નિરાશ માનવીને શરણરૂપ પ્રભુ જ દેખાય છે.

**૨. અર્થાર્થ ભકિત**–આ બીજા પ્રકારની ભકિત છે. તેમાં ભકત કોઇક પ્રકારના સ્વાર્થથી પ્રેરાઇને ઉપાસના કરે છે. જે ઉપાસનાનું ધ્યેય અર્થ (ધન) હોય તે અર્થાર્થ ભકિત કહેવાય છે.

**૩ જિજ્ઞાસુ ભકિત**–આ પ્રકારની ભકિતમાં, ભકતનાં મનમાં નથી તો દુઃખનો દાવાનળ, નથી કોઇ વસ્તુના અભાવે કષ્ટની પીડા કે નથી તેના મનમાં કોઇ પ્રકારનું પ્રલોભન. તેની ઉપાસનાનું એક માત્ર લક્ષ્ય હોય છે, ઇશ્વરીય સ્વરૂપનું જ્ઞાન, આત્મા અને પરમાત્માના ભેદનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ તે ઉપાસના કરે છે.

**૪. તન્મય ભકિત**–આ ભકિતમાં માનવી પ્રભુમય બનવા ઇચ્છે છે. કોઇ પીડાની મુકિતથી તેને સંતોષ થતો નથી. ચાંદિના ટુકડાઓથી તેના મનની પ્યાસ બુઝાતી નથી. ન તો તે માત્ર ઇશ્વરીય સ્વરૂપને જાણીને સંતોષ પામે છે. તે દહીં, દૂધ કે છાશથી સંતોષ પામનારો નથી. તે તો આત્માને પરમાત્મામય બનાવવા ચાહે છે. એવો ભકત સોપાધિક ભકિતમાં શ્રદ્ધા રાખતો નથી, તે નિરૂપાધિક ભકિતનો ગ્રાહક હોય છે.

અધ્યાતમ યોગી આનંદઘનજી તેમની કવિતામાં સુંદર વ્યાખ્યા આપે છે.

પ્રીતિકી સગાઇ જગમાં સૌ કરે, પ્રીત સગાઇ ન કોય;
પ્રીતિ સગાઇ નિરૂપાધિ કરી, સૌપાધિક ધન ખોય.

અધ્યાત્મના પ્રખર કવિ કહે છે, 'પ્રીતિ તો દુનિયાનાં બધાં પ્રાણી કરે છે. પણ પ્રીતની રીત

કોણે જાણી છે? પ્રીતનાં બે પ્રકાર છે. એક સોપાધિક અને બીજો નિરૂપાધિક. જે સ્વાર્થથી પ્રેરાયેલી અને જેની પાછળ મોહ રહેલો છે તે સોપાધિક છે. તેમાં સ્થાયિત્વ (ટકવાપણું) ઓછું હોય છે. સ્વાર્થના તંતુ વડે બંધાયેલી પ્રીતિનું આયુષ્ય બહુ ઓછું હોય છે. તે સાંસારિક પ્રીતિ હોય છે. સંસારની વૃદ્ધિને માટે હોય છે. નિરૂપાધિક ભકિત આત્માથી પરમાત્મા સાથે હોય છે. 'તેમા સ્વાર્થનું શોષણ નહિ, પવિત્રતાનો પ્રકાશ હોય છે. તેમાં છીછરી નદિનો છણછણાટ નહિ, પણ સાગરની ગંભીરતા હોય છે. તે દેહને નહિ પણ દેહાતીતને ચાહે છે. તે રૂપનો પ્રેમ નહિ. પણ રૂપાતીતના શરબતી સૌંદર્યનું પાન કરે છે. એટલે તેમાં સ્થિરતા હોય છે. નિરૂપાધિક ભકિત આપવા જ ચાહે છે. સ્વાર્થ હશે તો પણ આપશે અને સ્વાર્થ નહિ હોય તો પણ આપશે સોપાધિક ભકિતની દૃષ્ટિમાં સ્વાર્થનું મહત્ત્વ છે. જ્યાં સુધી સ્વાર્થ સધાતો રહેશે, ત્યાંસુધી તે આપશે. પરંતુ સ્વાર્થમાં જરાપણ કાંઇ ખામી આવી કે તે દુશ્મન બની જશે.

એકવાર ગાંધીજી સુરત ગયા. તેમની પ્રાર્થના સભામાં હિંદુ-મુસ્લીમ બધાં ય સાંપ્રદાયિક ભેદો ભૂલીને ભેગા થતા હતા.

ગાંધીજીના પ્રાર્થના પ્રવચનોમાં હિન્દુ અને મુસ્લીમો વચ્ચેની દિવાલને તોડવાનો પ્રયત્ન થતો રહેતો. એક વહોરાજી પ્રાર્થના પ્રવચન પછી ગાંધીની પાસે પહોંચ્યા. તેમણે પચાસ રૂપિયા ભેટ આપ્યા અને કહ્યું કે 'તમે તો ખરેખર પયગંબર છો. જ્યારે મને તાવ આવ્યો, ત્યારે, આપનું સ્મરણ હૃદયમાં થયું. મેં મનથી નકકી કર્યું કે જો તાવ ઉતરી જશે તો આવતી કાલે પચાસ રૂપિયા ગાંધીજીને ભેટ ધરીશ. ખરેખર આપના નામમાં જાદુ છે. કાલે રાતના જ મારો તાવ ઉતરી ગયો એટલે હું આપને ભેટ આપવા આવ્યો છું.'

ગાંધીજીએ કહ્યું, 'ભાઇ! આ રૂપિયા મારે ન જોઇએ એ તો ઠીક છે કે તમે મને યાદ કર્યો અને તાવ ઉતરી ગયો એટલે રૂપિયા ભેટ ધરો છો, પણ જો કદાચ તાવ ન ઉતર્યો હોત તો ગાંધીને ગાળો દેવા પણ તૈયાર થયા હોત એટલે આવી ભેટ મારે જોઇતી નથી.'

આ સોપાધિક ભકિત છે. જ્યાંસુધી સ્વાર્થ સધાતો રહેશે ત્યાંસુધી તે રહેશે અને સ્વાર્થ પૂર્ણ થતાં તે પણ ખતમ થઇ જશે. ભકિતનું ફળ છે, તૃષ્ણાનો નાશ, વાસનાનો ક્ષય અને ઇચ્છાઓની નિવૃત્તિ જો જરાક પણ હૃદયમાં લાલસા હોય તો સમજજો કે હજુ સાચી ભકિતએ આપના હૃદયમાં પ્રવેશ કર્યો નથી. ભકિતને અને લાલસા બન્ને એક જગાએ રહી શકતી નથી. કેમકે એક દૂધ છે તો બીજી છાશ. છાશ અને દૂધ કાંઇ એક વાસણમાં રહી શકે? આપણે માનીએ છીએ કે ભકિતથી વાસના પૂરી થશે. તષ્ણા સંતોષાશે અને ઇચ્છાઓ સફળ થશે. પરંતુ આ તો ભકિતનું શીર્ષાસન છે તમે ક્રમ જ ઉંધો સમજ્યા છો. ખરી રીતે. ભક્તિ, લાલસા, તૃષ્ણા અને ઇચ્છાઓનો જડમૂળથી નાશ કરે છે. અંધકાર અને પ્રકાશ બન્ને સાથે રહી શકતા નથી. એક આવે કે બીજાએ હટી જવું પડે છે. એવી રીતે આસકિત ઐશ્વર્ય ઇચ્છે છે જ્યારે ભકિત ઇશ્વરને ઇચ્છે છે. ઐશ્વર્ય મળ્યું તો શું થયું? ઇશ્વર મળવો જોઇએ. પ્રભાવ માટે યાચના નહિ પણ પ્રભુને માટે ઇચ્છા હોવી જોઇએ. હનુમાનની ભકિતમાં સીતાના મુકતાહારને સ્થાન ન હોય. તેને તો રામ જોઇએ. હરામ નહિ.

એકલી શકિતથી માનવી શયતાન બને છે. તો એકલી ભકિતથી હેવાન બને છે. અને એકલું જ્ઞાન ઇન્સાન બનાવે છે, પણ ભગવાનમાં શકિત, ભકિત અને જ્ઞાન એ ત્રણેય હોવાં જોઇએ. એથી જ કહેવામાં આવે છે કે તીર્થંકર દેવોની સ્તુતિથી સાધકને આધ્યાત્મિક બળ મળે છે, મરી ગયેલી શ્રદ્ધા જાગ્રત થાય છે. અને ત્યાગ તથા વૈરાગ્યનો પ્રકાશમય આદર્શ આંખો સામે તરે છે. પરંતુ સ્તુતિમાં હૃદયનો અવાજ હોવો જોઇએ. તે સિવાય તો ખાલી હોકારા દેકારા છે. કોઈ માણસ ચાર દિવસનો ભૂખ્યો હોય,

પેટમાં અડબડીયાં બોલતા હોય. છતાં પોતાની શાન બતાવવા ખોટાં ઓડકાર ખાય તો તેથી શું તેની ભૂખ છુપાવી શકાય છે? નહિ, કદાપિ નહિ. કેમકે ભૂખ્યાના ઓડકાર અને ધરાયેલાના ઓડકારના પ્રકાર જુદા હોય છે. આવી જ વાત અસલી અને નકલી ભક્તિની છે. સાચી ભક્તિની તલ્લીનતા જુદી હોય છે. અને નકલી ભક્તિનો તન્મયતાનો દેખાવ જુદો હોય છે. ભાવોનો પ્રભાવ અને ભાવ તેની પાસે ક્યાંથી હોય?

જો હૃદયની તન્મયતા હોય તો કોઇપણ સ્થાન સાધના માટે બાધક નથી થતું. એકવાર પંજાબ કેસરી રણજીતસિંહજી અંદર બેઠા જપ કરી રહ્યા હતા. તેમના એક મિત્ર અમુકદ્દીન બહાર બેસી માળા ફેરવી રહ્યા હતા. ત્યારે રણજીતસિંહજીએ પોતાના સાથીને પૂછ્યું-'મિત્ર પ્રવર! એ તો કહો કે બહાર બેસીને માળા ફેરવવી એ ઉત્તમ કે અંદર બેસીને?' અમુકદ્દીને કહ્યું. 'માળા ફેરવવાના બે ઉદ્દેશ હોય છે. સદ્ગુણોને ગ્રહણ કરવા અને દુર્ગુણોને છોડવા' તમે અંદર બેસી સદ્ગુણોને ગ્રહણ કરી રહ્યા છો અને હું બહાર બેસીને દુર્ગુણોને કાઢી રહ્યો છું.'

ભક્તિનો ઉદ્દેશ છે સદ્ગુણોનું ગ્રહણ. એ માટે તો આપણે ઉપાસ્યનું માનસ ચિત્ર આપણા હૃદયમાં રાખીએ છીએ.

## ભક્તિ અને જ્ઞાન

ભક્તિથી જ જ્ઞાનની કિંમત છે. ભક્તિશુન્ય જ્ઞાન શુન્ય જ છે. કાગળ ઉપર સરકારની છાપ લાગી છે માટે જ તેનું માન છે. અને નોટની કિંમત છે. તે સિવાય તો તે કોરો કાગળ જ છે કાગળની કીંમત અને નોટની કિંમતમાં કેટલો મોટો ફેર છે તે તો તમે સારી જાણો છો. હા, તો તેવી જ રીતે ભક્તિ ઉપર જ્ઞાનની છાપ લાગે છે, ત્યારે જ તેની કિંમત વધે છે. ગંદા વાસણમાં દૂધ જો રાખીએ તો તે ખરાબ થઇ જાય. તેવી રીતે ભક્તિશૂન્ય ચિત્તમાં જ્ઞાન પણ વિકૃત થઇ જાય. ભક્તિ વિનાનું જ્ઞાન પાંગળું છે. જેમ સાસરામાં જતા પતિની બધી મિલ્કત ઉપર પત્નીનો હક થઇ જાય છે, તેવી રીતે ભક્તિમાર્ગમાં પ્રવેશ કરતા ભગવાનની સમસ્ત આધ્યાત્મિક શક્તિઓ ઉપર ભક્તનો અધિકાર થઇ જાય છે. સાથે સાથે જેમ સાસરે આવતાં વહુનાં પીયેરના નામ, ગોત્ર વગેરે જતાં રહે છે, તેમ ભક્તિ યોગમાં પહોંચતા સંકુચિત બુદ્ધિ અને દુર્ભાવનાભરી વાસના પણ નાશ પામે છે. શેરડી ભલે કાળી હોય કે વાંકી, પરંતુ તેનો રસ તો મીઠો જ હોય છે. તેવી રીતે ભક્ત, ગમે તે જાતિ, વંશ કે પરંપરાનો હોય તે જનતાને માટે તો અર્ચનીય રહેશે.

**મોટર ચાલુ છે** **યાત્રાર્થે પધારો** **મોટર ચાલુ છે**

શ્રી જીરાવલા પાર્શ્વનાથજી મહાન પ્રાચીન ચમત્કારિક તીર્થની યાત્રા માટે પેઢીની પ્રાઇવેટ બસ આબુરોડ જૈન ધર્મશાળાની પાછળથી દરરોજ બપોરના ૨ા વાગે ઉપડી સાંજના પાંચ વાગે જીરાવલાજી પહોંચાડે છે અને બીજે દિવસે ઉપડી બપોરે ૧ વાગે આબુ રોડ પહોંચાડે છે.

સ્વચ્છ હવા, હલકું પાણી, નૂતન ધર્મશાળા સારી એવી ભોજનશાળાની સગવડતા છે. માટે દરેક યાત્રાળુ ભાઈ-બ્હેનોને આ પ્રાચીન તીર્થની યાત્રાનો અવશ્ય લાભ લેવા વિનંતિ છે.

નિવેદક:— મેનેજીંગ ટ્રસ્ટ કમીટી

**શ્રી જીરાવલા પાર્શ્વનાથજી જૈન પેઢી. પો. રેવદર (આબુરોડ થઈ)**

# વેરાયેલાં વિચાર રત્નો

( પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવરનાં વ્યાખ્યાનોમાંથી ઉધ્ધૃત )

અવતરણકાર : **શ્રી સુધાવર્ષી**

## સમર્પણભાવ-શિષ્યનું કર્તવ્ય. વાત્સલ્ય ભાવ-ગુરુનું કર્તવ્ય

**હં**મેશા ગુરુનો વાત્સલ્યભાવ શિષ્ય ઉપર રહેવો જ જોઇએ. પછી કદાચ શિષ્યમાં સમર્પણભાવ નહિં હોય તો પણ, ગુરુના અમૂલ્ય વાત્સલ્યથી સહજ પ્રગટ થશે. વાત્સલ્ય એટલે શિષ્યને અશાતામાં મધુર વાણી દ્વારા શાતા આપી માર્ગમાં સ્થિર રાખવો. તેના પર અપાર ભાવકરુણા રાખવી.

**સમર્પણભાવ** બે પ્રકારે છે. **દ્રવ્યથી** અને **ભાવથી.** દ્રવ્યથી સમર્પણ ગુરુમહારાજની ભકિત માટે પોતાના શરીરની પરવા કર્યા વિના ખડે પગે તૈયાર રહી પોતાની ફરજ બજાવવી. અને ભાવસમર્પણ આત્મવિલોપન દ્વારા અર્પિતભાવ.

**શાતા**ની જેને પુન્યાઈ ન હોય, તેને ઘેર સંપત્તિની છોળો ઉછળતી હોય તો પણ શાતા અશાતારૂપે જ રહ્યા કરતી હોય છે.

**સંસાર**માં આજે એ સ્થિતિ રહી છે કે, જેને કંઈ મલ્યું છે તેને વધારવાની ભાવના છે, અને નથી મલ્યું તેને મેળવવાની ભાવના છે.

**ક્ષમા**ના યોગે આખો સંસાર રળીયામણો બને છે. ક્ષમા એ તો મહાન વિભૂતિ છે. દિવ્ય-જ્યોતિ છે. ક્ષમા વિનાના માનવીને કોઇ પણ દૂરથી જ હાથ જોડતા હોય છે.

**જોવું** તેના કરતાં વીતરાગની વાણીને સાંભળવી તેમાં મહત્તા છે. સાંભળ્યા પછી શ્રદ્ધા રાખવી તેમાં મહત્તા છે. અને શ્રદ્ધા બાદ આચરણા રાખવી તેમાં મહત્તા છે.

**સારૂં** જોવાનું મળે તે પુન્યોદય. અને નબળું જોવાનું મળે તે પાપોદય. સારૂં જોવાનું કેમ નથી મલતું ? પૂર્વે કોઈનું સારૂં જોઇ શકયા નથી માટે.

**જે**ઓ કર્મની વિચિત્રતા જાણે છે, તેઓને સંસારની કોઈ ચીજ આશ્ચર્યરૂપે જણાતી નથી. કારણ ? સંસાર પોતે જ આશ્ચર્યોથી ભરપુર છે.

**સં**સારમાં જે પુન્યાઈ તારનારી હોય છે તે પુન્યાઈની વફાદારી સ્વીકારવી પડે છે. પુન્યાઈ એ કોઈના અંગોપાંગ જોતી નથી. પણ ભવાંતરમાં એકઠી કરેલી સુકૃતની શ્રેણીને અનુસરીને આવે છે.

પુન્યનો પ્રાગ્ભાર ગમે તેટલો હોય પણ તે પાત્ર પ્રમાણે જ લાભદાયી બને છે.

**ધારણાશકિત**ની નબળાઇ એનું જ નામ નોટ અને પેન્સીલ-હોલ્ડર કે પેન અને કાગળોમાં નોંધ.

૯૯ વાર અનૂકુલતા મલી હોય, અને જયાં ૧૦૦ મી વાર ફકત એક જ વખત પ્રતિકૂલતા આવી કે તે માનવી આકળવિકળ થઇ જાય છે. તે સત્ત્વહીન અને તત્ત્વથી અજ્ઞાન છે.

શ્રેય માર્ગ બતાડનાર ધર્મગુરુ જ છે. તે શ્રેયને માનનારા સંસારમાં બહુ ઓછા છે. અને પ્રેયને માનનારા સંસારમાં ઘણા જ છે.

**તપ** અને ક્ષમાને પચાવનાર કોઈ હોય તો

વિનય છે. તપ જીવનને શુદ્ધ બનાવે છે. નિર્મળ બનાવે છે. તપને દીપાવનાર ક્ષમા છે. તપસ્વી અને ક્ષમા એ તો દૂધમાં સાકર જેવું છે.

અગ્નિ જેમ સુવર્ણને શુદ્ધ બનાવે છે, તેમ તપ આત્માને શુદ્ધ બનાવે છે.

પુન્યાઇ પોકળ હોય-કાચી હોય, ત્યારે માનવીને ક્ષમા રાખવાની ખાસ જરૂર છે. કારણ કે, પુન્યાઇ કાચી હોય ત્યારે માનવીને ઉકળાટ થાય છે, પણ સાથે ક્ષમા હોય તો માનવી તરી જાય છે.

મન ચંચળ છે. ગમે તેવા સુંદર વિચારો આવવા છતાં ય કયારે ને કઈ ઘડીયે નબળા વિચારો પ્રવેશ કરતા હોય છે તે ખબર જ પડતી નથી.

વૈજ્ઞાનિક દષ્ટિએ તેમજ તાત્વિક દષ્ટિએ ઝીણામાં ઝીણા આચાર અને વિચાર જૈનશાસનમાં જ છે.

માનસિક પવિત્રતા પ્રગટાવવાનું કેન્દ્ર છે જૈનશાસન.

આજે માનવી ધર્મ કરતો નથી, તેમાં સંસારની આસકિત કારણ છે. અને જેનાથી થઈ શકતું નથી તેમાં અશકિત કારણ છે.

સમ્યગ્દર્શનની ટિકિટ ઓફિસ જૈનશાસન, તે ટિકિટ મેળવ્યા પછી ચારિત્રરૂપી ટ્રેઈન પકડવાની અને તે ટ્રેઇનમાં બેસી મુકિતરૂપી ઇચ્છિત સ્ટેશને (સ્થાને) સુખપૂર્વક પહોંચી શકાય છે.

ભવાંતરના સુસંસ્કારો પણ વર્તમાનમાં સુંદર સામગ્રીની અનુકૂલતા આપે છે.

ચિત્તની સ્વસ્થતા, અને મનની પ્રસન્નતા એ સમજણના ઘરની વસ્તુ છે. સમજણ આવે-એટલે કર્મપરિણતિનો વિચાર આવે, અને અશુભોદયમાં પણ શાન્તિ રાખી શકાય !

મૃત્યુ ભયંકર નથી, પણ મૃત્યુનો ભય ભયંકર છે. ચાર સંજ્ઞામાં ભયસંજ્ઞા આત્માને મૂંઝવે છે.

સ્વકૃત કર્મને દૂર કરવા સાક્ષાત્ તીર્થંકર ભગવંતો પણ શકિતમાન નથી. છતાંય અશાતમાં રહેલ-આત્માને શાન્તિ આપવી શાતા આપવી એ એક કર્તવ્ય છે.

જો જીવનમાં સાચી સમજણ નહિં હોય તો ડગલે ને પગલે સંસારની અનેક અથડામણો આપણને મૂંઝવશે, માટે જેવો સમય હોય, તે રીતે જાતને ઘડી લેવામાં જ ડહાપણ છે.

ગમે તે પ્રકારના દુઃખમાં કે સંકટો વચ્ચે ય ધૈર્યતા ધારણ કરવી. પરંતુ એકાંત ખૂણામાં જઈને પણ મોત આવે તો સારૂં ! તેવી વિચારણા કે કલ્પનાને સ્થાન નહિં આપતા. નહિતર જો જો, અપરિમીત અકામ મરણોમાં રખડવું પડશે.

નિર્ગ્રંથ મુનિમહારાજની ભક્તિદ્વારા સંસારમાં સુખ મળે છે, અને અંતે વૈરાગ્ય પ્રગટે છે.

કોઈ પણ વસ્તુ ક્ષણ પહેલાં સુંદર હોય, અને ક્ષણ પછી વિનાશ પામતી હોય, અગર કુરૂપ બનતી હોય, તેવી વસ્તુમાં રાગ કોણ કરે? રાગ અને દ્વેષ અતિ પરવશતા નિર્વિવેકી માનવીઓને જ હોય છે.

સમયે સમયે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના પર્યાયો પલટાયા કરે છે કયાં રાગ કરવો, ને કયાં દ્વેષ કરવો ? બધું જ ક્ષણવિનાશી છે. શાશ્વત એક હોય તો કેવલ આત્માનું શુદ્ધ સ્વરૂપ !

સંસારમાં ત્રણ પ્રકારના આત્માઓ હોય છે. વિવેકી-નિર્વિવેકી અને કૂતુહલી, વિવેકીને દુઃખી પ્રત્યે કરૂણા આવે ! નિર્વિવેકી દુઃખી તરફ તિરસ્કાર કરે અને કૂતુહલી દુઃખીઓને જોઈ હાસ્યાદિ કરે !

જ્ઞાનીઓ પોતાની દષ્ટિએ કોઈને ખરાબ આચરતા જુવે એટલે તેમનાં હૃદયમાં ભાવકરૂણાનો સાગર ઉભરાય છે.

*

# અનુભવની એરણપરથી

સંસારમાં વિવિધ પ્રકારનાં પ્રસંગો બન્યા જ કરે છે. કર્મજન્ય વિચિત્રતાઓથી ભરેલા આ સંસારમાં કેટલાયે અનુભવો બોધપ્રદ તથા પ્રેરક પણ બને છે. આજે છાપાની દુનિયા હોવાથી સંસારમાં ખૂણે-ખાંચરે બનતા બનાવો તાત્કાલિક આપણી સમક્ષ જાણવામાં આવે છે. જેના પરથી અનેક આત્માઓ બોધ લઇ શકે તેવા બે પ્રસંગો 'જનશકિત' દૈનિકમાંથી ઉધ્ધૃત કરીને અમને પૂ. મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજે મોકલાવેલ છે; જેમાં તો પહેલો પ્રસંગ આત્મા, પુનર્જન્મ, પુણ્ય-પાપ, પરલોકને નહિ માનનારને ચેતવણી રૂપ છે. જ્યારે બીજાની આપત્તિના પ્રસંગે પોતાના સ્વાર્થમાં જેઓ આંધળા બનીને બેફામ રહે છે તેનો કેવો અંજામ આવે છે? તે હકીકત સ્પષ્ટ કરે છે.

(૧)

## ચાર વર્ષનો બાળક પૂર્વ જન્મની કથા કહે છે.

શાહજહાંપુર-અહિંના ઠાકુર બ્રજેન્દ્રસિંહ સાધારણ સ્થિતિના ગૃહસ્થ છે. તેમના ઘરમાં એક પુત્રનો જન્મ થયો. આ પુત્રનું નામ અવધેશકુમાર રાખવામાં આવ્યું. પુત્ર જન્મ સાથે હોશિયાર અને આકર્ષક હોવાથી બધાને તેના પ્રત્યે મોહ હતો. આ બાળક પૂરા ત્રણ વર્ષનો થયો ત્યારે પોતાના પૂર્વ જન્મની તમામ કથા કહી સંભળાવી એ કથા આવી હતી:

'હું ચાર વર્ષ પહેલાં જમીનદાર ગજેન્દ્રસિંહના રૂપમાં કોટાહારમાં રહેતો હતો. મારા ક્ષેત્રમાં હું ખૂબ પ્રભાવશાળી જમીનદાર તરીકે ઓળખાતો. ત્યારે મારી ઉંમર ત્રીસ વર્ષની હતી. મારા શરીરમાં એટલી તાકાત હતી કે મારૂં નામ સાંભળી નામચીન બદમાશો કંપી ઉઠતા. હું હમેશા ગરીબોને પડખે પણ ઉભો રહેતો. તેનું પરિણામ એ આવ્યું કે અમારાથી થોડે દૂર રહેતા એક જમીનદાર મારા પર ગુસ્સે થઇ અને મને ખોટી રીતે એક કેસમાં ફસાવી જેલમાં નંખાવ્યો. કેસ ખોટો હતો છતાં કોઇ જામીન ન થયું. મારી પત્નીએ મને છોડાવવા ઘણા પ્રયાસ કર્યા. પણ લાંચરૂશ્વત આગળ તેનું કંઈ પણ ચાલ્યું નહિં અને મારે બરેલી જેલમાં રહેવું પડયું હું આબરૂદાર કુટુંબનો અને સાહ્યબીમાં રહેલ માણસ હોવાથી મને જેલજીવન આકરૂં લાગ્યું; અને કેસનો મારા પક્ષમાં ફેંસલો થાય તેના એક દિવસ પહેલાં જેલમાં હું મરણ પામ્યો તેના સાડાનવ મહીના પછી તમારા ઘરમાં મેં જન્મ લીધો છે. હવે હું આ ઘરમાં એક દિવસ રહી શકીશ નહી. તમે મારા જૂના ઘરે ખબર મોકલાવો; હું ત્યાં જ રહેવા માંગું છું, નહીં તો હું મરી જઇશ.' છોકરાની વાતો સાંભળી બ્રજેન્દ્રસિંહ અને તેમનાં પત્ની આશ્ચર્યચકિત થઈ ગયા. અને છોકરાને લઈ કોટાહર ગામમાં ગયા. ત્યાં આ છોકરાએ પોતાના બધા દોસ્ત, દુશ્મનોને ઓળખી કહ્યા હતા. છોકરો પોતાના પૂર્વ જન્મના મહેલમાં જઈને ફરતો રહ્યો અને બધી વસ્તુઓ બતાવવા લાગ્યો. તેટલામાં તેના પૂર્વ જન્મનાં પત્ની જેઓ રાણી સાહેબાના નામે આખા ગામમાં ઓળખાય છે

તેમને આ છોકરો રાણી કહીને બોલાવતા તેઓ આ છોકરાનો અવાજ અને તેનું રૂપ જોઇ પડતાં પડતાં રહી ગયાં. આ છોકરો રૂપમાં, રંગમાં, બોલચાલમાં જાગીરદાર ઠાકુર ગજેન્દ્રસીંહ જેવો છે. રાણીએ આ છોકરાને બોલાવી અનેક પ્રશ્નો પૂછ્યા જે બધાયના ઉત્તરો છોકરાએ સંતોષ-જનક રીતે આપતાં રાણીએ બ્રાહ્મણોને પુષ્કળ દાન આપ્યું અને તેને રહેવા માટે સ્વર્ગીય ગજેન્દ્રસીંહનો બંધ પડેલો ઓરડો સાફ કરાવ્યો. રાણીના કહેવા પ્રમાણે સ્વર્ગીય ગજેન્દ્રસીંહ અને છોકરા અવધેશમાં જરા પણ ફેર નથી. તેમના કહેવા પ્રમાણે મારા પતિ બાળક રૂપમાં પાછા આવ્યા છે એમ મને લાગે છે. આ છોકરો રાણીના અતિથિ તરીકે રૂઆબથી રહે છે. પણ આ જન્મના માતા-પિતા સાથે રહેવા તૈયાર નથી. છોકરાએ કહેલી તમામ વાતો સત્ય હોવાથી કોટાહરની પ્રજા તેને રાજા કહે છે. અને ભગવાને પ્રસન્ન થઈ અમારો ઉદ્ધાર કરવા અમારા રાજાને પુનઃ અમારી પાસે મોકલ્યા છે એમ માને છે. રાણી પણ ખૂબ પ્રસન્ન છે. ગામની પ્રજા જેમ જમીનદારને નજરાણું આપી તેની હાજરી ભરતી હતી તેવી જ રીતે આ છોકરાની હાજરી ભરે અને આ છોકરો મોટાઓની છટાથી બધું સ્વીકારે છે. જ્યારે આ બાજુ તેના ગરીબ માતા-પિતા છોકરાના વિચિત્ર સ્વભાવથી પરેશાન છે. અને તેઓ નિરાશ થઈ પોતાને ઘેર શાહજહાંપુરમાં આવી ગયા છે. પૂર્વ જન્મની વાત કહેનાર આ ચાર વર્ષના જમીનદારને જોવા લોકો દૂર દૂરથી આવે છે.

(૨)

## ગરીબની હાય કદી ખાલી જતી નથી

**બરેલીઃ**-ગરીબની હાય કોઈ વખત કેવો બદલો લે છે, તેનો પ્રત્યક્ષ દાખલો હમણાં બરેલીમાં મળ્યો છે. આ ગામમાં શ્રીનારાયણ નામનો એક માણસ અને તેની પત્ની રહે છે. દંપતી ગરીબ પણ સદાચારી છે. તેમને એક પાંચ વર્ષનો છોકરો હતો જેને લાડમાં લોકો બચ્ચુ કહેતા. આજ ગામમાં યદુનાથસિંહ નામના ખૂબ જ મોટા ડૉક્ટર છે. બચ્ચુ બીમાર પડયો. બે દીવસમાં બીમારીએ ઉગ્ર રૂપ ધારણ કર્યું. બચ્ચુની સ્થિતિ ખરાબ થતાં લોકોએ તેના માતા પિતાને સલાહ આપી કે ડોકટર યદુનાથને બતાવો તો જ આ બાળક બચી શકે. યદુનાથ ડોકટર સારા, પણ તેમની એક દિવસની ફી સો રૂપીઆ હતી. શ્રી નારાયણ પાસે સો શું પાંચ રૂપીઆ પણ નહોતા. છતાં પુત્રનાં જીવનની આશા તેને ડો. યદુનાથના દરવાજા સુધી ખેંચી ગઈ. ડો. યદુનાથ મળ્યા. તેમણે કહ્યું કે પહેલાં સો રૂપીઆ મૂકો પછી વિગત કહો. શ્રી નારાયણે તેમને હાથ જોડી પોતાની તમામ હકીકત કહી સંભળાવી; અને છોકરો સારો થતાં આખી જિંદગી ગુલામી કરી તમારા સો રૂપીઆ ભરીશ એવું વચન આપ્યું 'કંગાલો કી બાતકા કયા ભરોસા. મૈ પૈસે લીયે બીના દવા નહી દે સકતા.' નિરાશ શ્રી નારાયણ ઘેર આવ્યો તો તેની પત્ની ડોકટરના ઘેર જઈ તેમના પગ પકડીને પુત્રની જિંદગી બચાવવા પ્રાર્થના કરવા લાગી. ડોકટર એકના બે ન થયા પૈસાની માગણી ચાલુ રાખી. જતી વખતે શ્રી નારયણની પત્ની કહી ગઈ કે, ડોક કટર સાહેબ આજે આપને પૈસાનું ગુમાન છે પણ જયારે તમારા પર આવો વખત આવશે ત્યારે જ તમે સમજશો કે માતાપિતા માટે પુત્રની જિંદગી શું હોય છે? બે દિવસ પછી ગરીબી અને દવાના અભાવે શ્રી નારાયણનો પુત્ર મરણ પામ્યો. માતાપિતા લોહીના આંસુએ રડીને ચૂપ થઈ ગયાં.

બીજી બાજુ ડોકટર સાહેબનો ૧૮ વર્ષનો એકનો એક પુત્ર નરેશ શિકાર રમવા માટે પીલીભી ગયો હતો. ડોકટરનાં મનમાં કોઈ અજ્ઞાત આશંકાએ પ્રવેશ કરતાં ડોકટરે શિકાર છોડી જલદી ઘેર આવવા પુત્રને તારથી જણાવ્યું.

# વૈરનો વિપાક અને ધર્મનો મહિમા

પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મહારાજ

સંસારના અનંતા પ્રવાસોમાં દુઃખો ભોગવ્યા તેમ સુખ પણ ભોગવ્યાં, ચિરકાલ અનેક વખત દેવ અને માનવભવમાં પણ કલ્યાણનો પંથ સમજાયો નથી, સમજાયો હોય તો જચ્યો નથી અને જચ્યો હોય તો જીવનમાં ઉતાર્યો નથી.

ધર્મની આરાધનાની સામગ્રીવાળા દુર્લભ, ઉત્તમ અને કિંમતી માનવભવની પ્રાપ્તિ છતાં, ભૌતિક સુખની લિપ્સાને સફલ કરવા સજ્ઞાન અવસ્થા અને અજ્ઞાન અવસ્થાને પ્રાપ્ત થયેલ આત્માઓ પ્રમાદની પરવશતાથી ધર્મસાધન ન કરતાં વિષયકષાયમાં ચકચૂર બની અનેક પાપની રમત રમે છે. અનેક દોષોમાં વૈરવૃત્તિ અને કૃપણતા આત્માના અધઃપતનમાં મુખ્ય કામ કરે છે. તેને સમજવા માટે નીચેનું દૃષ્ટાંત માર્ગદર્શક બની શકશે.

આકાશરમણીના તેજસ્વી ચંક્રમણશીલ તિલકના તેજપ્રભામાં સ્નાન કરતાં વિકસિત સુરભી કમલવનથી સુશોભિત અને સમૃદ્ધિમાં ઇંદ્રપુરી સાથે સ્પર્ધા કરતું એક નગર હતું. નામે વિનયપુર. તેમાં એક શ્રીમંત સુખી શેઠ વસતા હતા. તેમનો પુત્ર નામે ધનમિત્ર બાલ્યાવસ્થામાં છે, ત્યાંજ માત-પિતા યમરાજના કવલ બની ગયા. નિર્ધનતાની સાથે મહાલનારા મિત્રસમા લઘુતા, નિંદા, અપમાન, તિરસ્કાર અને ધિક્કાર લોકમાં અને સગા-સંબંધીઓમાં થવા લાગ્યા. યુવાનીના આંગણે પ્રવેશ કરવા છતાં પણ તે શ્રેષ્ઠીપુત્રનું પાણિગ્રહણ થઇ શકયું નહિ. આમ નિર્ધનતાના દુઃખોથી હેરાનપરેશાન થતાં ભાગ્ય અજમાવવા પરદેશ વેપાર ખેડવા ઉપડી ગયા.

પરદેશમાં આણુનું ખોદાણ, ધાતુવાદ, રસા-

---

પિતાનો તાર મળતાં ડોકટરનો પુત્ર નરેશ પાછા ફરવા માટે તૈયારી કરવા લાગ્યો. તેનો ગામડીઓ નોકર જ્યારે મૂકવા માટે બંદુક સાફ કરી રહ્યો હતો ત્યારે નોકર ઉતાવળ કરતો નથી એમ લાગતાં નરેશ ખુબ ગુસ્સે થયો અને તેની પાસેથી ઝુંટવી પોતે બંદુક સાફ કરવા લાગ્યો. એટલામાં તેનો હાથ ઉતાવળમાં ભૂલથી ઘોડા પર પડી જતાં ઘોડો દબાઈ ગયો અને ગોળી નરેશના માથામાં લાગતાં તે તરત જ મરણ પામ્યો આ દ્રશ્ય જોઈ નોકર ચીસ મારીને બેભાન થઈ ગયો; કેમકે તેને ખબર હતી કે ડોકટર સાહેબ નરેશને કેટલો ચાહે છે! બીજા ગામવાસીઓની મદદથી નોકર શબ લઇ ઘેર લાવ્યો. તેને જોઈ ડૉ. યદુનાથ અને તેમનાં પત્ની શોકથી ગાંડા જેવાં થઇ ગયાં.

ડૉ. યદુનાથ પોતે કહે છે કે શ્રી નારાયણની પત્નીએ કહેલા શબ્દો અક્ષરશઃ સાચા પડયા છે હું પોતે સુખી હોવાથી કોઈનું દુઃખ દર્દ ન સમજ્યો અને પૈસાની જ પૂજા કરી આજે મારા ભેગા કરેલા રૂપીઆ ખાનાર મારા વંશમાં કોઈ ન રહ્યું આજથી હું પ્રતિજ્ઞા કરૂં છું કે મારા પેટ માટેની કમાણી સિવાય હું દરેક સ્ત્રી બાળકનો ઈલાજ મફત કરીશ. ડૉ. યદુનાથ શ્રી નારાયણની પણ માફી માંગી આવ્યા. તેઓ કહે છે કે, આવા કામોથી મારા પુત્રનો આત્મા ઠરશે. એક વખત ક્રૂર તરીકે વગોવાએલા ડૉ. યદુનાથની હવે આખા બરેલીમાં પ્રશંસા થાય છે. પંદર દિવસમાં જ શ્રી નારાયણનો અને ડૉ ના પુત્ર મરણ પામેલ. ચારે તરફ ગરીબની હાય કોઈ દિવસ ખાલી જતી નથી તેની ચર્ચા થઇ રહી છે. તેની સાથે ડૉ. યદુનાથમાં થયેલ પરિવર્તનથી પણ લોકો આશ્ચર્ય પામે છે. સં.

⊙

યથિક ક્રિયા, મંત્ર, યંત્ર, તંત્ર, જલમાર્ગે ને સ્થલમાર્ગે પ્રયાણ, રાજાની નોકરી, વેપાર આદિ વિવિધ પ્રયોગો દ્રવ્ય કમાવવા માટે કર્યા છતાં પણ કોઈ રીતે તેને ધન મલ્યું નહિ. તેથી નિરાશ અને ઉદ્વિગ્ન થયેલા તેણે કેવલી ભગવંત મળતાં પોતાનો પૂર્વભવ પૂછયો.

ભગવંતે ફરમાવ્યું; 'પૂર્વભવમાં તું ગંગદત્ત નામે એવો અત્યંત કૃપણ અને મત્સરી શેઠ હતો કે ધર્મમાર્ગે કંઇ દ્રવ્યનો વ્યય કરતો તો નહિ પણ અન્યને દાનાદિક કાર્યોમાં આડે આવે આમ કેટલોક સમય વ્યતીત થયા પછી એક શ્રાવક તેને મુનિ પાસે લઇ ગયો. તે મુનિના ઉપદેશથી કંઈક ભાવથી અને કંઈક મિત્રની દાક્ષિણ્યતાથી બની શકે તો જિનપૂજા કરવાનો અને નહિ તો દર્શન ચૈત્યવંદન જરૂર કરવા વગેરે ધર્મકરણીનો નિયમ લીધો, પણ કૃપણતાનાં કારણે જિનપૂજામાં ઘણો આદર ન રાખતાં દર્શન ચૈત્યવંદનનો નિયમ તો તેં પાલ્યો. તું ત્યાં મરણ પામી, તે પુણ્યના પ્રતાપે આ ભવમાં શ્રીમંત શેઠને પૂજામાં આદર ન રાખવાથી તેમજ અન્યને ધર્મકરણીમાં અંતરાય કરવાથી દરિદ્રી અને દુ:ખી રહ્યો. જે અપમાન; તિરસ્કાર-ધિક્કારાદિથી હેરાનપરેશાન બન્યો.'

હવે ધનમિત્રે પ્રતિબોધ પામી અણુવ્રત સ્વીકારી અભિગ્રહ લીધો કે દિવસના એક પ્રહર અને રાત્રિમાં એક પ્રહર ધર્મ કાર્યમાં જ પસાર કરવો એવો અભિગ્રહ ધારણ કરી સાધર્મિકને ત્યાં ઉતરી સવારે દરરોજ માલીને ત્યાં જઇ તેની વાડીમાંથી અમુક સંખ્યામાં ફૂલો વીણી આપવાના બદલામાં અમુક સંખ્યામાં ફૂલ મહેનતાણા તરીકે લેવાનું નકકી કરી તે કામમાં પ્રવર્તીને તેના ફૂલ વીણી આપી પોતાના ભાગમાં આવેલાં ફૂલ પ્રભુને ચઢાવતો. એમ પ્રથમ પ્રહર પ્રતિદિન ધર્મકરણીમાં જ પસાર કરે. દ્વિતીય પ્રહરે ભોજન કરી વ્યવહાર શુદ્ધિ અને ઔચિત્યાચરણાદિ અને વિધિપૂર્વક વ્યપાર કરવાથી વગર કષ્ટે સુખે નિર્વાહ થઈ શકે તેવો કંઇ કંઇ લાભ થવા લાગ્યો. જેમ જેમ ધર્મ ઉપર અભિરુચિ વધવા લાગી તેમ તેમ તેથી તેને અધિક અધિક ધનની પ્રાપ્તિ થવા લાગી. જેમ જેમ અધિક ધનની પ્રાપ્તિ થવા લાગી તેમ તેમ તે અધિક ધનનો ધર્મમાર્ગે વ્યય કરવા લાગ્યો અને અનુક્રમે જૂદા ઘરમાં રહી ધર્મિષ્ઠ અને શ્રીમંત થવાથી કોઇ મોટા શ્રીમંતની કન્યા તે પરણ્યો.

એકદા ગોવાલના વાડામાં ગોલ-તેલ વિગેરે વેચવા ધનમિત્ર ગયેલ. તે વખતે ત્યાંના ગોવાલના નાયકે સુવર્ણ છતાં પણ કોયલા જ છે એમ માની પોતાના વાડાની આગળ તેનો ઢગલો કરી દીધેલ દેખી કહ્યું, 'આ સુવર્ણ આમ કેમ નાંખી દીધું છે?' ત્યારે નાયકે કહ્યું, 'પહેલાં અમારા બાપે મરતી વખતે આ સોનું છે એમ કહી ઠગ્યા હતા, તેમ તું પણ અમને ઠગવા આવ્યો છે?' તેણે કહ્યું કે, 'હું ખોટું બોલતો નથી. ત્યારે નાયકે કહ્યું કે જ્યારે એમ છે તો આ ગોળ-તેલ અમને આપી દઇને તેના બદલામાં આ કોલસા તું લઈ જા. તેણે તેમજ કર્યું. તેમાંથી બત્રીસ હજાર સોનૈયા બન્યા. અને વળી તેને લીધે બીજો પણ વેપાર કર્યાથી તે મોટો શ્રીમંત થઈ પડયો. કેવું આશ્ચર્ય! તેજ ભવમાં પણ કેવો અતુલ ધર્મનો મહિમા પ્રગટયો!

એકદા સુમિત્ર નામના ધનાઢય શ્રીમંતને ઘેર ધનમિત્ર એકલો ગયો. તે વખતે સુમિત્ર પોતાના એક કરોડ સોનૈયાની કિંમતનો હાર પોતાના દિવાનખાનામાં મૂકી ઘરમાં કંઈ કામકાજ માટે ગયો. જરાવારમાં પાછા આવી ત્યાં હાર નહિ દેખવાથી ધનમિત્રને કહ્યું કે હમણા જ હાર અહીં મૂકી ઘરમાં ગયો હતો. બીજું કોઈ આવેલ પણ નથી, ત્યારે આટલા સમયમાં

હાર કયાં જાય ? માટે તું ચોર છે એમ કહીને તેને દરબારમાં લઈ ગયો. ત્યાં ધનમિત્રે ભગવંતનો કાયોત્સર્ગ કર્યો. ત્યાર પછી અગ્નિથી તપાવેલા તાવડામાં હસ્ત નાખવા માંડયો તે સમયે તેજ સુમિત્ર શેઠની ઓટીમાંથી બધા લોકોની દેખતા હાર જમીન ઉપર પડવા લાગ્યો, જેથી સૌ આશ્ચર્ય પામ્યા.

તેવામાં ત્યાં પધારેલા જ્ઞાનીએ તે સંબંધમાં જણાવ્યું કે 'પૂર્વભવમાં ગંગદત્ત નામના ગૃહસ્થને મગધા નામે સ્ત્રી હતી. તેણીએ પોતાની શેઠાણીનું લાખ સોનૈયાની કિંમતનું રત્ન ચોર્યું હતું. શેઠાણીએ ઘણીવાર માગવા છતાં પણ તેણીએ ન આપ્યું. ત્યારે ગંગદત્તે પોતાની સ્ત્રી ઉપર ઘણો પ્રેમ હોવા છતાં પણ કહ્યું, 'રાંડ અભાગણી ચોરી કરવા છતાં કેમ શીરજોરી કરે છે ? તું જ ચોર છે' એમ તેણીના ઉપર આળ ચડાવ્યું તો પણ તેણીએ રત્ન પાછું આપ્યું નહિ. શેઠાણી કાળ કરી તાપસણી થઇ વ્યંતર–દેવ થયો. મગધા મરણ પામી સુમિત્ર શેઠ થયો અને ગંગદત્ત મરણ પામીને ધનમિત્ર થયો. તે વ્યંતરે પૂર્વભવના વૈરભાવને લીધે ક્રોધાયમાન થઈ સુમિત્રના આઠ દીકરા મારી નાખ્યા.

આ રત્નાવલી હાર પણ હમણાં તેણે જ હર્યો હતો અને હજી પણ સુમિત્રનું સર્વસ્વ હરી લેશે. એ વૈરભાવથી ઘણા ભવ સુધી એને દુઃખ આપશે. અહો ! વૈરભાવનો કેવો ભયંકર વિપાક કેવું દુઃખદાયીપણું તે ધનમિત્ર ! પૂર્વભવમાં આમ તેં દીધેલું તેથી તેણે આ ભવમાં તારા ઉપર આળ દીધું. તારા પુણ્યના પ્રભાવે આવર્જિત થયેલ સમ્યગ્દષ્ટિ દેવતાએ તે વ્યંતર દેવ પાસેથી બળાત્કારે આ હાર મૂકાવ્યો એટલે સુમિત્રની ઓટીમાંથી પડતો દેખાડી તારૂં કલંક ઉતાર્યું.'

ગંગદત્ત નામના પતિએ પૂર્વભવમાં મગધા નામની પોતાની પત્ની ઉપર આળ મૂકેલું, તેથી આ ભવમાં સુમિત્ર શેઠ બનેલી પત્નીના જીવે આ ભવમાં ધનમિત્ર બનેલા પોતાના પતિના જીવ ઉપર આળ મૂકયું. સત્ય વસ્તુનું આળ આમ ભયંકર બને છે તો અસત્ય આરોપની કેટલી ભયંકરતા હોય તે વિચારવી ઘટે રત્નની ચોરીના દ્વેષથી દેવ બનેલા શેઠાણીના જીવે રત્નની ચોરી કરનાર અને સુમિત્ર શેઠ બનેલા મગધા નામની સ્ત્રીના જીવના આઠ પુત્રોને મારી નાંખ્યા, હાર હર્યો વગેરે કર્યું અને ભવિષ્યમાં પણ આવું ઘણા ભવ સુધી કરશે. માટે કોઇપણ રીતે કોઈપણ સાથે વૈર બાંધવા જેવું નથી.

વિરાધનાનું કટુ ફલ અને અલ્પ પણ ધર્મની સાધનાનું સુંદર ફલ પ્રત્યક્ષ ધનમિત્રે અનુભવેલું તેજભવમાં. તેથી ધર્મની સાધના વધારતા અત્યંત સુંદર સ્વપ્ને પણ ન કલ્પાય તેવું ફલ અનુભવ્યું.

જ્ઞાની વચનથી વૈરનો વિપાક કટુ અને ધર્મની સાધનાના સુંદર ફલ સમજી સુમિત્ર અને ધનમિત્રે વૈરાગ્ય પામી સંયમની સાધના કરી અનુક્રમે સિદ્ધિપદ પ્રાપ્ત કર્યું. સૌ વૈર ત્યજી ધર્મની સાધના કરો એજ કામના.

## ખોટા પૈસા ભિખમાં મળતાં !

એક લંગડા ભિખારીને બજાર વચ્ચે ભિખ માંગતો જોઈ એક ડોશીને દયા આવી. ભિખારીના હાથમાં એક આનો મુકીને ડોશીએ કહ્યું; 'ખરેખર તારી આ અપંગ દશા જોઇને મને બહુ દુઃખ થાય છે અને અપંગના કરતાં અંધાપો તે વળી વધું દુઃખદાયક છે.

તરત જ ભિખારી બોલી ઉઠયો; 'સાચી વાત છે માજી, હું આંધળો થયો હતો ત્યારે લોકો મને ખોટા પૈસા ભિખમાં આપી જતાં હતાં.

# મધ્યપ્રાંતની પ્રાચીન જૈનપુરી—બુરહાનપુર

પૂ. મુનિરાજશ્રી તત્ત્વવિજયજી મહારાજ

જરી કસબની કારીગરી માટે પ્રસિદ્ધ પામેલું બુરહાનપુર શહેર મધ્ય પ્રદેશ ખંડવા જીલ્લામાં તાપી નદીના કિનારા પર આવેલું છે. તેની પ્રાચીનતા ત્યાંનો રમ્ય કિલ્લો, મહેલ, ગુરાડા વગેરે અનેક સ્થળો જોવાથી પુરવાર થાય છે, અહીં પૂર્વે જૈનોના લગભગ ૨૦૦-૩૦૦ ઘરો હતા, સો વરસ પહેલાં આ બુરહાનપુરમાં કુલ વસ્તી લગભગ એક લાખ માણસોની હતી. સંવત ૧૯૭૬ની સાલમાં ૭૨ હજારની કુલ વસ્તી હતી, અને હાલમાં પર હજારની કુલ વસ્તી ગણાય છે અને જૈનોની ઘણી જાહોજલાલી હતી, આના પુરાવા તરીકે અહીં કાષ્ટ કારીગરીથી શોભતા ભવ્ય આલીશાન અઢાર જૈન મંદિરો તથા બીજા કેટલાક ઘર મંદિરો વિદ્યમાન હતા, ત મંદિરોની કારીગરી સુંદર હતી. તેમજ ચિત્રકામના આદર્શ નમુના રૂપે અહિં શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં શ્રી સમેતશીખરજી તીર્થનો ચિત્રપટ હતો, તથા ત્યાંનું કારીગરીપૂર્ણ લાકડાનું સમવસરણ દર્શનીય હતું પરંતુ વિક્રમ સંવત ૧૯૫૩ની ભયંકર આગથી ગામમાં લગભગ ત્રણ હજાર જેટલા ઘરો બળીને ભસ્મ થયા હતા. તેમાં શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનનું આખું મંદિર પણ ભસ્મીભૂત થઈ ગયું. આ મંદિરમાં ત્રણત્રણ ચારચાર ફુટ જેવડા ઘણા જિનબિંબો પ્રભાવિક અને પ્રાચીન હતા. આ મંદિર ગામમાં મોટામા મોટું ગણાતું હતું. પ્રાચીન તીર્થ ગાઈડમાં પણ આ મંદિર સંબંધી હકીકત છપાયેલ છે. આ મંદિરનો અગ્નિથી નાશ થતા અત્રેનો શ્રાવક સંઘ દરેક બાબતમાં અવનતિને પ્રાપ્ત કરતો ગયો. ૩૦-૩૫ વર્ષ પૂર્વે શ્રાવકોના ૫૦-૬૦ ઘરો હતા. તેમાંથી પણ હાલમા ૧૫-૨૦ ઘરની સંખ્યા રહી છે અને પરિસ્થિતિ પણ બારીક આવી છે.

આ અઢાર મંદિરોના વખતમાં બુરાનપુરમાં ઘણી જ જાહોજલાલી ભોગવી રહ્યું હતું. એક તીર્થસ્થાનના રૂપમાં લેખાતું હતું. પહેલા મહાન ધુરંધર જૈનાચાર્યો અને મુનિપુંગવો અહિં વિહાર કરીને આવતા અને આ ગામને પાવન કરતા. તેમજ ચાતુર્માસ કરીને જૈન સમાજને ધર્મોપદેશ આપતા હતા. તે સમયમાં અત્રે મોટા ચાર-પાંચ ઉપાશ્રયો હતા. પરંતુ ચાલુ સૈકામાં આ તરફ મુનિવરોનો વિહાર ઘણો જ ઓછો થવાથી અને અત્રે કાળચક્રાનુસાર જૈનોની આબાદિ દિન-પ્રતિદિન કમ થવાથી સં૦ ૧૯૫૭ મા પૂ. મુનિરાજશ્રી હંસવિજયજી મ. ના હસ્તક અત્રેના શ્રી સંઘે મળીને અઢાર મંદિરનાં નવ મંદિરો કર્યાં હતાં. બાદ તે દરમ્યાન પણ જૈનોની વસ્તી નિરંતર ઘટતી જવાથી તે નવ દેરાસરોની વ્યવસ્થાને પણ અત્રેનો સંઘ ન પહોંચી વળવાથી અને આશાતનાનો ભય લાગવાથી સંવત ૧૯૭૪માં મુનિરાજશ્રી જયમુનિજી મહારાજના ઉપદેશથી શ્રી સંઘે મળી નવ દેરાસરોનું એક દેરાસર કર્યું. તે સમયે લગભગ ત્રણસો જેટલા પ્રતિમાજી કચ્છ વગેરે દૂર દૂરના પ્રદેશોમાં જ્યાંથી શ્રી સંઘ ઉપર માગણી આવી ત્યાં મોકલવામાં આવ્યા હતા. તેમજ સં. ૧૯૫૮ સાલમાં (૪૭૫) પોણા પાંચશો ધાતુની પ્રતિમાજી પાલીતાણા મોકલ્યા હતા.

સં. ૧૯૭૬ની સાલમાં (૨૪) ચોવીસ પ્રતિમાજી ભાંડક તીર્થમાં લઇ ગયા છે. સંવત ૧૯૭૩-૭૪ ની સાલમાં આ નવા દેરાસર માટે જ્યાં પહેલા ઉપાશ્રય હતો તે સ્થાને પાયો ખોદાવરાવી ખાતમુહૂર્ત થયેલ. મંદિરનું કામ પાંચ વર્ષ ચાલ્યું હ તુ આ મંદિર સુંદર અને એક દેવ વિમાન જેવું શોભે છે, દેરાસર નકસીપૂર્ણ રમ્ય અને શિખરબંધી બંધાયેલું

છે. ઉકત મંદિરની ૧૯૭૬ ની સાલમાં વૈશાખ વદી ૬ ના દિવસે ધામધૂમ પૂર્વક આચાર્ય મ. જયસૂરિ મહારાજનાં હસ્તે પ્રતિષ્ઠા થઈ છે. હાલમાં પણ મંદિરમાં પ્રતિમાજીનો પરિવાર સારો છે.

વચમાં મૂળનાયક તરીકે સોળમા શ્રી શાન્તિનાથ ભગવાનની પ્રતિમાજી બિરાજે છે. આ પ્રતિમાજી ૨॥–૩ ફુટના અને પરિધરવાળા છે. આ મનોહર પ્રતિમાજીના દર્શન કરતા આત્માને ઘણો આનંદ થાય છે, નીચે ભૂમિ ગૃહમાં દશમા શ્રી શીતલનાથ ભગવાન મૂળ-નાયક છે આ પ્રતિમાજી ૩–૩॥ ફુટના છે. તેમનાં દર્શન આત્માને ખરી શીતલતાનું ભાન કરાવે છે. ઉપર શિખરમાં ચાર પ્રતિમાજી ચૌમુખજીના રૂપમાં બિરાજે છે આ પ્રતિમાજી પણ બે બે ફુટના છે. પહેલા જે અહિં અઢાર જૈન મંદિરો હતા તે સર્વ મંદિરોના મૂળનાયક ભગવાન અત્રેના નવીન મંદિરમા પધરાવ્યા છે. તે મૂર્તિઓ એક એકથી અદ્ભૂત અને પ્રભાવશાળી છે.

બુરાનપુરમા ત્રણ–ચાર પેઢીઓથી એવી દંતકથા પ્રચલિત છે કે સાતમા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી તથા હાલમાં નવા મંદિ-રની નીચેની ઓરડીમાં માનભદ્રજીની પાસે ભૈરવજી છે તે આજથી લગભગ ૨૦૦–૨૫૦ વરસ પહેલાં માંડવગઢ તીર્થથી અદ્રશ્ય રૂપે અત્રે આવેલા છે.

આ પ્રતિમાજી પંચધાતુમય પરિધર સહિત લગભગ ત્રણ મણ વજનમાં છે, પરિધરના બે ખંડ થાય છે અને પ્રતિમાજી પણ પરિધરથી જુદા થઈ શકે છે. પ્રતિમાજી ઘણા સુંદર છે. આ પ્રતિમાજી અને તેના પરિધર ઉપર લેખ છે.

મૂર્તિ ઉપરનો લેખ આ પ્રમાણે છે.

'स्वति संवत १५४१ वैशाख सुदी ६ तिथौ गुरुवारे श्रीमालज्ञातीय धरायल गोत्रे उडक पजोलीया संघवी मोला संताने संघवी हरघण पुत्र संघवी पकदेव पुत्र संघवी राण भार्या तिलक पुत्र संघवी धरणा संघवी सुहणा। धरणा भार्या सेढी पुत्र पदमशी। संघवी सुहाणा भार्या मानु द्वितीय भार्या लाढी पुत्र संग्रामेण वीरयुतेन संघवी सहाणाकेन आत्मपुण्यार्थं श्री सुपार्श्वबिंबं कारितं प्रतिष्ठितं च श्री धर्मघोषगच्छे भटारक श्री विजयचंद्रसूरिपट्टे भटारक श्री साधुरत्नसूरि-भिः मंगलं अस्तु शुभं भवतु ॥'

પરિધર ઉપરનો લેખ આ પ્રમાણે છે.

संवत १५४१ वैशाख सुदी ६ श्रीमालज्ञातीय संघवी राणा सुत संघवी धरणा भार्या सेढी संघवी सुहणा भार्या मानु द्वितीय भार्या लाढी सह वीरयुतेन श्री सुपार्श्वबिंबं कारितं प्रतिष्ठितं च धर्मघोषगच्छे श्री साधुरत्नसूरिभिः मंगलं.

બુરહાનપુર આવનાર જાત્રાળુઓને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ આદિની પ્રાચીન પાદુકાઓ જે અત્રેથી ત્રણ માઈલ દૂર 'સોન બરડી'માં આવેલા છે, તેના દર્શનનો પણ લાભ મળે છે.

⊙

## મારી મોટર સાથે છે.

ગર્ભ શ્રીમંતનો પુત્ર કોઇ પુસ્તકોની દુકાને ચઢયો ને વિવિધ પુસ્તકો ફેરવા માંડયા. મદદરૂપ થવા વેચનારે કહ્યું, 'કંઇ હળવું સાહિત્ય બતાવું ?'

'ખાસ નહિ, ભારે હશે તો ચાલશે, મારી મોટર સાથે જ છે.'

# મહાસાગરનાં મોતી

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

શુદ્ધ આશયથી ધર્મ થાય તો એવી સુખની સામગ્રી મળે કે તેને સામગ્રી પણ છોડે નહિ અને સાથે વિરાગ પણ કેડો છોડે નહિ.

કોઇ માન ન આપે એવી શ્રીમંતાઇ કરતા સહુ માન આપે એવી દરિદ્રતા સારી છે.

પુણ્યનું કામ સામગ્રી આપીને આઘાર હેવાનું છે, તેનો લાભ લેવો કે ગેરલાભ લેવો એ આપણાં હાથની વાત છે.

એક માણસ સામાયિક લઈને વગર ચિંતાએ ઉંઘે અને બીજો માણસ પેઢી ઉપર બેઠો બેઠો ક્યારે સામાયિક કરૂં એવો વિચાર કરે એ બેમાં અધિક નિર્જરા પેઢી ઉપર બેઠેલો સામાયિકના વિચારવાળો કરે.

પ્રાણીમાત્રને જે સુખ ગમે છે તે સુખ સમકીતિને ગમતું નથી, તેને તો આધ્યાત્મિક સુખ જ ગમે છે.

જેને મોક્ષ ન ગમે તેને મોક્ષમાર્ગના સ્થાપકો ન ગમે અને ત્યાગ ન ગમે તેને સાધુઓ ન ગમે.

પુણ્ય ઉપાદેય અને પુણ્યથી મળતું સુખ હેયોપાય નહિ એવી માન્યતા જેને હોય તે સમકીતિ.

ધર્મ કરીએ તો પુણ્ય બંધાય જ પણ પૌદ્ગલિક સુખની લાલસાથી પુણ્યની ભીખ ન મંગાય.

જે ક્રિયામાં નિર્જરા કરાવવાની શક્તિ છે તે ક્રિયામાં પુણ્ય બંધાવવાની શક્તિ તો છે જ.

ભગવાનને માને, ગુરુને માને, ધર્મને માને અને સંસાર સુખ મેળવવા જેવું, મળે તો લેવા જેવું, લીધા પછી ભોગવવા જેવું, સાચવવા જેવું અને જાય ત્યારે રોવા જેવું માને તે સમકીતિ નથી.

પાંચે મહાપાપોને સેવનાર કરતાં સેવવા જેવું માનનાર મહાપાપી છે.

જ્યારે જ્યારે ભૂખ લાગે ત્યારે મોક્ષ યાદ આવવો જોઈએ, અને એમ થવું જોઈએ કે–શરીર ન હોય તો આ આપત્તિ ન હોત.

મોક્ષની ઇચ્છા પૂર્વક જેનો દષ્ટિવિકાસ થાય તેને ધર્મકાર્યમાં ખેદ ન આવે.

જ્યારથી સ્વાદ વધ્યો ત્યારથી રોગ વધ્યા.

જીવો ત્રણ પ્રકારના હોય છે. સુખરસિક, પુણ્યરસિક અને ધર્મરસિક. સુખનો રસિયો પુણ્ય કરે પણ તેને પુણ્યનો રસિયો ન કહેવાય. જેટલા દુઃખથી ડરનાર તેટલા સુખના રસિયા. સંસાર એટલે દુઃખનું ઘર, જ્યારે સુખનો રસ મરે ત્યારે ધર્મનો રસ જાગે.

શ્રી જિનેશ્વરદેવોનું જીવન એટલું બધું અનુપમ છે કે તેની સરખામણી સમગ્રવિશ્વમાં અન્ય કોઈની સાથે થઈ શકે તેમ નથી. માટે

મુક્તિ સાધવી જ હોય તો તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં રહેવું એજ હિતાવહ છે.

સંપૂર્ણ અને અતિશાયી શ્રુતજ્ઞાનના ધરનારા શ્રી ગણધરદેવો પણ તેજ વસ્તુને સાચી અને શંકા વિનાની કહે છે કે જે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવી હોય.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને જ પોતાનો આદર્શ, દરેક સમ્યગ્દૃષ્ટિ આત્માએ બનાવવો જોઇએ, એ આદર્શના પાલનના યોગેથી જિનેશ્વર થાવ, ત્યારે ખુશીથી શ્રી જિનેશ્વરદેવના જીવન જેવું જ જીવજો; પણ તે સ્થિતિની પ્રાપ્તિ થયા વિના 'મોટા કરે તે કરવુ" એવી ઘેલછાનો પ્રચાર કરશો તો પાયમાલ થશો.

નોકરે શેઠ કરે તેમ કરવાનું ન હોય પણ શેઠ કહે તેમજ કરવાનું હોય, આજ્ઞા મુજબ સંયમ પાળનારા મુક્તિપદે ગયા.

વચન પરથી વ્યક્તિની કિંમત આંકવાની જૈનશાસનમાં નથી કહી.

કેવળ ક્રિયા કે વચનના આધારે જ ભૂલ્યા તો પરિણામ ખરાબ આવશે. પહેલાં પરીક્ષા વ્યક્તિની અને પછી એની ક્રિયાનો આદર.

વ્યવહાર પણ સારાં વચનના નામે નથી ચાલતો. પરંતુ વ્યક્તિના નામથી ચાલે છે.

'પુરુષવિશ્વાસે વચનવિશ્વાસઃ' રાખનારો કદી ભૂલો પડે નહિ.

સજ્જનના કરતાં દુર્જનનાં વચનો વધારે મીઠાં હોય છે. દુર્જનની જીભમાં મધ અને હૃદયમાં હળાહળ ઝેર હોય છે. સજ્જનના હૃદયમાં કેવળ મધુ જ ભરેલું હોય છે. છતાં પ્રસંગે હિતની ભાવનાથી વચનમાં ઉપલક કટુતા પણ તેને લાવવી પડે.

સાચા સમ્યગ્દૃષ્ટિને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા આગળ મસ્તક નમાવતાં શરમ ન જ આવવી જોઇએ. આજ્ઞામાં વર્તો, ન વર્તાય તો વર્તે તેને હાથ જોડો અને ભવિષ્યમાં વર્તવાની ઉમેદ રાખો. તોપણ આજીવનમાં ઘણું પામ્યા એમ મનાય.

તમારાં જીવનમાં સંયમનો રસ રેડનારાઓ તમારાં જીવનનું એકાંત શ્રેય કરવા ઇચ્છે છે તમને સંયમી બનાવવા એમાં જ તમારૂં સાચું સંરક્ષણ છે.

સંયમ તરફ તમારાં હૃદયને વાળનાર મહાપુરૂષોમાં નિર્દયતાનો એક અણુ માત્ર પણ નથી એમ નક્કી માનો, એમાં નિર્દયતા મનાવનારાઓ પોતે જ નિર્દયતાની મૂર્તિ છે.

પ્રભુનાં શાસનમાં રક્ત આત્માઓની શાંતિ તો સ્વ પરનો ઉધ્ધાર કરનારી હોય છે એની શાંતિમાં અસત્યનું સામ્રાજ્ય અને સત્યની કતલ ન જ નિર્માય એવી ખોટી અને સ્વાર્થી શાંતિ બગજીવન જીવનારાઓ માટે જ રહેવા દો.

શ્રી જિનેશ્વરની વાણીનો બોલનાર નિર્ભય છે. એના પરનાં અનેકાનેક આક્રમણો એની મેળે જ ઓસરી જાય છે. અનેકાનેક ભયનાં વાદળો જેમ વાયુના ઝપાટાથી મેઘનાં વાદળ વિખરાઈ જાય તેમ આપો આપ વિખરાઈ જાય છે

---

શ્રી જિનેશ્વરદેવની વાણીનો પ્રભાવ અજબ છે, ધમાલ કરવાના ઇરાદે આવેલા પણ, પ્રભુની વાણીના પ્રતાપે શાંત થઇ સાંભળે છે.

પ્રભુશાસનનો પ્રચાર કરતાં અમે ભયમાં સપડાઇએ તો પણ પરવા નથી, વિરોધીઓ અમારે માટે અમારી જાતને માટે એમને છાજે તેવાં ગપ્પા ઉડાવે, કલંકો મૂકે, ગાળો દે, એની અમને પરવા નથી. અમે શુદ્ધ હોઇશું તો અમારી જીવનનૌકા મજેથી તરી જશે.

પ્રભુઆજ્ઞાના બળે સંસારસાગર તરી જઈશું અને સહેલાઇથી મોક્ષે પહોંચી શકીશું.

અમારે માટે તો વિરોધીઓ કર્મ-ક્ષયમાં સહાયક છે, પણ જો અમારામાં અંદર પોલ

હશે તો દુનિયા અમને પૂજે તોય અમારા માટે ઊંડા ખાડા તૈયાર છે.

સંયમ વેચીને શ્રી જિનેશ્વર દેવના સંયમને નિંદે છે તેઓને કોટિ કોટિ ફીટકાર છે. જે પાપાત્માઓ સંયમની સામે કાદવ ઉછાળે છે તેઓ જ એ પોતાના ઉછાળેલા કાદવમાં ચોંટવાના છે

ઉત્તમ પ્રકારના સંયોગોનું સેવન કરવું એમાં જ આપણું શ્રેય છે.

સો પાપમાં નવાણું પાપને પાપ માને અને એક પાપને પુણ્ય માને ત્યાં સુધી સમ્યક્ત્વ હોતું નથી.

ત્રિકાળ જિનપૂજન વ્યાખ્યાનશ્રવણ ને ઉભયકાળ આવશ્યકનો હેતુ જ એ છે કે આત્મા પાપને માની જાગતો રહે, પાપથી કંપતો રહે.

ઉઘાડા નાસ્તિકથી બચાવ સહેલો છે. પણ આસ્તિકના વેષમાં છૂપાયેલા દાંભિક નાસ્તિકોથી બચાવ કરવો એ ઘણો જ મુશ્કેલ છે.

(હવે આવા નાસ્તિકો વધી ગયા છે)

સાચી સ્વતંત્રતા જોઈતી હોય અને સંસારથી ભય પામ્યા હો તો શ્રી જિનેશ્વરદેવનાં શરણે જવું એ જ શ્રેયસ્કર છે.

શ્રી જિનેશ્વર દેવની એકેએક આજ્ઞા કેવળ કલ્યાણના અર્થે જ નિર્માયેલી છે એટલે એને પામીને પોતામાં પ્રવેશ પામેલા દોષોનો સુધારો કરવો એ જ જરૂરી છે.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા એ જ ધર્મ છે. આથી એ આજ્ઞાથી વિહિત નહિ કરાયેલી વસ્તુનું સેવન કરવું એ પાપ છે. અને એની આજ્ઞાથી નિષિદ્ધ કરાયેલી વસ્તુનું સેવન કરવું એ મહા પાપ છે.

જે દયા માટે જ્ઞાનની જરૂર છે તે દયા જ્ઞાન ખામતાં મૂકવી પડતી હોય તો એ જ્ઞાનને ક્રોડ– ક્રોડ નમસ્કાર હોજો. કોઈપણ જીંદગીમાં એવું જ્ઞાન મળશો નહિ.

હેતુ હિંસા સ્વરૂપ હિંસા અને અનુબંધ હિંસાના સાચાં સ્વરૂપને સમજવાનો ખૂબ પ્રયત્ન કરો. જ્ઞાનીએ વિહિત કરેલી ધર્મકરણી કરતાં સ્વાભાવિક રીતે થઈ જતી હિંસા, તે સ્વરૂપ હિંસા કહેવાય છે. હિંસાની બુદ્ધિયે કરવામાં આવતી હિંસા તે હેતુ હિંસા અને તે પણ જો રાચીમાચીને કરવામાં આવે તો તે અનુબંધ હિંસા કહેવાય.

સ્વાભાવિક ગુણો પણ યોગ્ય સંસર્ગના પ્રતાપે ટકે.

મહાપુરુષોએ ગમે તેવા સંયોગોમાં પણ પોતાનું સ્થાન ન ચુકવું જોઈએ.

ધર્મગુરુઓએ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને આઘી મૂકી જમાનાની પૂંઠે જવું એ ઘોર પાપ છે. એટલું જ નહિ પણ ભયંકર શાસન દ્રોહ છે.

અનંત જ્ઞાનીઓએ વિહિત કરેલા ધર્મમાં સુધારો કરનાર જમાનો નથી પણ જમાનામાં સુધારો કરનાર ધર્મ છે, શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો ધર્મ તો ત્રિકાલાબાધિત છે. જે ધર્મ ત્રિકાલાબાધિત ન હોય તે જગતનું વાસ્તવિક કલ્યાણ પણ ન કરી શકે.

દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ જરૂર જોવા પણ તે એટલા માટે જ જોવા કે ધર્મનો વધુ પ્રચાર કેમ થાય. ધર્મના નાશ માટે તે દ્રવ્ય, ક્ષેત્ર કાળ કે ભાવ જોવાના નથી.

એ નો ડા ઈ ઝ
એલ્યુમીનીયમ લેબલ્સ
★ ફરનીચર ★ મશીનરી ★ રેડીયો
વગેરે અનેક ઉદ્યોગોને ઉપયોગી
–: વધુ વિગત માટે લખો :-
એક્ષેલ પ્રોસેસ વર્કસ,
ઇરલા, મુંબઈ-૨૪

# વિનાશનાં તાંડવ: [ માનસિક હિંસાના દારુણ વિપાકને દર્શાવતી ચાલુ કથા ]

પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

**પૂર્વપ્રકરણનો સાર :** મારિદત્ત રાજાને ઉદ્દેશીને મહર્ષિ અભયરુચિ હિંસાના દારૂણ વિપાકો દર્શાવવાપૂર્વક પોતાના પૂર્વભવો જણાવે છે. સુરેંદ્રદત્તરાજાના જીવમાં લોટના બનાવેલા કુકડાને માનસિક હિંસાના પરિણામે માતા યશોધરા અને સુરેન્દ્રદત્ત કેટલા ભવો તિર્યંચ યોનિઓમાં રખડે છે. અને સાતમા ભવમાં બન્ને માતા–પુત્ર કુકડારૂપે ઉત્પન્ન થાય છે. ને રાજાના દંડપાશિક–કોટવાલના હાથે પોષણ પામે છે. ત્યાં આચાર્ય મહારાજનાં મુખેથી ધર્મ સાંભળવા મળે છે. ને પોતાનાં પૂર્વભવો તે બન્ને સાંભળે છે. ત્યાં ક્રિયા કરતા ગુણધરરાજાના બાણથી તે બન્ને મૃત્યુ પામે છે. હવે વાંચો આગળ !

⊙

## પ્રકરણ ૬ ઠ્ઠું

## પુત્રને ત્યાં જન્મ

સાતમાં ભવમાં મરતાં મરતાં અણુસણુ સ્વીકાર્યું હતું. તેથી મરતી વખતે સમતાનાં પરિણામ આવ્યા, આથી કલ્યાણુની દિશા તરફ વળ્યાં અને જયાવલીની કુક્ષીમાં અમો યુગલ રૂપે ઉત્પન્ન થયા.

જીવ ગર્ભમાં આવે તે જો પુણ્યશાલી હોય તો માતાને સારા દોહલા (ઈચ્છા) થાય અને જો પાપીષ્ટ હોય તો ખરાબ દોહલા થાય એ સૌને અનુભવની વાત છે. મરણુ વખતે અમારા સમતાના પરિણામ હતા. અને અમારો વળાંક બદલાવાતો હોવાથી જયાવલીને સારા સારા દોહલા થવા લાગ્યા.

જેલમાંથી બંદીવાનોને છોડાવી મૂકયા.

પાંજરામાંથી પક્ષીઓને છુટા મુકી દીધા.

માછીમારોની જાળો બંધ કરાવી.

પારધીઓના શિકાર રોકાવ્યા.

ગુણધર રાજાને પણ શિકાર કરતાં રોકયાં.

આવા આવા જયાવલીને અભયદાનના પરિણામ થવા લાગ્યા. યોગ્ય કાળે અમે જન્મ્યા. મારી પુત્રવધુ મારી માતા બની અને મારો પુત્ર તેજ મારો પિતા બન્યો. સંસાર રૂપ અટવીમાં ભમતાં જીવને અનેક પ્રકારના સંબંધો થાય છે, પણ જીવ અજ્ઞાનતાથી તે જાણી શકતો નથી.

ગુણધર રાજાએ અમારો જન્મ મહોત્સવ કર્યો અને મારૂં નામ અભયરુચિ પાડયું અને મારી માતાનું નામ અભયમતી પાડવામાં આવ્યુ અમે મોટા થયા. વિદ્યાભ્યાસ કરી જ્ઞાન અને કળાઓમાં પ્રવિણુતા મેળવી અનુક્રમે યૌવન અવસ્થાને પામ્યા, એટલે ગુણધર રાજાએ સામંતાદિને કહ્યું કે 'અભયરુચિ કુમારને યુવરાજ પદે સ્થાપવો છે અને અભયમતી કુંવરીને પરણાવી દેવી છે.'

એકવાર ગુણધરરાજાને શિકાર કરવા જવાનો શોખ થઈ આવ્યો એટલે શિકાર કરવાની સઘળી સામગ્રી તૈયાર કરાવી શિકાર કરવા માટે વિશાખા નગરમાંથી તેઓ બહાર નીકળ્યા. આગળ જતાં સુગંધી પવન આવવા લાગ્યો રાજાએ ચારે બાજુ નજર કરી તો તિલકવૃક્ષની નીચે ધ્યાનમાં રહેલા સુદત્ત નામના મુનિવરને જોયા.

શાંત મુનિને જોતાં રાજાને કોઈ શુભ ભાવ ન આવ્યો પણ મનમાં થયું; 'અહો ! આજે મારી ઈચ્છા અનેક જીવોનો વધ કરી દેવદેવીને તર્પણ

કરવાની હતી, તે આ મુંડીઆના શુકન થવાથી પૂર્ણ નહિ થાય. સામો જ આ મુંડીયો દેખાયો. બીજાને હણતાં પહેલા આનો જ શિકાર કરી નાખું.'

આવો ભયંકર વિચાર તેને આવ્યો અને તુરત અમલમાં મૂકયો. શિકાર કરવામાં ચકોર મોટા મોટા શિકારી કૂતરાઓને છુ છુ કરીને તેણે મુનિ તરફ છુટા મુકી દીધા.

રાજાનો હુકમ થતાં આ શિકારી કૂતરા ધસમસતા મુનિને ફોલી ખાવા દોડયા, મુનિની નજીક પહોંચ્યા ત્યાં તપથી તેજસ્વી મુનિને જોતાં કૂતરા એકદમ છોભીલા પડી ગયા. મુનિને ત્રણ પ્રદક્ષિણા આપી જમીન ઉપર માથું નમાવીને નમસ્કાર કરવા લાગ્યા.

આ જોઇ રાજા વિચારમાં પડી ગયો. આ કૂતરા એવા ભયંકર છે કે દૂર રહેલા ગમે તેવા વેગવંતા પશુને પણ ગળપ કરી જનારા અને ધાર્યું નિશાન પાડનારા હોવા છતાં આ બધા કૂતરાને એકદમ શું થઈ ગયું કે, મદારીની મોરલીથી જેમ સાપ નાચે તેમ બધા વિનીત થઈને તેમની પાસે બેસી ગયા. જરૂર આ મુનિ કોઇ લબ્ધિવંત હોવા જોઈએ, કોઈ દિવ્ય પ્રભાવ હોવો જોઇએ કે જે કોઇ પોતાની છાયામાં આવે તે ક્રૂર હોય તો પણ શાંત બની જાય.'

રાજા મનમાં લજ્જા પામ્યો. આ મુનિનો નાશ કરવા કૂતરાને છુટા મૂકયા પણ ધન્ય છે આ કૂતરાઓને કે જેઓ મુનિને ઉપદ્રવ કર્યો સિવાય તેમના ચરણમાં બેસી ગયા. ખરેખર તે શ્વાન પુરુષો છે. જ્યારે હું અધમ કે જેણે આવા મહાત્માનો નાશ કરવા કૂતરાને હુકમ કર્યો એટલે પુરુષશ્વાન છું. અને મુનિ મર્યા નહિ તો પણ હું મુનિ હત્યારો છું મારૂં શું થશે ?'

આ અવસરે રાજાનો એક બાલમિત્ર અર્હદ્દત્ત નામનો શ્રેષ્ઠીપુત્ર મુનિને નમસ્કાર કરવા આવી રહ્યો હતો. તે બધી વાત સમજી ગયો. રાજાને કહ્યું કે, 'તમે આ શું કર્યું આ મહામુનિને ઉપસર્ગ કર્યો.'

રાજાએ કહ્યું; હે મિત્ર ! હું માણસોમાં કૂતરા સમાન છું. માટે મારૂં ચરિત્ર સાંભળવાનું તારે કાંઈ કામ નથી.'

અર્હદ્દત્તે કહ્યું; 'રાજન્ ! આવું ન બોલો આપ ઘોડા ઉપરથી નીચે ઉતરો અને આ મુનિને વંદન કરો આ મહામુનિ કોણ છે તેમને ઓળખો છો ?'

આ મુનિ કલિંગદેશના અમરદત્ત રાજાના સુદત્ત નામે પુત્ર હતા, પછી તે રાજા થયા એકવાર એક ચોર એક શેઠનું ખૂન કરી ધનની ચોરી કરીને નાસતા પકડાઇ ગયો. તલારક્ષકોએ રાજા પાસે હાજર કર્યો, ત્યારે રાજાએ ન્યાધીશને કહ્યું કે, 'આ ચોરે મુખ્ય માણસનું ખૂન કરી ચોરી કરી છે માટે તેને શું દંડ કરવો જોઈએ ?'

ન્યાયાધીશે કહ્યું; 'રાજન્ ! આણે પુરુષનો ઘાત અને ચોરી એમ બે અપરાધ કરેલા છે, માટે તેના હાથ, પગ, કાન, નાક, આંખ કાપીને ત્રણ રસ્તા ચાર રસ્તાઓમાં લોકોને જણાવીને મારી નાખવો જોઈએ.'

આ સાંભળી રાજા વિચારવા લાગ્યો, 'ધિક્કાર છે આ રાજ્યને જ્યાં આવી શિક્ષા કરવાની! આમ વિચારી સુદત્ત રાજાએ પોતાના આનંદ નામના ભાણેજને રાજ્ય સોંપી દીક્ષા લીધી. તીવ્ર તપ તપતાં ગામેગામ વિચરતા તેઓ અહીં આવેલા છે માટે આ મહામુનિવર વિશેષ વંદનીય છે. પણ તેમને કોઈ રીતે ઉપદ્રવ કરવો તે આપણા પોતાનું જ અહિત કરવા જેવું છે.

આ સાંભળી ગુણધર રાજા ઘોડા ઉપરથી નીચે ઉતર્યા. અને મુનિ પાસે જઇ વંદન કર્યું મનમાં પશ્ચાત્તાપ થવા લાગ્યો અને વિચારવા લાગ્યા કે આ મેં જે કાર્ય કર્યું છે તેના પશ્ચાત્તાપ રૂપે મારો શિરછેદ કરી નાખું. અહીં રહેવું યોગ્ય નથી.

મનઃપર્યવ જ્ઞાનથી રાજાનો અભિપ્રાય જાણી સુદત્તમુનિ બોલ્યા; 'રાજન્! તમે જે વિચાર કર્યો તે આનું પ્રાયશ્ચિત નથી. ધર્મ નાયકોએ આત્મઘાત કરવાનો નિષેધ કરેલો છે.'

રાજાએ પૂછયું આનું શું પ્રાયશ્ચિત?

મુનિએ કહ્યું; જે પાપ કર્યું હોય તેના પ્રતિપક્ષનું સેવન કરવું તેથી આત્માની શુદ્ધિ થાય છે. વળી સાધુનું દર્શન અપશુકન લાગ્યું કે આ મલમલિન શરીરવાળા, ઘેર ઘેર ભીખ માંગીને જીવનારા છે માટે તે અપશુકન ગણાય. મલથી મેલાપણું એ મેલાપણાનું કારણ નથી. મધ્યસ્થ થઇને સાંભળો.

મલ, કાદવ કે ધૂળથી મેલા થયેલા માણસો મેલા નહિ ગણાય પણ જે પાપરૂપ પંકથી મેલા હોય તે મેલા ગણાય છે. પાણીથી ક્ષણ વાર શરીરની બાહ્ય શુદ્ધિ થાય છે. સ્નાન એ કામનું અંગ ગણાય છે તેથી મહર્ષિઓ સ્નાન કરતા નથી. મુનિઓ દેવતાઓને પણ મંગળ રૂપ છે.

મુનિની વાણી સાંભળતાં રાજાનું મિથ્યાત્વ નાશ પામ્યું. મુનિના પગમાં પડીને અપરાધ ખમાવવા લાગ્યો.

મુનિએ કહ્યું; 'અમારે કોઈના ઉપર વૈર ભાવ હોતા નથી પહેલેથી જ ક્ષમા આપેલી છે, ક્ષમા રાખવી એ અમારો ધર્મ છે.

રાજાને વિચાર આવ્યો કે આ મુનિવર મહાજ્ઞાની છે માટે મારા પિતા અને દાદીની શી ગતિ થઇ હશે તે મુનિવરને પુછું એટલે તેણે પૂછયું: પ્રભો! મારા પિતા અને દાદી મરીને કઇ ગતિમાં ગયા? અને હાલ કયાં છે?

(ક્રમશઃ)

❀


**જૈન સાહિત્ય પ્રચારાર્થે સસ્તુ અને સારૂં—મંગાવો.!**

| | પૃષ્ટ | કિંમત |
|---|---|---|
| ૪ અભયકુમાર ચરિત્ર ગુજરાતી ભા. ૩ જો | ૧૫૪ | ૦-૧૨-૦ |
| ૫ વૈરાગ્ય રસમંજરી ભાષાંતર સાથે (આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી કૃત) | ૪૭૬ | ૧-૪-૦ |
| ૭ આનંદ સુધા સિન્ધુ ભા. ૨ જો (આચાર્યશ્રી સાગરાનંદસુરીશ્વરજી કૃત) | ૩૦૪ | ૩ ૦-૦ |
| ૯ કુમારપાલ ભૂપાલ ચરિત્ર ગુજરાતી ભા. ૧ લો | ૪૧૮ | ૨-૮-૦ |
| ૧૦ ,, ,, ,, ભા. ૨ જો | ૧૯૨ | ૨-૦-૦ |
| ૧૧ સંભવનાથ સ્તવનાવલી અને ચરિત્ર (પ્રાચીન કવિઓ કૃત) ગુજરાતી | ૧૯૨ | ૦-૧૨-૦ |
| ૧૨ જૈન ગૂર્જર સાહિત્યરત્નો (પ્રાચીન સ્તવનો સમજુતી સાથે) ભા. ૧ લો. | ૫૬૪ | ૨-૪-૦ |

પોષ્ટેજ તથા પેકીંગ ચાર્જ જુદો

લખો.

**શેઠ નગીનભાઇ મંછુભાઈ જૈનસાહિત્ય ફંડ**

ઠે. પોલીસ ગેટ સામે, ગોપીપુરા, સુભાષચોક,

**મુ. સુરત**

વિજ્ઞાનથી જ્ઞાન, સાહસથી સમૃદ્ધિ અને સમૃદ્ધિથી સુખશાંતિ મળવો.

ન્યુ. રૂ બજારનો અદ્દભુત પ્રકાશન **અભેદનો ભેદ**

(જે ખરેખર ભેદાઇ ગયો છે!!)

યાને થીયરી ઓફ રીમટીશન ભેટ મેળવો :

રોજેરોજના ખુલતા તથા બંધ ભાવો સાથે સાથી Life Long કાયમ Fix થીયરી જે કદી નિષ્ફળ થતી નથી, યાદ રાખો આ મુદતી સ્કીમ નથી પણ કાયમ ચાલે તેવી હંમેશની ફેરફાર વગરની અને નેવરફેઇલ થીયરી છે જેના વડે અનેક લોકો હજારો, લાખો કમાયા છે, આ અમૂલ્ય ભેટ મેળવો અને સુખી થાઓ. તુરત લખો-

**મહાલક્ષ્મી ફોરકાસ્ટીંગ સરવીસ, ગુંદીઆળી** કચ્છ

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

**પૂર્વ પરિચય :** રાક્ષસપતિ સુકેશને ત્રણ પુત્રો માલી, સુમાલી ને માલ્યવાન. એ ત્રણે વીરો પોતાના પિતાનું રાજ્ય ફરી હાથ કરીને લંકામાં રહે છે. આ બાજુ વૈતાઢ્ય પર્વત પર રથનૂપુરનગરમાં સહસ્રાર વિદ્યાધરનો ઈંદ્ર નામનો પુત્ર ઈંદ્ર સરખી લીલા ભોગવી રહ્યો છે. તેણે લંકાના માલીને મારી તે રાજ્ય પર પોતાના વૈશ્રમણ નામના લોકપાલને સ્થાપિત કર્યો. સુમાલી ને માલ્યવાન ત્યાંથી ભાગી પાતાલલંકામાં રહે છે, સુમાલીને પ્રીતિમતી-પ્રિયાની કૂખે રત્નશ્રવા નામનો પુત્ર છે. રત્નશ્રવા યુવાનવયે વિદ્યાની સાધના કરવા કુસુમોદ્યાનમાં ગયો છે, ત્યાં વૈતાઢ્યના કૌતુકમંગલ નગરના રાજા વ્યોમબિંદુની પુત્રી કૈકસી આવે છે, તે સ્થળે વિદ્યાથી નગર વસાવી રત્નશ્રવાએ કૈકસી સાથે પાણિગ્રહણ કર્યું. કૈકસીની કૂખે સિંહ સ્વપ્નથી સૂચિત પુત્રનો જન્મ થયો, તેમના પૂર્વજ મેઘવાહનને રાક્ષસેંદ્રે આપેલ નવ માણેકનો હાર નવજાત બાળકે ગળામાં નાંખ્યો. તેથી તે બાળકનું નામ દશમુખ રાખ્યું, ત્યાર બાદ કૈકસીએ ક્રમશઃ બે પુત્રોને જન્મ આપ્યો, એક કુંભકર્ણ અને બીજો બિભીષણ.

**હવે વાંચો આગળ :**

⊙

## ૪ : વિદ્યાસિદ્ધિ માટે ભીમારણ્યમાં

**આ**કાશ-સાગરની સંગમભૂમિ પર સંધ્યા-રાણીએ રંગબેરંગી રંગોળી પૂરી હતી. પાતાલલંકા એ રંગોળીની રંગપ્રભામાં મનમોહક લાગતી હતી.

સંગેમરમરના સોહામણા મહેલની અગાસીમાં કૈકસી, એક ભવ્ય સિંહાસન પર આરામ કરી રહી હતી.

બાજુમાં દશમુખ, કુંભકર્ણ અને બિભીષણ ખેલી રહ્યા હતા. પોતાના તેજસ્વી બાળકો તરફ કૈકસી એકીટસે જોઇ રહી હતી અને ભાવિની ભવ્ય શુભ મનોરથ ઇમારતો રચી રહી હતી.

ત્યાં ત્રણે ભાઇઓની દૃષ્ટિ આકાશ તરફ ખેંચાઇ. એક મનોરમ વિમાન આકાશમાર્ગે જઈ રહ્યું હતું.

'મા! આ કોણ છે?' દશમુખે કૈકસીને પ્રશ્ન કર્યો.

'તારો ~~ભાઇ.'~~ બીજા પ્રશ્નની આશા રાખતી કૈકસીએ કહ્યું.

'મારો ભાઇ? અમે તો ત્રણ ભાઇ આ રહ્યા અહીં'

'તારી કૌશિકા માસીનો એ પુત્ર છે...' ત્રણે ભાઇઓ કૈકસીની આગળ ગોઠવાઇ ગયા અને એ માસીયાઇ ભાઇ અંગે વધુ જાણવા તલપાપડ થઇ ગયા.

કૈકસીએ ગંભીર અવાજે વાત આગળ ચલાવી.

'અમે બે બહેનો, કૌશિકા મારી મોટી બહેન છે. વિશ્રવા નામના વિદ્યાધરપતિ સાથે તેનું લગ્ન થયું છે. તેમને એક પુત્રનો જન્મ થયો. તેનું નામ પાડવામાં આવ્યું વૈશ્રવણ. વૈશ્રવણ બાલ્યકાળથી જ પરાક્રમી છે. વૈતાઢ્ય પર્વત પરના સર્વ વિદ્યાધરોના રાજા ઇન્દ્રનો એ મુખ્ય સુભટ છે...'

'વૈશ્રવણને લંકાનું રાજ્ય કેવી રીતે મળ્યું?' દશમુખે વચ્ચે પ્રશ્ન કર્યો.

'એ જ કહું છું બેટા, એ ઇન્દ્ર રાજાની સામે તમારા પિતામહના મોટાભાઇ માલી યુદ્ધ કરવા ગયેલા. તમારા પિતામહ સુમાલીએ અપશુકન થતા જોઈ પ્રયાણ વખતે જ માલીને વારવા પ્રયત્ન કરેલો. પણ

'વિનાશકાળે વિપરીત બુદ્ધિ!' માલીએ ગણકાર્યું નહિ. ઇન્દ્ર અને માલી વચ્ચે ખૂનખાર જંગ જામ્યો. તેમાં મહાન પરાક્રમી ઇન્દ્રે માલીનાં મસ્તકને કાપી નાંખ્યું. રાક્ષસો અને વાનરો હાર્યા.

ઇન્દ્રે લંકાનું રાજ્ય પોતાના પ્રિયસુભટ વૈશ્રવણને આપ્યું. તમારા પિતામહ સુમાલી બચેલી સેના સાથે અહીં પાતાલલંકામાં આવી ભરાયા.

લંકા ગઇ. 'રાક્ષસી' વિદ્યા હરાણી. હવે તમારા પિતામહ અને પિતા બંને લંકાના કોડ કરતા મડદાની જેમ જીવી રહ્યા છે. મારૂં તો હૈયું કપાઇને ટુકડે ટુકડા થઇ રહ્યું છે. નધણિયાતા ખેતરમાં જેમ હરાયા સાંઢ ચરે તેમ અત્યારે લંકામાં શત્રુઓ મ્હાલી રહ્યા છે.

કૈકસીની આંખમાંથી અંગારા વરસવા લાગ્યા. તેનું ગોરૂં ગોરૂં મુખ લાલચોળ બની ગયું. દાંત તડતડવા લાગ્યા.

'બેટા, લંકાના લુંટારાઓને કારાવાસમાં સડતા હું ક્યારે જોઇશ?'

'વિશ્વની સર્વે માતાઓમાં હું શિરોમણિ ક્યારે બનીશ?' બસ, આવા આવા આકાશપુષ્પને મેળ-વવાના મનોરથોમાં મારા લોહી માંસ સુકાઇ ગયાં છે. આંસુ સારી સારીને મારી આંખે પણ છારી વળવા માંડી છે.'

કૈકસીની વેદનાભરી વાણી સાંભળીને ત્રણે ભાઇ-ઓનાં કાળજાં કંપી ઉઠયાં. નાનો બિભીષણ માનો હાથ પકડી લઇ બોલી ઉઠયો:

'માતા! હવે એ શોક-વિષાદ કરવાથી સર્યું. તું તારા પુત્રોના પરાક્રમને જાણતી નથી. અમે બધા નહિ, એક વડિલબંધુ આર્ય દશમુખ જ બસ છે, એના પરાક્રમની આગળ ઇન્દ્ર કોઇ વિસાતમાં નથી. વૈશ્રવણ કે બીજા વિદ્યાધરો તો રાંકડા છે રાંકડા! અરે, આર્ય દશમુખ નહિ, આ આર્ય કુંભકર્ણ શત્રુઓનો સમૂળ ઉચ્છેદ કરી નાંખવા સમર્થ છે.'

કુંભકર્ણે દશમુખની સામે તીરછી નજરે જોઇ ખોંખારો ખાધો. બિભીષણે અંતે પોતાની પણ મહેચ્છા દર્શાવી દીધી:

'મા! તું કહેતી હોય તો આ તારો નાનો બાળ પણ એ દુષ્ટ લુંટારાઓને પલવારમાં નષ્ટભ્રષ્ટ કરી શકે એમ છે!

કૈકસીની છાતી ગજગજ ઉછળવા લાગી. બિભીષણને પોતાના ઉત્સંગમાં લઇ કૈકસીએ છાતી સરસો ચાંપ્યો અને એના કમલ જેવા મુખને ચુંબનોથી નવરાવી નાંખ્યું.

'બેટા! તમારા પરાક્રમી મુખડાં જોઇ જોઇને જ હું જીવી રહી છું. નહિતર ક્યારનીય......

ત્યાં તો દશમુખ દાંત કચકચાવતો, પગથી ધરણી ધ્રુજાવતો બોલી ઉઠયો; 'અરે, મારી એક વજ્ર મુક્કીના જ એ ઘરાક છે. એ ઇન્દ્ર એના ઘરનો... એક લાત મારૂં તો પાતાલમાં પેસી જાય. મારે કોઇ શસ્ત્રની પણ જરૂર નથી.' પોતાના લષ્ટપુષ્ટ અને કસાયેલા બાહુઓ દેખાડતો દશમુખ કૈકસીને ઉત્સાહિત બનાવવા લાગ્યો.

'છતાં કુલપરંપરાથી ચાલી આવતી વિદ્યાઓને તો મેળવવી જ જોઇએ. કેમ મા, સાચું ને?'

'જરૂર ભાઇ, વિદ્યાશક્તિવાળા સામે બાથ ભીડવી હોય તો એકલું બાહુબળ કામ ન લાગે પણ.'

'પણ શું? કેમ બોલતાં અચકાય છે?'

'બીજું તો કંઇ નહિ પણ એ વિદ્યાસિદ્ધિ માટે ખૂબ સહન કરવું પડે છે. એ માટે તો અરણ્યમાં જવું પડે.'

'તે એમાં શું? અમને અરણ્યમાં ડર લાગશે એમ લાગે છે તને?'

'ના રે ના. એમ નહિ પણ....'

'વળી 'પણ' આવ્યું?'

'હા ભાઇ; તમે અરણ્યમાં જાઓ પછી અહીં મારૂં શું? તમને એક ક્ષણવાર પણ મારી આંખોથી

છેટે કરવામાં તો મારા પ્રાણ......'

છટ્છટ્! એક વીરમાતા તરીકે તને આ શબ્દો શું છાજે છે? વીરમાતા તત્કાલનો વિચાર ન કરે; પરિણામનો વિચાર કરે.' દશમુખે પગ પછાડતાં કહ્યું.

કૈકસી દશમુખનો જુસ્સાદાર ચહેરો જોઇ જ રહી. તેની આંખો ચમકી ઉઠી. સિંહાસન પરથી ઉભી થઇ દશમુખના માથે હાથ મૂકી અંતઃકરણના આશીર્વાદ આપ્યા.

દશમુખે, કુંભકર્ણે અને બિભીષણે માતાનાં ચરણોમાં મસ્તક નમાવ્યાં. કૈકસીએ ત્રણે પુત્રોને શુભાશિષ આપી અને ત્રણે ભાઇઓ ત્યાંથી નીકળીને પિતામહ સુમાલી તથા પિતા રત્નશ્રવાની પાસે પહોંચ્યા.

'પિતાજી! અનુજ્ઞા આપો.' દશમુખે પ્રણામ કરીને પ્રસ્તાવ મૂકયો.

'શાની અનુજ્ઞા? અચાનક ગંભીર બનીને આવેલા ત્રણે પુત્રીને જોઈને સુમાલી તથા રત્નશ્રવા આશ્ચર્યમાં પડી ગયા.

'વિદ્યાસિદ્ધિ માટે ભીમારણ્યમાં જવા માટેની.' દશમુખે સ્પષ્ટતા કરી.

સુમાલીએ રત્નશ્રવા સામે જોયું. રત્નશ્રવાએ સુમાલી સામું જોયું.

'એમાં વિચાર શું કરવાનો? કહી દો હા!' જાડા કુંભકર્ણે પ્રકાશ્યું!

બધા હસી પડયા.

'લ્યો ભાઇ! અમે કંઇ બોલીએ એટલે તમારે હસવાનું! આપણે તો તડ ને ફડ કરવાના.' ભ્રકુટી ચઢાવીને કુંભકર્ણે જ્યાં કહ્યું ત્યાં ખડખડાટ હાસ્યથી સુમાલીનો ખંડ ભરાઇ ગયો.

ત્રણે પૌત્રોને પોતાની પડખે બેસાડી, ત્રણેનાં સોનેરી જુલ્ફાં પર હાથ ફેરવતા વૃદ્ધ સુમાલીએ ગંભીર ધ્વનિએ કહ્યું;

'બેટાઓ! વિદ્યાસિદ્ધિ કરવી એટલે રમવાની વાત નથી હોં. વિદ્યાસિદ્ધિ માટે તો દૃઢ મનોબળ જોઇએ. ખૂબ ધૈર્ય જોઇએ. એનો એ અર્થ નથી કે તમારામાં દૃઢ મનોબળ અને ધૈર્ય નથી; મને તમારામાં પૂર્ણ વિશ્વાસ છે; છતાં તમારે એ વાત તો ખ્યાલમાં જ રાખવાની કે વિદ્યાઓ જ્યારે તમને સિદ્ધ થવાની તૈયારીમાં હશે ત્યારે તમારી કપરી કસોટીઓ થશે. તમારાં લોખંડી ચિત્તને પણ વિચલિત કરી નાંખનારા ઉપદ્રવો થશે, તમારા પહાડી દેહને પણ ધ્રુજાવી નાંખનારાં દશ્યો તમારી સમક્ષ રજૂ થશે. એમાં જ્યારે તમે લેશમાત્ર પણ ચંચળ નહિ બનો અને મંત્રજાપમાં મેરુવત્ નિશ્ચલ રહેશો ત્યારે વિદ્યાઓ તમારા ગળામાં વરમાળા આરોપશે.' શ્વાસ ભરાઇ જતાં સુમાલી અટકયા. ગળું ખોંખારી, ઝીણી આંખોને ખેસથી લૂછી નાંખી, ત્રણે કુમારોની મુખમુદ્રાને નિહાળી પુનઃ વાત આગળ ચલાવી.

'મારા પ્રિય પુત્રો! મારું અંતઃકરણ સાક્ષી પુરે છે તમે જરૂર વિદ્યાઓ સિદ્ધ કરી શકશો. પરંતુ ભગવાન શાંતિનાથનાં પુણ્ય નામસ્મરણને કરીને પછી અહીંથી નિકળજો. વળી હા, એક વાત તો ભૂલી જ ગયો. તમારી માતાની અનુજ્ઞા લીધી તમે?'

'હા બાપુજી! પહેલાં ત્યાંથી રજા લઇને જ પછી અહીં આવ્યા છીએ.' નાના બિભીષણે તુરત જ જવાબ વાળ્યો.

'બહુ સરસ! માત-પિતાની અંતઃકરણની આશિષ મેળવનાર જ મહાન કાર્યો સિદ્ધ કરી શકે છે! જાઓ વ્હાલા પુત્રો! તમારા કાર્યને તમે સિદ્ધ કરો.' એમ કહી વયોવૃદ્ધ સુમાલીએ ત્રણેને પોતાના બાહુપાશમાં લઇ તેમના મસ્તકે સ્નેહ-ચુંબન કર્યાં.

ત્રણે ભાઇઓ પિતામહ પાસેથી પિતાજી પાસે ગયા. ચરણોમાં નમસ્કાર કરી પિતા રત્નશ્રવાના પણ આશીર્વાદ મળવ્યા.

આખા રાજમહાલયમાં વાયુવેગે વાત પ્રસરી ગઇ. સ્નેહીજનોનાં ટોળેટોળાં ત્રણે રાજપુત્રોને વિદાય આપવા માટે એકઠાં થવા લાગ્યાં. નગરજનો પણ પ્રિય કુમારોના વિદ્યાસિદ્ધિ માટેના પ્રયાણમાં શુભેચ્છાઓ વ્યકત કરવા રાજમાર્ગો પર ઉભરાવા લાગ્યા.

કૈકસીએ ત્રણે પુત્રોના તેજસ્વી લલાટમાં કુમકુમનાં તિલક કર્યાં. હાથમાં શ્રીફળ આપ્યાં.

રાજમહાલયનાં દ્વારે વૃદ્ધ સુમાલી અને રત્નશ્રવા આશીર્વાદ આપવા ઉભા હતા. ત્રણે કુમારો મહાલયના દ્વારે આવ્યા. પિતામહે અને પિતાએ પુનઃ કુમારોને સ્નેહ ચુંબનોથી નવરાવી દીધા. કુમારોએ પણ ખૂબ નમ્રતાથી પૂજ્યોનાં ચરણોમાં મસ્તક ઝુકાવ્યા.

દ્વારની બહાર જ્યાં કુમારો આવ્યા ત્યાં તો નગરજનોએ 'શાન્તિનાથ ભગવાનની જય !' ના અવાજોથી આકાશને ગજવી દીધું.

બે રથો તૈયાર ઉભા હતા.

એક રથમાં દશમુખ આરૂઢ થયો.

બીજા રથમાં કુંભકર્ણ અને બિભીષણ, બે ભાઇ આરૂઢ થયા.

પાતાલલંકાના રાજમાર્ગો પરથી સુશોભિત રથો પસાર થવા લાગ્યા. કોઇ હાથ ઉંચા કરીને, કોઇ અક્ષત ઉછાળીને, કોઇ જયધ્વનિ કરીને કુમારોને વિદાય આપવા લાગ્યા. કુમારો પણ મસ્તક નમાવીને, બે હાથ જોડીને જવાબ આપવા લાગ્યા.

નગર છોડીને રથો અરણ્યમાર્ગે દોડવા લાગ્યા.

વૃદ્ધ સુમાલી અને રત્નશ્રવા પુનઃ લંકાના સ્વરાજ્યની મધુરી કલ્પનામાં મહાલી રહ્યા.

જોતજોતામાં તો રથો ભીમારણ્યની સરહદે આવી પહોંચ્યા. ત્રણે ભાઇઓ રથમાંથી ઉતરી ગયા. સારથિઓએ રથ પાછા વાળ્યા.

ઇષ્ટદેવનું એકાગ્રચિત્તે સ્મરણ કરી ત્રણે યે અટવીમાં પ્રવેશ કર્યો. આગળ દશમુખ, વચ્ચે બિભીષણ અને પાછળ પહાડકાય કુંભકર્ણ ! ચારેકોર દૃષ્ટિપાત કરતા, સુયોગ્ય સ્થાનને શોધતા મધ્ય અટવીમાં આવી પહોંચ્યા.

ત્યાં તો એક જાડો અજગર કુંભકર્ણના પગ આગળ થઇને પસાર થયો. કુંભકર્ણે તો પૂંછડું પકડીને ઉછાળ્યો ! ત્યાં વળી કેસરી સિંહની ગર્જના સંભળાઇ. કુંભકર્ણે સામી સિંહગર્જના કરી !

'અલ્યા કુંભકર્ણ ! જાપમાં બેસીને પછી જોજે આવી ગર્જના કરતો !' દશમુખે હસતાં હસતાં કહ્યું.

'મોટાભાઇ ! એ તો ત્યાં ય સીધા નહિ બેસે !' બિભીષણે તીરછી નજરે કુંભકર્ણ સામે જોતાં કહ્યું. ત્યાં તો કુંભકર્ણનો પોલાદી પંજો બિભીષણની પીઠ પર ધણધણી ઉઠયો, !

'ઓ બાપરે...' કરતો બિભીષણ કુંભકર્ણના પગમાં પેસી ગયો અને પગ કર્યા પહોળા ! કુંભકર્ણ ધબાંગ કરતો પડયો નીચે ! દશમુખ બે ભાઇઓની નિર્મળ રમત જોઇ ખડખડ હસી પડયો.

'ચાલો હવે જાપસ્થળની તપાસ કરો.' ત્રણે ય કુમારોએ જગા શોધવા માંડી.

લીલાંછમ વૃક્ષોની ઘટામાં જાપસ્થળ રાખવાનો નિર્ણય થયો.

ક્રમશઃ ત્રણે ભાઈઓ ગોઠવાઇ ગયા.

શ્વેતવસ્ત્રો પહેરી લીધાં. પદ્માસન લગાવ્યાં. હાથમાં લીધી જપમાળા. નાસિકાના અગ્રભાગે દૃષ્ટિને સ્થાપિત કરી અને પ્રબળ પ્રણિધાન કરી 'અષ્ટાક્ષરી' વિદ્યાનો જાપ શરૂ કર્યો.

રાત્રીની શરૂઆત તો કયારની ય થઈ ચૂકી હતી. જંગલી પશુઓની ચિચીયારીઓથી અરણ્યની ધરતી ધણધણી રહેલી હતી. ત્રણે રાજકુમારો વિદ્યાસિદ્ધિના દૃઢ સંકલ્પથી સર્વ ઇચ્છાપૂરક અષ્ટાક્ષરી મંત્રના જાપમાં તલ્લીન બનેલા હતા. રાત્રિના બે પ્રહર વીત્યા. ત્યાં તો ત્રણે ભાઇઓને વિદ્યાસિદ્ધ થઇ.

તુરત જ ષોડશાક્ષરી મંત્રનો જાપ શરૂ કરવામાં આવ્યો. આ જાપનું પ્રમાણ દસ ક્રોડ હજારનું હતું. ખૂબ જ નિશ્ચળતાથી અને સ્વસ્થતાથી જાપનું કાર્ય આગળ ધપાવ્યું.

દૃઢનિશ્ચયી અને દેવગુરુની કૃપાને પાત્ર બનેલા આત્માઓ કઇ સિધ્ધિ હાંસલ નથી કરતા ? મોક્ષ–

માર્ગની સાધનામાં પણ આ બે જ શરતો આવશ્યક હોય છે. દોષોનો ક્ષય કરી નાંખવા કૃતનિશ્ચયી બનેલો આત્મા દેવ અને ગુરુની કૃપા દ્વારા અલ્પ કાળમાં કાર્યસિદ્ધિ કરી શકે છે. પરંતુ કપરી કસોટીમાંથી પસાર થયા વિના પ્રાયઃ મહસિદ્ધિઓ પ્રાપ્ત થઇ શકતી નથી !

ત્રણે રાજપુત્રોનો કસોટીકાળ આવી લાગ્યો.

જંબુદ્રીપનો રાજા અનાદૃત નામનો દેવ, પોતાના અંતઃપુરની દેવાંગનાઓ સાથે, ત્યાં આનંદ-પ્રમોદ માટે ઉતરી પડયો.

દેવકુમારો જેવા નયનરમ્ય ત્રણે રાજકુમારોને ધ્યાનમગ્નદશામાં તેણે જોયા.

તેના ચિત્તમાં કુતૂહલ જાગ્યું.

ધ્યાનસ્થ કુમારોના મનોબળને ચકાસી જોવાનો મનોરથ થયો.

તરત જ પોતાની અંગનાઓને આદેશ કર્યો:

'આ ધ્યાનના ઢીંગલા જોયા?' ત્રણ કુમારો સામે આંગળી ચીંધી અનાદૃતે પોતાની સ્ત્રીઓનું તે તરફ ધ્યાન દોર્યું.

'હા ! કેવા મહાતપસ્વી જેવા ત્રણે જુવાનો લાગે છે !' આશ્ચર્યભરી આંખે એકીટસે ત્રણે કુમારો સામે જોતી દેવાંગનાઓ બોલી.

'અરે ઘેલી થાઓ મા. એમના ધ્યાનની પરીક્ષા કરવાની છે; માટે તમારી સર્વ કળાઓ અજમાવી જુઓ.'

'ઓહો ! ભલભલા દેવોને પણ પાણીપાણી કરી નાંખનારી અમે, અમારી આગળ આ નાનકડા મનુષ્યો શી વિસાતમાં છે ! હમણાં જ એમનાં ધ્યાનની રાખ એક ફૂંકમાં ઉડાડી દઇએ છીએ !'

દેવાંગનાઓનું મંડળ રાજકુમારોની આગળ આવ્યું. દશમુખ (રાવણ), કુંભકર્ણ અને બિભીષણનાં અસાધારણ અને અત્યુત્તમ સૌન્દર્ય નિહાળીને દેવાંગનાઓ ત્યાં જ સ્તબ્ધ બની ગઇ !

શું કરવા આવી હતી અને શું થઇ ગયું !

કુમારોને ચલાયમાન કરવાને બદલે દેવાંગનાઓ જ ખુદ વિકારવશ બની ગઇ !

નિર્વિકાર, નિશ્ચલ અને મૌની કુમારોને જોઇ સહજ આકર્ષણથી પ્રેમવશ થઇ ગયેલી દેવીઓએ કહ્યું;

'અરે...અરે...ભગતડાઓ ! આંખો તો ખોલો. આ અમારી સામે જુઓ. તમારા પુરુષાર્થથી અમે દેવાંગનાઓ તમને વશ થઇ ગઇ છીએ. હવે આનાથી વધીને કઇ સિદ્ધિ તમારે હાથ કરવી છે?'

મીઠા ઠપકાભર્યાં વચનોથી જંગલના પશુઓનો ઘોંઘાટ ઓછો થયો પણ રાજકુમારોના હૃદય સુધી એ વચનો પહોંચી શકયા નહિ. પછી મુખ પર તો અસર દેખાય જ કયાંથી? દેવીઓએ ફેરવીને બીજો પાસો નાંખ્યો.

'આ ઘોર કલેશ અને કષ્ટ શા માટે સહન કરો છો ? શામાટે તમારા ગુલાબી સૌન્દર્યને વેડફી નાખો છો ? એ વિદ્યાઓથી તમે શું કરશો ? અમે દેવીઓ તમારા ચરણો ચૂમવાને અધીર બની છીએ. આવો ! અમારા હૃદયનું હરણ કરનારા પ્યારા કુમારો ! ત્રણે લોકના રમ્ય પ્રદેશોમાં આપણે જઇએ. મનમાન્યા ભોગ વિલાસ કરીએ. દેવેન્દ્રને પણ ઇર્ષ્યા ઉપજે તેવાં સુખોમાં મ્હાલીએ.'

વ્યર્થ ! દેવીઓની બધી વિનવણી હવામાં ઉડી ગઇ ! પાષાણની પ્રતિમા બોલે તો આ રાજકુમારો બોલે ? દેવાંગનાઓની વિહ્‌વળતા ખૂબ વધી ગઇ. છેવટે તેમને મન વાળીને રહેવું પડયું.

તાળી એક હાથે ન પડે.

દેવાંગનાઓએ હાથ ખંખેરી નાંખ્યા ત્યારે અનાદૃતદેવ પોતે આગળ આવ્યો.

'અરે, અજ્ઞાન બાળકો ! આ કષ્ટમય ક્રિયા તમે શા માટે આરંભી છે ? મને લાગે છે કે કોઇ ધૂર્તે તમારા મોત માટે આ પાખંડ તમને શિખવ્યું છે. તમારે વળી આ નાની વયમાં કષ્ટ સહવાનાં હોય ? જાઓ જાઓ, ઘર ભેગા થઇ જાઓ. હા, તમારે

કંઇ જોઇતું હોય તો માંગો. તમારું ઇચ્છિત હું પૂર્ણ કરું. પણ મને તમારા આ બધા ઢોંગધતુરા પસંદ નથી.'

અનાદૃત્ત સમજતો હશે કે આ કોઈ મામુલી બાળકો હશે, પોતાનો સત્તાવાહી સૂર સાંભળીને ઉભા થઇ જશે! પણ રાજકુમારોની મુખમુદ્રામાં તો જરાય ફેરફાર દેખાયો નહિ, ત્યારે અનાદૃત્તદેવ ધુંધવાયો. પગ પછાડતો, ત્રાડ પાડતો તે બોલ્યો:

'આ હું દેવ પ્રત્યક્ષ પ્રસન્ન થયો છું. છતાં તમે તમારું ધ્યાનનું પૂછડું છોડતા નથી અને કોઇ બીજાને ઇચ્છી રહ્યા છો? હમણાં તમારી ખબર લઉં છું.!'

તુરત જ આંખોના ઇશારે પોતાના સેવક દેવોને બોલાવ્યા. આંગળીનો કંઇક ઇશારો કર્યો અને સેવકો 'હા જી!' કહીને ચાલ્યા ગયા.

અલ્પકાળમાં તો ભયાનક રૂપોને ધારણ કરી સેવક દેવોએ ભયંકર ગર્જનાઓ કરવા માંડી. પર્વતોનાં આખાંને આખાં શિખરોને ઉપાડી લાવીને કુમારોની સમક્ષ ધડડડ. ધડડડ. પછાડવા માંડયાં.

કેટલાક દેવોએ તો વિકરાળ સર્પોના રૂપ કર્યાં. અને ચંદનના વૃક્ષને વીંટળાઇ વળે તેમ ત્રણેના શરીરે ભરડા લેવા માંડયા!

છતાં કુમારો તો મેરુની જેમ નિશ્ચલ રહ્યા.

દેવોએ સિંહનું રૂપ કર્યું અને કુમારોની સામે વિકરાળ ડાચું ફાડીને ઘુરકીયા કરવાં માંડયાં.

તો પણ કુમારોનું રૂવાડુંય ફરકયું નહિ.

દેવોએ બીજાણ વરૂઓના રૂપ કરી કુમારોના કોળીયા કરી જવા માંડયા, પણ કુમારોની આંખોનું પોપચું ય ઉંચુ થયું નહિ.

પછી તો શિયાળ, બિલાડા, ઉંદરડા, વિંછી, વગેરે અનેકાનેક થઇ શકે તેટલાં બિહામણા રૂપ કરવા માંડયા. કુમારોના ધ્યાનને તોડી નાંખવા માટે ખૂબ ધમપછાડા કર્યા.

ત્રણે ભાઈઓ તો મંત્રદેવતાના સાન્નિધ્યમાં એવા સ્થિર થઇ ગયા હતા કે આ બાહ્ય દુનિયામાં શું થઈ રહ્યું છે તે તેમની કલ્પનામાં પણ નહોતું.

એક દુન્યવી સિદ્ધિ માટે પણ મનુષ્ય કેટલું મનોબળ કેળવે છે? ત્યારે જેને પારલૌકિક મોક્ષસિદ્ધિ કરવી છે તેણે કઇ કક્ષાનું મનોબળ કેળવવું જોઇએ? સ્હેજ સ્હેજ આપત્તિમાં, કષ્ટમાં જે રોદણાં રૂએ તે ઇહલૌકિક કે પારલૌકિક સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો જ નથી. સહન કરવાથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય.

અનાદતે હવે મર્યાદા વટાવી.

કસોટી કરતાં કરતાં હવે પોતાના સ્વમાનને સાચવવાનો પ્રશ્ન આવી લાગ્યો; અને સ્વમાન સાચવવાની પાછળ તો મનુષ્ય કયું મનસ્વી પગલું ભરતાં અચકાય છે?

તેણે કૈકસી, રત્નશ્રવા અને ચન્દ્રણખાનાં રૂપો બનાવ્યાં.

ત્રણેને મુશ્કેટાટ બાંધ્યાં અને આ કુમારોની આગળ પછાડયાં.

માયાવી રત્નશ્રવા...કૈકસી વગેરેએ કરુણસ્વરે આક્રંદ શરૂ કર્યું.

આંખોમાંથી ચોધાર આંસુઓ પાડવા માંડયાં... અને દીન મુખે રોતાં રોતાં કહેવા લાગ્યાં:

'ઉભો થા...ઉભો થા બેટા દશમુખ! શિકારીઓ જેમ પશુઓને પકડે તેમ આ દુષ્ટોએ અમને પકડયા છે. અને તું જોઇ રહ્યો છે? તું અમારો પરમ–ભક્ત થઇને આમ જડ જેવો થઇને શું બેસી રહ્યો છે? શું તારાં હૈયામાંથી ભક્તિ તો નાશ પામી ગઇ, પણ દયાનો ઝરોય સુકાઇ ગયો? તારું પરાક્રમ કયાં સંતાઇ ગયું? તારો જુસ્સો કયાં ભાગી ગયો? મોટી મોટી શેખી મારતો હતો. તે બધું તારું ડહાપણ કયાં ખોવાઇ ગયું?'

'અલ્યા કુંભકર્ણ! શું તું ય અમારાં વચન સાંભળતો નથી? શું આમ આંખો બીડીને બેસી રહ્યો છે? માતેલા પાડા થઇને આમ કેમ અત્યારે ગળીયા બળદ

જેવો લાગે છે? કંઇ નહિ, તું ન સાંભળે તો ભલે પણ આ અમારો લાડકો બિભીષણ તો જરૂર અમને.. ઓ બાપ રે આ મરી ગયા અમે...બચાવ...બચાવ બેટા. આ માર સહન થતો નથી. મરી ગયા રે..'

માયાવી માતા-પિતા અને બહેને ચીસાચીસ પાડવા માંડી. પરંતુ નથી તો દશમુખનું હૈયું પીગળતું, નથી તો કુંભકર્ણ આંખો ખોલતો કે નથી તો બિભીષણ ભરમાતો !

સમાધિમાંથી જરાય સ્ખલના પામતા નથી ત્યારે અનાદતે પાશવી માયા રચવા માંડી.

વિકરાળ તલવારથી કરપીણ રીતે માતા-પિતા અને બહેનનાં મસ્તકો કુમારોની સમક્ષ કાપી નાંખ્યા લોહીના ફુવારા ઉડ્યા.. ધરતી લોહીથી તરબોળ થઇ ગઇ.

છતાં કુમારોનાં ધ્યાનનો ભંગ થતો નથી. ત્યારે નવી માયા રચી. દશમુખની આગળ કુંભકર્ણ અને બિભીષણનાં ધડ પરથી ડોકા ઉડાવી દીધાં. પણ પરમાર્થનો જ્ઞાતા રાવણ એમ ભરમાઇ જાય ખરો ? એ તો જાપમાં આગળ ધપે જ ગયો !

બિભીષણ અને કુંભકર્ણની આગળ માયાવી દેવે રાવણનું નિર્દય રીતે ખુન કરી નાંખ્યું. ત્યાં કુંભકર્ણની અને બિભીષણની ભ્રકુટી ઉંચી ચઢી ! દાંત પીસાયા...હોઠ ફફડી ઉઠ્યા.

વડીલ ભાઇ પ્રત્યેના દઢ અનુરાગે તેમને સમાધિમાંથી કંઇક વિચલિત કરી નાંખ્યા; નહિ કે તેઓ સત્ત્વહીન હતા.

અનુરાગે એ ભૂલાવી દીધું કે આ બધું તો બનાવટી છે. માયાના ખેલ છે !

પારમાર્થિક જ્ઞાને રાવણની નિશ્ચલતાને અડોલ રાખી.

ત્યાં તો આકાશમાં દિવ્યધ્વનિ ગાજી ઉઠ્યો;

'શાબાશ ! શાબાશ ! સરસ ! સરસ !'

અનાદત અને એના સેવકદેવો તો અચંબો પામી ગયા. દૂર જઇને ઉભા.

આકાશમાં પ્રકાશ...પ્રકાશ પથરાઇ ગયો.

હે પરાક્રમી દશમુખ ! અમે તારી સેવિકાઓ છીએ. એમ કહેતી ક્રમશઃ એક હજાર વિદ્યાદેવીઓ પ્રગટ થઇ.

પ્રબળ સત્ત્વશાળી મહાન દશમુખને અલ્પ દિવસોમાં જ વિદ્યાઓ સિદ્ધ થઇ. પ્રજ્ઞપ્તિ. રોહિણી, ગૌરી. ગાન્ધારી, આકાશગામિની, કામદાયિની, કામગામિની, અણિમા, લઘિમા, અક્ષોભ્યા, મનઃસ્તંભનકારિણી, સુવિધાના, તપોરૂપા, દહની, વિપુલોદરી, શુભપ્રદા, રજોરૂપા, દિનરાત્રિકારિણી, વજ્રોદરી, સમાકૃષ્ટિ, અદર્શની, અજરામરા, અનલસ્તંભની, તોયસ્તંભની, ગિરિદારણી, અવલોકની, વહ્નિ, ઘોરા, ધીરા ભુજંગિની, યોગેશ્વરી..ચંડા..વગેરે એકહજાર વિદ્યાઓ સ્વેચ્છાથી દશમુખને વરી.

જ્યારે કુંભકર્ણને સંવૃદ્ધિ, જૃંભણી, સર્વાહારિણી વ્યોમગામિની અને ઇન્દ્રાણી આ પાંચ વિદ્યાઓ સિદ્ધ થઇ.

સિદ્ધાર્થા, શત્રુદમની, નિર્વ્યાઘાતા અને આકાશગામિની, આ ચાર મહાવિદ્યાઓ બિભીષણને સિદ્ધ થઇ.

ત્રણે ભાઇઓના હર્ષની કોઇ અવધિ ન રહી.

પેલો અનાદતદેવ તો સાવ શરમિંદો બની ગયો. પોતાના અપરાધોની શી શિક્ષા મળશે, તેની કલ્પનાથી પણ એ ધ્રૂજી ઉઠ્યો.

રાવણના અપરાધમાંથી શી રીતે મુક્તિ મેળવવી એનો ઉપાય વિચારવા લાગ્યો. [ક્રમશઃ]

## પાડોશીઓના વખાણ

'હું તો સમજ્યો કે તમે મરી ગયા છો.'

'એમ માનવાનું કારણ ?'

'સવારે તમારા ઘર પાસેથી નીકળ્યો ત્યારે તમારા પાડોશીઓ તમારા વખાણ કરતાં હતાં.'

# ફૂલ અને ફોરમ ☐

પૂ. પંન્યાસજી મહારાજશ્રી
પ્રવીણવિજયજી ગણિવર

### પંડિત અને મૂર્ખ એક સરખા

કામ ક્રોધ મદ લોભકી,
જબ લગ મનમેં ખાણ,
તબ લગ પંડિત મૂર્ખ, દોનો એક સમાન. ૧

### મોટું બંધન કયું ?

મેં મેરા યહ જીવકું, મોટા બંધન જાણ,
મેં મેરા જાકુ નહિ, સોહી મોક્ષ પીછાણ ૨

### સાચું ધન

ગોધન ગજધન રત્નધન,
કંચન ખાણ સુખાણ;
જબ આવે સંતોષ ધન,
તબ સબ ધન ધૂળ સમાન. ૩

### સ્વભાવને છોડવાની જરૂર

લોકલાજ માયા તજી, તજયો સિંહાસન રાજ;
એક પ્રકૃતિ ના તજી, તેથી ભયો અકાજ.

### અકાર કાઢી નાંખો તો શું રહે !

અધિકારકો પાયકે, કીયા ન કુચ્છ ઉપકાર;
તાકે હી અધિકારમેં, ન રહો આદિ અકાર. ૪

### બહુ તાણવાથી શું થાય ?

અતિ ઘણું નહિ તાણીએ, તાણે તૂટી જાય,
તૂટયા પછી જો સાંધીએ, વચ્ચે ગાંઠ રહી જાય. ૫

### ભાવ કોનો પૂછાય છે ?

ધનવંતકો કાંટા લગા, ખમા ખમા કરે લોક;
ગરીબ પર્વતસે ગીરે, ભાવ ન પૂછે કોક. ૬

### સુખી કોણ ?

કોઈ તનસે દુઃખી, કોઇ મનસે દુઃખી,
કોઇ ધન બીન ફીરે ઉદાસ;
થોડે થોડે સબહી દુઃખી,
એક સુખી પ્રભુકે દાસ. ૭

### શું લૂટવું ?

લૂંટના હૈ તો લૂંટ લે, પ્રભુ નામકી લૂંટ;
ફીર પીછે પસ્તાયગો, જબ પ્રાણ જાયગા છૂટ. ૮

### બુરો કોણ ?

બુરા બુરા સબકો કહું, બુરા ન દેખું કોય,
જો ઘટ ખોલું અપના, તો મુજસે બુરા ન કોય. ૯

### કોણ નથી મરતું ?

જેની પુંકે પર્વત ફાટે, આભ ઉંડલમાં ભરતા,
જેની ચાલે ધરણી ધ્રૂજે, તે નર દીઠા મરતા. ૧૦

### દુઃખ કોના આગળ રડવું ?

દુઃખીયા આગળ દુઃખ કહે,
તો અર્ધું દુઃખ ટળી જાય;
સુખીયા આગળ દુઃખ કહે,
તો પચ્ચીશ ગાળો ખાય. ૧૧

### કોનું ઔષધ નથી ?

માથું દુઃખે તો મીરચ ચવાવે,
દેવે ઉકાલી તાવકી,
ઔર સબકી ઔષધ હૈ,
નહિ ઔષધ સ્વભાવકી. ૧૨

### કોનાથી ચંડાલ ભલો ?

પારકી નિંદા જે કરે, કુડા દેવે આળ;
મર્મ પ્રકાશે પારકો, તેથી ભલો ચંડાળ. ૧૩

### વગર પૈસાના ધોબી

નિંદા હમારી જે કરે, મિત્ર હમારા હોય;
સાબુ લેવે ગાંઠ કો, મેલ હમારા ધોય. ૧૪

# શ્રી સમ્મેતશિખરજી તીર્થયાત્રા પ્રવાસ

શ્રી કપુરચંદ રણછોડદાસ વારૈયા

શ્રી મહેસાણા જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો પાલીતાણા કાર્યાલયના વ્યવસ્થાપક કપુરચંદ વારૈયા સાથે અમદાવાદ નિવાસી શ્રી ચીનુભાઇ પોપટલાલ સંચોજિત શ્રી શાહ ટ્રાવેલર્સમાં તા. ૨૩–૧–૬૧ના રોજ નીકળી વડોદરા, દીલ્હી, હસ્તિનાપુર, રૂપનગર, આગ્રા, શૌરીપુરી, કાનપુર, લખનૌ, ફૈઝાબાદ, રત્નપુરી, અયોધ્યા, બનારસ, ભેલુપુર, ભદૈની, સિંહપુરી, ચંદ્રપુરી આદિ તીર્થભૂમિઓની યાત્રાએ કરતાં કરતાં તા. ૪–૨–૬૧ના રોજ શ્રી સંમેતશિખરજી તીર્થે પહોંચ્યા હતા. પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રસંગ હોવાથી તા. ૧૧–૨–૬૧ સુધી ત્યાં રોકાયા હતા. તે દરમ્યાન દરેકે ત્રણ-ત્રણ અને કેટલાક વિદ્યાર્થીઓએ ચાર–ચાર યાત્રાએ કરી હતી. પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે જીર્ણોધ્ધાર સમિતિએ ખાન–પાન, શૌચ, સ્નાન આદિ દરેક પ્રકારની સુંદર વ્યવસ્થા કરી હતી. પ્રતિષ્ઠાના દિવસ અગાઉ સતત વરસાદ ચાલુ હતો. પણ પ્રતિષ્ઠાના દિવસે વાતાવરણ એકદમ સ્વચ્છ હતું. સૂર્યનો પ્રકાશ પ્રાતઃકાલથી જ ફેલાયો હતો. તેથી પ્રતિષ્ઠાના પ્રસંગે સર્વેએ અનહદ આનંદ અનુભવ્યો હતો.

તા. ૧૧–૨–૬૧ના રોજ બપોરે સંમેતશિખરજીથી બસમાં રવાના થઈ ગીરડી આવી ત્યાંથી ટ્રેનમાં રવાના થઇ નવાદા ગયા નવાદાથી બસમાં ગુણીયાજી, પાવાપુરી, વિશાલા, કુંડલપુર(નાલંદા) થઇ રાજગિરિ ગયા. બીજા દિવસે સવારે વેલાસર ઉઠી, દરેકે રાજગિરિતીર્થનાં પાંચે ય પહાડોની યાત્રા એક જ દિવસે કરી હતી. યાત્રા કરીને આવ્યા પછી ધર્મશાળા પાસે તૈયાર થયેલ નૂતન જિનાલયમાં પૂજા કરી.

તા. ૧૪–૨–૬૧ના રોજ સ્નાત્ર ભણાવી, એકાસણું કરી બપોરે ૧ વાગે બસમાં રવાના થઇ નવાદા આવ્યા. નવાદાથી ટ્રેનમાં બેસી ભાગલપુર આવ્યા. ભાગલપુર નાથનગરનાં દેરાસરોનાં દર્શન કરી ચંપાપુરીતીર્થમાં સામુદાયિક સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો. ભાગલપુરથી તા. ૧૫–૨–૬૧ ના રાત્રે રવાના થઈ તા. ૧૬–૨–૬૧ના રોજ અજીમગંજ આવ્યા. ત્યાંના સુંદર અને વિશાલ નવ જિનમદિરોનાં દર્શન કર્યાં. એક મંદિરમાં મહામૂલ્ય અનેક પ્રકારના રત્નોની સુંદર પ્રતિમાઓ છે, તેનાં દર્શન કરી, મુખ્ય જિનાલયમાં સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો.

તા. ૧૭–૨–૬૧ના રોજ હોડીમાં બેસી ગંગા

### કોને લાખ વાર ધિક્કાર

પ્રભુ નામનો આળસુ, ખાવામાં હોંશિયાર;
તુલસી ઐસા જીવકો, લાખવાર ધિક્કાર. ૧૫

### ખોટી બડાઈ શા કામની ?

બડા ભયા તો કયા ભયા, સબસે બડી ખજુર;
બૈઠનકો છાયા નહિ, ફળ લાગે તો દૂર. ૧૬

### ભાઈ તે ભાઈ

કડવો હોયે લીમડો, શીતલ જેની છાંય;
બંધુ હોય અબોલડો, તોએ પોતાની બાંય. ૧૭

### બધુંયે ફરે પણ ?

વા ફરે વાદળ ફરે, ફરે નદીના પૂર;
ઉત્તમ બોલ્યા નવિ ફરે, પશ્ચિમ ઉગે સૂર. ૧૮

### દુર્ભાગીને શું ન મલે ?

દુર્ભાગીકો નહિ મીલે, ભલી વસ્તુકા જોગ;
દ્રાક્ષ પાક જબ હોત હૈ, તબ હોત કાક
ચંચુમેં રોગ. ૧૯

કિનારે આવેલ મહીમાપુર (કટગોલા) ગયા. ત્યાં જગતશેઠે કસોટીના પત્થરોથી બંધાવેલ જિન-મંદિરના દર્શન કર્યાં. આ દેરાસરનો ઈતિહાસ નીચે મુજબ છે- અગાઉ એક હિંદુ રાજવીએ આ કસોટીના પત્થરોનો રાજમહેલ બંધાવેલ. કાળાંતરે તે રાજમહેલ નવાબી રાજ્યમાં નવાબના હાથમાં આવેલ. તે આખો મહેલ તે વખતના જગતશેઠે નવાબ પાસેથી મેળવી જગતશેઠે તે હિંદુ રાજવીની કાયમી યાદ માટે તે કસોટીના પત્થરોથી ગંગાકિનારે જિનમંદિર બંધાવેલ. કેટલાક સમય પછી ગંગાનદીમાં મોટું પુર આવવાથી મંદિરનો નીચેનો પાયાનો ભાગ ગંગાનદીમાં ગરકાવ થઇ ગયેલ. ત્યારબાદ ત્યાંથી તે મંદિર ઉઠાવી લઇ ગામમાં પોતાના નિવાસસ્થાનની બાજુમાં જ થોડા વર્ષો અગાઉ ફરીથી તે જ કસોટીના પત્થરોનું જિનમંદિર બંધાવેલ છે. અત્યારે પણ જોતાં તે રાજમહેલની યાદ આપે છે. વચ્ચે કસોટી પત્થરોનું બનાવેલ વિશાળ સિંહાસન છે જે દિલ્હીના લાલકિલ્લામાં આવેલ શાહજહાંના સિંહાસનની યાદ આપે છે. અહિં જગતશેઠના વંશજ તરફથી દરેકને ચાહ-નાસ્તો અપાય છે. તેને ઇન્સાફ આપી અન્ય જિનમંદિરોનાં દર્શન કર્યાં. ત્યાંથી ફરી હોડીમાં બેસી જિયાગંજ (બાલુચર) આવી ત્યાંના ચાર દેરાસરોનાં દર્શન કર્યાં. અહિં પણ બાબુ શ્રી પતસિંહજી દુગડ તરફથી ચાહ-નાસ્તો અપાય છે તેનો ઉપયોગ કરી મોટા દેરાસરમાં ધામધૂમથી સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો.

અજીમગંજથી તા. ૧૭-૨-૬૧ના રવાના થઈ તા. ૧૮-૨-૬૧ના રોજ સવારે કલકત્તા (હાવરા) આવ્યા. અહિં આ સમયે રાણી એલીઝાબેથ આવેલ હોવાથી વાહનો મળવાની મુશ્કેલી હતી. પણ અમને શેઠ મણિલાલ વનમાળી તથા તેમના સંબંધીઓની સાત મોટરો મળી જવાથી દરેક દેરાસરોનાં કર્યાં. તેમજ જોવા લાયક સ્થળો વિક્ટોરીયા મેમોરીયલ, મ્યુઝીયમ, ચીડીયાખાનું (સજીવ પ્રાણીયોનું સંગ્રહસ્થાન) વગેરે સારી રીતે જોયું. તા. ૧૯-૨-૬૧ના રોજ આઠમ હોવાથી દરેકને એકાશન હતાં. તે શેઠ મણિલાલ વનમાળીનો આગ્રહ હોવાથી તેમના ભવાનીપુરનાં નિવાસસ્થાને કર્યાં. કલકત્તાના બે દિવસના પ્રોગ્રામમાં શેઠ મણિલાલ વનમાળી, શેઠ કેશવલાલ ધારશીભાઈ, શેઠ દામોદરદાસ જીણાભાઈ, શેઠ શાંતિલાલ જસરાજ તથા શ્રી મહાસુખભાઇ મહુવાવાળા વગેરે બંધુઓએ સુંદર સહકાર આપ્યો હતો.

કલકત્તાથી તા. ૧૯-૨-૬૧ના રોજ રાત્રે ટ્રેનમાં રવાના થઈ અલ્હાબાદ, ભુસાવળ થઇ જલગાંવ આવ્યા. અને ત્યાંના જિનમંદિરમાં પૂજા કરી. ત્યાંથી રવાના થઇ સુરત આવી સ્ટેશન પર બંધાવવામાં આવેલ નૂતન જિનાલયમાં સેવાપૂજા કરી સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો. સાંજે આગમમંદિર આદિ જિનાલયોનાં દર્શન કરી અમદાવાદ થઇ સુખરૂપ મહેસાણા પહોંચ્યા.

તીર્થભૂમિઓમાં જ્યાં જ્યાં શકયતા હતી ત્યાં ત્યાં દરેકે સામુદાયિક સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો હતો. તેમજ સામાયિક પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાનો અને એકાશન, આયંબીલ, ઉપવાસ આદિ તપશ્ચર્યાઓ દરેકે શકિત મુજબ કરી હતી.

આ તીર્થયાત્રા પ્રવાસમાં શેઠ મણિલાલ વનમાળી, શેઠ કેશવલાલ ધારશીભાઈ, શેઠ દામોદરદાસ જીણાભાઇ, શેઠ અંદરજીભાઈ મોતીચંદ આદિ ભાઈઓએ સારી રીતે આર્થિક સહકાર આપ્યો હતો.

## કમીટી કોને કહેવાય ?

જે 'મિનિટો' રાખે અને કલાકોનાં કલાકો ગુમાવે એનું નામ 'કમીટી.'

# અઢારમા વરસના પહેલા અંકે

અનાદિ અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં, જ્યારે ઘણી પુણ્યરાશિ એકઠી થાય છે, ત્યારે જ જિનેશ્વર ભગવંતનું શાસન પ્રાપ્ત થાય છે, એ સનાતન સિદ્ધ થાય છે.

ઢાલની એક બાજુ સોનાથી રસેલી અને બીજી બાજુ રૂપાથી રસેલી હોય તો એક બાજુથી જોનાર ઢાલની બીજી બાજુ કેવી છે તે જાણી શકતો નથી. તે જાણવા માટે પાછલી બાજુ તપાસવી પડે છે, તે રીતે જૈન સિદ્ધાંત જાણવા માટે સ્યાદ્વાદ જાણવો જરૂરી છે.

રગેરગમાં ધર્મ વ્યાપ્યો હોય તો જ ગમે તેવા ઝંઝાવતો આવે તો સ્થિર રહી શકે છે, મનથી પણ ચલાયમાન બનતો નથી.

માંસાહારનો પ્રચાર હાલમાં સરકાર તરફથી થઈ રહ્યો છે, તે કારણે કલ્યાણની ઈચ્છા કરનારા આત્માઓએ વધુ જાગૃત બનીને, બને તેટલા આત્માઓને માંસાહારથી બચાવવા માટે પ્રયત્ન કરવો જરૂરી છે.

વને વન ભટકવાથી, એકાંત ગુફામાં નિવાસ કરવાથી, કે પર્વતના કોઈ ઉંચા શિખર ઉપર ચઢી જવાથી, સાચું કલ્યાણ સાધી શકાતું નથી, પણ સાચા કલ્યાણ માટે તો અંતરમાં ઉતરવું પડશે, આત્મજ્ઞાન થશે ત્યારે જ સાચું કલ્યાણ લાધશે.

રજની અને દિવસનું જેટલું અંતર છે, તેટલું અંતર સમ્યગ્દૃષ્ટિ આત્મા અને મિથ્યાદૃષ્ટિ આત્માનું છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા બાહ્ય ભાવમાં નહિ રમતાં આંતર ભાવમાં રમે છે, જ્યારે મિથ્યાદૃષ્ટિ આત્મા પુદ્‌ગલોના-ઈન્દ્રિયજન્ય સુખોમાં આનંદ પામે છે.

સવિ જીવ કરૂં શાસન રસી' એ ઉત્કટ ભાવનાના યોગે શ્રી તીર્થંકર ભગવંતના આત્માઓ શ્રી તીર્થંકર નામકર્મનો બંધ કરે છે અને ત્યાંથી ત્રીજા ભવમાં તીર્થંકર થઈ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, સઘળા કર્મનો ક્ષય કરી મોક્ષમાં જાય છે.

નાટક અને સિનેમાઓએ કુમળી વયના બાળકો ઉપર ઘણી ખરાબ અસર કરી છે, તે વાત હવે સાબિત થઇ ચૂકી છે, 'લૂંટ, ચોરી, અનાચાર, જૂઠ વગેરે જે ભારતમાં ફાલીફૂલી રહ્યા છે, તે બધાનું બીજ, નાટક અને સિનેમાઓ છે' એમ મોડે મોડે પણ જાહેર થઈ રહ્યું છે એ આનંદનો વિષય છે, પણ નાટક સિનેમાની બદીથી કેટલા અટકશે એ જોવાનું છે.

પરમાત્મા શબ્દમાં ચોવિસનો આંક રહેલો છે, તીર્થંકરો પણ દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ચોવિસ થાય છે, જૂઓ ત્યારે—

પ =૫
ર =૨
મા=૪॥
ત્ =૮
મા=૪॥

—

૨૪ આ રીતે ચોવિસનો આંક થયો.

હરતભર્યાં પ્રયોગો પણ માનવી અભ્યાસથી કરી શકે છે, પણ પ્રયોગો સિદ્ધ કરવાથી આત્માનું કંઈ જ કલ્યાણ થતું નથી. આત્માનું કલ્યાણ તો મનને વશ કરવાથી થઇ શકે છે. ખરો પ્રયોગ તો મનને વશ કરવાનો શિખવા જેવો છે.

લાભ અને નુકશાનને જે સમજી શકે છે, તે જ વ્યાપારમાં કમાણી કરી શકે છે, જ્યારે ધર્મને નહિ સમજેલો તો માત્ર ખોટનો જ વેપાર કરે જાય છે, છતાં પોતાને ખબર પડતી નથી. પણ આયુષ્ય પુરું થશે બીજી હલકી યોનિમાં ચાલ્યા જવું પડશે, ત્યારે ધર્મને સમજેલા લાભનો વેપાર કરી સાચા કલ્યાણને પ્રાપ્ત કરે છે.

અંગ્રેજો ભારતમાં આવી છુપી રીતે પોલીસીથી આર્યસંસ્કૃતિઓ ઉપર જે કુઠારાઘાત કરી પાશ્ચાત્ય દેશોના બીજો રોપી ગયા હતાં, તેને હાલની ભારત સરકાર ખુલ્લી રીતે તે બીજોને ફાલીપુલવી રહ્યા છે. આથી ભારતમાં જે સુખ-શાંતિ આબાદીવાળી તથા સંતોષવાળી હતી તેના બદલામાં દુઃખ, અશાંતિ, બરબાદી અને અસંતોષની જવાળાઓ ભભુકી રહી છે. હજુ પણ આ જવાળાઓ કેમ વધારે ભભુકે તેવા પ્રયત્નો પણ જોરશોરથી થઇ રહેલ છે. આ નાદમાંથી સરકાર પ્રજાને કયારે બચાવશે? અને પૂર્વવત્ સુખી કરશે ?

કેટલાકો એમ માને છે કે 'પરલોક, પાપ, પુન્ય, સ્વર્ગ, નરક વગેરે કાંઈ જ નથી, આ બધું માત્ર લોકોને ઠગવા-ભોગોથી વંચિત કરવા માટેની એક ઠગબાજી છે, મનુષ્યોમાં ઘણાં સુખી તે દેવ. ઘણા દુઃખી તે નારક, માટે વર્તમાનમાં જે સુખો મળ્યા છે તેને ભોગવવા.' આવું માની જે લોકો ધર્મને વિસરી જઈ સુખોમા મગ્ન બની જાય છે, તેઓએ સમજવું જોઇએ કે કદાચ જો પરલોક નીકળ્યો તો મારૂં શું થશે? ધર્મકરણી કરનારાઓને પશ્ચાત્તાપ કરવાનો વખત આવતો નથી. 'કલ્યાણ' માસિક જનતામાં ધર્મસંસ્કારો કેમ ટકી રહે અને સૌ આત્મકલ્યાણ કેમ સાધી શકે તે માટે અવિરત પ્રયત્ન કરતાં આ અંકે સત્તર વર્ષ પુરા છે અને અઢારમાં વર્ષમાં પ્રવેશ કરે છે. સૌ કોઈ 'કલ્યાણ'માંથી સુંદર બોધપાઠ ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધો એજ શુભેચ્છા.

—પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી

# સંસાર ચાલ્યો જાય છે!

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા

વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**વહી ગયેલી વાર્તા** જંગલમાં ક્રૂરપણે ત્યજાયેલી ઋષિદત્તા પૂર્વપુણ્યાઈ, શીલ તથા નવકારમંત્રના પ્રભાવે અનેક વિપત્તિઓ પર વિજય મેળવી પોતાના જ જન્મભૂમિના સ્થાનરૂપ વનમાં. રહેલા આશ્રમમાં આવી ચઢે છે. પોતાનો બાલ્યકાલ તેને યાદ આવે છે. શ્રી ઋષભદેવ ભગવંતનાં જિનમંદિરમાં તે ભક્તિપૂર્વક આરાધના કરે છે, ને પોતાના જીવનમાં કર્મજન્ય પરિણામને વિચારતી તે શાંતિપૂર્વક ત્યાં રહી છે. આ બાજુ; દુષ્ટ યોગિની સુલસા કાવેરીનગરીની રાજકુમારી રૂક્મણીને ઋષિદત્તાને કનકરથ યુવરાજથી વિખૂટી પાડી, તેનો વધ કરવામાં આવ્યો છે, એ સમાચાર આપીને રૂક્મણી રાજકુમારી પાસેથી ભેટ-સોગાદો મેળવે છે. કાવેરીના મહારાજા આ સમાચારની સત્યતા માટે રથમર્દનનગરી તરફ પોતાના બે દૂતોને ગુપ્તપણે રવાના કરે છે. **હવે વાંચો આગળ :**

⊙

## પ્રકરણ ૨૪

## નવો મિત્ર

બીજા પંદર દિવસ ચાલ્યા ગયા.

કાવેરીનગરીના મહારાજા સુંદરપાણિએ મોકલેલા દૂતો આવી ગયા હતા અને તેઓએ જણાવ્યું હતું કે; 'મહારાજા હેમરથે નરમાંસ ભક્ષવા અર્થે કરાતી હત્યાના અપરાધ અંગે પોતાની પુત્રવધૂ દેવી ઋષિદત્તાનો વધ કરાવ્યો છે.'

આ સમાચાર સમગ્ર રાજભવન માટે આનંદજનક થઇ પડયા હતા, કારણ કે રૂક્મણી કનકરથ સિવાય અન્ય કોઇને વરવા તૈયાર નહોતી.

મંત્રીઓ સાથે વિચાર કરીને મહારાજા સુંદરપાણિએ પાંચ માણસોનું એક પ્રતિનિધિમંડળ યુવરાજ કનકરથના લગ્ન નક્કી કરવા માટે રવાના કરી દીધું હતું.

અહીં રથમર્દન નગરીમાં યુવરાજ કનકરથ ત્યારે શોકાતુર રહેતો હતો. નગરીમાં તો આ પ્રશ્ન ભુંસાઇ ગયો હતો, કારણ કે લોકોની સ્મરણશક્તિ અલ્પ હોય છે. લોકો પોતાના વ્યવહારમાં એટલા રચ્યાપચ્યા હોય છે કે જૂની વાતોને ભૂલે નહિ તો તેઓનો વ્યવહાર સ્થંભિત બની જાય.

રાજા જુલ્મગાર હોય, જુલ્મનો કોરડો વિંઝતો હોય, લોકોને એની સામે પુરેપુરો રોષ હોય પરંતુ એક જ વાર એ રાજા લોકો સમક્ષ આશ્વાસન અને આશાનું મધુર ચિત્ર રજુ કરે છે એટલે લોકો તરત મનમાં સંચિત થયેલા રોષને ભૂલી જાય છે અને એ જ જુલ્મગારનો જયનાદ બોલાવવા માંડે છે.

જનતાના માનસનો આ એક સ્વભાવ છે અને આ સ્વભાવ કોઈ પણ સમયે પરિવર્તિત થતો જ નથી. જનતાના ગજવામાંથી સો રૂપિયા ખુંચવી લેતો રાજા જ્યારે એક જ રૂપિયો પાછો આપે છે ને આશાનું એક ગુલાબ બિછાવે છે એટલે લોકો બીજા નવ્વાણું રૂપિયાનો સવાલ અભરાઇ પર ચડાવી દેતા હોય છે. આનાં લીધે જ લોકસ્મૃતિને વૈશાખ વાદળસમી ગણાવી છે. વાદળાંઓ દેખાય અને વેરાઇ જાય.

મહારાજા હેમરથે યુવરાજને સમજાવવાનો અને સ્થિર કરવાનો પોતાનો પ્રયત્ન ચાલુ જ રાખ્યો હતો. એમાં એમને સારી એવી સફલતા પણ મળી હતી. યુવરાજે ઉત્તમ અન્ન ભોજનનો ત્યાગ કર્યો હતો તેમાં

પરિવર્તન થયું હતું. યુવરાજ રાજસભામાં જતો જ નહોતો. પણ છેલ્લા ચારેક દિવસથી તે રાજસભામાં જતો હતો. હજુ તેનું મન પોતાની પ્રિયતમાને વિસરી શકયું નહોતું. રાત્રિકાળે તે ઋષિદત્તાના વિચારોમાં જ ખોવાયેલો રહેતો હતો. પરંતુ આટલા પરિવર્તનથી સમગ્ર રાજભવનમાં આશાનાં કિરણો પથરાઇ ચૂકયાં હતાં અને એકાદ મહિનામાં યુવરાજ શોકચિંતાથી મુકત બની જશે એમ માનવામાં આવતું હતું.

યુવરાજની માતા રાણી સુયશાએ પણ પુત્રને ખૂબ જ મમતાથી સમજાવવાનું ચાલુ રાખ્યું હતું. માની મમતા હંમેશા અસર કરી જતી હોય છે. માએ તો એવી પણ આશા બાંધી હતી કે બેએક માસમાં યુવરાજનો શોક હળવો થાય એટલે તરત કોઇ સુયોગ્ય રાજકન્યા સાથે તેના લગ્ન કરી નાખવાં.

> **માનવજીવનની આ એક અનોખી શકિત છે કે ભલેને એ ગમે તેવી ઉંડી ખાઈમાં પડયું હોય, પણ એની સમક્ષ જો પોતાની માન્યતાનો એક નાનકડો પણ શ્રદ્ધા–તંતુ લટકતો હોય તો એને આધારે એ ઉંડી ખાઇને પણ ઉલ્લંઘી જાય–એક નાનકડો દીપ ગાઢ અંધકારના નિરાશા–સમુદ્રને ઉલ્લંઘી જાય છે તેમ.**

મહારાજા હેમરથનો રાજ પરિવાર આ રીતે યુવરાજ માટે કંઇક આશાસ્પદ બન્યો હતો ત્યારે જ કાવેરીનગરીના મહારાજાએ મોકલેલું પ્રતિનિધિ મંડલ આવી પહોંચ્યું.

મહારાજા હેમરથે પ્રતિનિધિ મંડલનો ઘણા જ આદર સાથે સત્કાર કર્યો અને સહુને રાજના ખાસ અતિથિગૃહમાં ઉતારો આપ્યો.

એક રાત્રિના આરામ પછી બીજે દિવસે રાજ–સભામાં પ્રતિનિધિમંડલ ગયું અને મહારાજાએ સર્વના કુશળ પૂછયા પછી કહ્યું; 'હવે આપના આગમનનું કારણ જણાવો.'

પ્રતિનિધિમંડલ સાથે આવેલા કુલગુરુએ ઉભા થઇને કહ્યું; 'મહારાજાધિરાજ શ્રી હેમરથ મહારાજનો સદાય જય થાઓ અને મંગલ વર્તો. કાવેરીનગરીના અમારા મહારાજાએ એકવાર પોતાની રૂપગુણવતી પ્રિય કન્યાનું દાન કરવાની પ્રાર્થના કરી હતી આપ શ્રીમાને ઘણા જ ગૌરવ અને હર્ષ સાથે એ પ્રાર્થનાને સ્વીકારી હતી એટલું જ નહિ પણ ગુણના સાગરસમા શાંત અને વીરત્વવાળા યુવરાજશ્રી લગ્ન માટે ત્યાં આવવા માટે નિકળ્યા હતા. પરંતુ ભાવિના કોઇ યોગના અંગે તેઓશ્રી માર્ગમાંથી જ પાછા વળ્યા અને અમે બધા ગાઢ ચિંતામાં પડી ગયા. પરંતુ અમારા રાજકુંવરીના મનને અમે કોઇ પણ ઉપાયે ધૈર્ય આપી શકયા નહિં. રાજકન્યા દેવી રૂક્ષ્મણીએ તો માતા–પિતાને પોતાનો સ્પષ્ટ નિર્ણય જણાવી દીધો હતો કે જેની સાથે મારૂં વાગ્દાન થઇ ગયું છે તે સિવાય અન્ય કોઇ પણ પુરુષ મારા માટે ભાઇ–બાપ સમાન છે. હું આજીવન કુમારિકા રહીશ પણ અન્ય કોઇ સાથે લગ્ન નહિં કરૂં. રાજકન્યાના આ પ્રકારના નિર્ણયથી અમારા મહારાજા અને મહાદેવી ભારે ચિંતામાં પડી ગયાં. આ ચિંતાનો ઉકેલ અમે કોઇ ઉપાયે કરી શકયા નહિં. છેવટે તેઓશ્રીએ અમને આપ સમક્ષ પાર્થના કરવા મોકલ્યા છે કે અમારી રાજકન્યાએ લીધેલી પ્રતિજ્ઞાના મહત્ત્વ પ્રત્યે આપ સહાનુભૂતિ દર્શાવો અને યુવરાજશ્રી કાવેરીનગરીમાં પધારી રાજકન્યાના આંસુ લૂંછી જાય એવો પ્રબંધ કરવાની કૃપા કરો. અમને ખ્યાલ છે કે યુવરાજશ્રીના ધર્મપત્ની રૂપવતી છે, ગુણવતી છે અને શાંત છે. યુવરાજશ્રીનો એમના પ્રત્યે પ્રેમભાવ પણ છે. આમ છતાં અમે અમારી રાજકન્યા સાથે યુવરાજશ્રી લગ્નગ્રંથીથી જોડાય એવી પ્રાર્થના કરવા આવ્યા છીએ. કારણ, ક્ષત્રિયોમાં એકથી વધુ પત્ની રાખવાની પરંપરા હોય છે. તો આપ પરમકૃપા દર્શાવી અમારા રાજવીની પ્રાર્થનાને સત્કારશો અને અમારી રાજકન્યાના દુ:ખને દૂર કરવાના પુણ્યકાર્યમાં સાથ આપી અમારા રાજપરિવારને જીવનપર્યંત ઋણી બનાવશો.'

કુલગુરુની આવી વિનમ્ર વાતથી સમગ્ર રાજસભ

પ્રસન્ન બની ગઇ, બધા મંત્રીઓ પણ મુગ્ધ બની ગયા અને મહારાજાના મન પર જબ્બર અસર થઇ, તેઓએ એ પણ જાણ્યું કે આ લોકોને યુવરાજ્ઞીના અપરાધની કે તેના વધની કોઈ માહિતી મળી લાગતી નથી.

પરંતુ કુલગુરુએ ખૂબ જ બુદ્ધિપૂર્વક આ માહિતીને છૂપાવી રાખી હતી.

યુવરાજ એવા ને એવા નિર્વિકારભાવે સાંભળી રહ્યો હતો. તેના ચહેરા પર આનંદ કે આશ્ચર્યનો કોઇ ભાવ પ્રગટયો નહોતો.

મહારાજાએ બાજુમાં બેઠેલો પોતાના એકના એક પ્રિય પુત્ર સામે જોઇને કહ્યું: 'વત્સ, મહારાજા સુંદરપાણિની પ્રાર્થનાનો સ્વીકાર કરવો પડે તેમ લાગે છે.'

'પિતાજી...'

'હું તારા અંતરની વેદના જાણું છું. પરંતુ આ તો ક્ષત્રિયના ધર્મનો અને બલિદાનનો પ્રશ્ન થઇ પડયો છે. રાજકન્યા પ્રતિજ્ઞા લઇને બેઠી છે. એના જીવતરની લાજ રાખવી એ શું તારું કર્તવ્ય નથી?'

યુવરાજ કશો ઉત્તર આપી શકયો નહિ. કર્તવ્યનો પોકાર હતો કે આ વાત વધાવી લેવી જોઇએ અને અંતર કહેતું હતું. કે તારી પ્રિયતમા નિર્દોષ હતી એના પર અન્યાય ગુજારવામાં આવ્યો છે. તારે તારી નિર્દોષ પ્રિયતમાને પળ માટે ય ન ભૂલવી જોઇએ.

આમ દ્વિધામાં પડેલો યુવરાજ મૌન રહ્યો. મહારાજાએ ધીરેથી કહ્યું; 'વત્સ, આ લાગણીનો પ્રશ્ન નથી. ધર્મનો પ્રશ્ન છે.'

યુવરાજનું હૃદય કંપતું હતું. છતાં સામે પડેલા ક્ષાત્રધર્મની શાન જાળવવા ખાતર તેણે મૃદુસ્વરે કહ્યું; 'આપને જેમ ઉચિત લાગે તેમ કરો.'

મહારાજાનું વદન આનંદમય બની ગયું. તેઓએ મંત્રીને બોલાવીને સમ્મતિ દર્શાવવાની આજ્ઞા કરી. મંત્રીએ રાજસભા તેમજ પ્રતિનિધિમંડલ સામે જોઇને કહ્યું; 'કાવેરીનગરીના મહારાજાધિરાજ શ્રીમાન સુંદરપાણિ મહારાજની વિનંતિને અમાન્ય કરવી એ ન્યાય અને કર્તવ્યની દૃષ્ટિએ ઉચિત નથી. એટલે મંગલમયી રાજકન્યા સુશ્રી રૂક્ષ્મણીદેવીનો સ્વીકાર કરવા આપણા યુવરાજશ્રી શુભ દિવસે પ્રયાણ કરશે.'

સમગ્ર રાજસભાએ હર્ષનાદ કર્યો. કાવેરીનગરીના રાજકુલપુરોહિતે ઉભા થઇ આશિર્વચન કહ્યાં અને મહારાજાધિરાજનો તેમજ યુવરાજશ્રીનો ખુબ જ આભાર માન્યો.

આનંદભર્યાં વાતાવરણ વચ્ચે રાજસભા પુરી થઇ.

પછી તો રાજના જ્યોતિષિને બોલાવવામાં આવ્યો અને લગ્નની તિથિ નકકી કરવામાં આવી. પ્રયાણનો શુભ દિવસ બાર દિવસ પછી તો નકકી કરવામાં આવ્યો.

બે દિવસ રહીને કાવેરીનગરીનું પ્રતિનિધિમંડલ વિદાય થયું. મહારાજા હેમરથે પ્રતિનિધિમંડલને સારો શિરપાવ આપ્યો.

અને રાજભવનમાં લગ્નોત્સવની તડામાર તૈયારીઓ થવા માંડી. યુવરાજની જાનમાં જનારાઓની યાદીઓ લખાવી શરૂ થઈ. જાનના રક્ષણ માટે ચુનંદા સૈનિકોના એક સૈન્યદળને તૈયાર થવાની આજ્ઞા કરી. આસપાસના પ્રદેશોમાં વસતા ભાયાતોને પણ તાબડતોબ સમાચાર મોકલાવી આપ્યા.

અને મહાશુદિ બીજના દિવસે યુવરાજે ભવ્ય રસાલા સાથે પ્રસ્થાન કર્યું.

પાંચમા દિવસે યુવરાજનો રસાલો જે સ્થળે ઋષિદત્તાનું પ્રથમ મિલન થયું હતું તે સુંદર ઉપવન પાસેના મેદાનમાં આવી ગયો અને યુવરાજનું હૃદય પ્રિયતમાના અનેક સુમધુર સ્મરણોથી થડકવા લાગ્યું.

યુવરાજે આ સ્થળે એક રાત્રિ પસાર કરવાની આજ્ઞા કરી. પડાવ નાખવો શરૂ થયો.

રૂપપરાવર્તિની વિદ્યાથી પુરુષ બની ગયેલી ઋષિદત્તાએ આ પડાવને દૂરથી જોયો પણ પડાવ તરફ ન ગઈ. કારણ કે તેના હૃદયમાં કોઇ પ્રકારનો રસ રહ્યો જ નહોતો. કોનો પડાવ છે, કોણ આવ્યું છે,

કઈ તરફ જાય છે વગેરે જાણવાની કોઇ વૃત્તિ રહી નહોતી.

પણ મધ્યાહ્ન પછી યુવરાજ પોતાના એક મિત્ર સાથે પ્રિયતમાના મધુર સ્મરણોથી સોહામણા બનેલા ઉપવનમાં ગયો.

ઉપવનમાં દાખલ થતાં જ હરિણી જેવી પ્રિયતમા યાદ આવી. કેવાં મધુર અને નિર્દોષ નયનો હતાં? આ કુંજો વચ્ચે મયુરીની માફક કેવી શોભતી હતી?

યુવરાજના મિત્રે કહ્યું; મહારાજ, અહીંથી પાછા વળીયે. હૈયાનો ઘાવ તાજો થશે.'

'તાજો કરવા માટે તો આવ્યો છું મિત્ર તે દિવસે પણ તું જ મારી સાથે હતો. સ્વર્ગના દેવોને પણ પ્રાપ્ત ન થાય એવી દેવી મને આ પવિત્ર ઉપવનમાંથી પ્રાપ્ત થઇ હતી. હું ધન્ય બની ગયો હતો. પરંતુ...' કહેતાં કહેતાં યુવરાજનો સ્વર રૂંધાઈ ગયો.

મિત્રે કહ્યું; 'મહારાજ, આપ શુભ કામે જઇ રહ્યા છો...શોક ન શોભે.'

'હું શુભ કામે જરૂર જઇ રહ્યો છું. મારા નહિ. કાવેરીનગરીની રાજકન્યાના શુભકામે જઇ રહ્યો છું. મારા હૃદયની વેદના તો કદી વિલય પામવાની નથી. શોક એ જ મારા કમભાગી જીવનનો સાથ બની ચૂકયો છે.' કહી યુવરાજે કૂટિર તરફ જતા માર્ગે આગળ વધવું શરૂ કર્યું.

મિત્ર કશું બોલ્યો નહિ. તે યુવરાજના સંતપ્ત હૃદયને જાણતો હતો. યુવરાજનુ હૈયું તો ભાંગીને ભૂકો થઇ ગયું હતું. તે કેવળ માતા પિતાના સંતોષ ખાતર કંઈક બધાની સાથે હળતો મળતો થયો હતો. સમજાયું હતું કે માબાપને અન્ય કોઈ સંતાન નથી. એમના હાથે અન્યાય થયો છે એ વાત સાચી છે. પરંતુ હેતુપૂર્વકનો અન્યાય થયો નથી. અને એમના દિલ શા માટે દુભાવવા જોઇએ? યુવરાજના મનની આ ભાવના તેનો મિત્ર બરાબર સમજતો હતો એટલે વધુ કંઇ ચર્ચા ન કરતાં તે તેની પાછળ ચાલવા માંડયો.

ચાલતાં ચાલતાં યુવરાજની નજર સામે દેખાતી ત્રણ કૂટિરો તરફ ગઈ. એ કૂટિરોનાં દ્વાર બંધ હતાં. એક કૂટિરનું દ્વાર ખુલ્લું હતું. યુવરાજના મનમાં થયું. કૂટિરનું દ્વાર કેમ ખુલ્લું હશે? શું કોઇ વસવાટ કરવા આવ્યું હશે? ના ના આવા સ્થળે કોણ આવે?

ખુલ્લા દ્વારવાળી કૂટિરમાં ઋષિદત્તા એક વલ્કલ પાથરીને મધ્યાહ્નનો આરામ લઇ રહી હતી. તેની આંખમાં નિદ્રા નહોતી. પરંતુ તંદ્રા ભરી હતી.

યુવરાજે જોયું. કૂટિરનું પ્રાંગણ વાળી ચોળીને સ્વચ્છ કર્યું હોય તેમ લાગે છે. જરૂર કોઇ રહેતું હશે? કૂટિરના દ્વાર પાસે ઉભા રહીને યુવરાજે બૂમ મારી 'કોઇ અંદર છે?'

ઋષિદત્તા ચમકી. આ તો પ્રિયતમનો ચિરપરિચિત સ્વર! અત્યારે તેઓ અહીં કેવી રીતે આવ્યા હશે? મારો ભ્રમ તો નહિં હોય ને? તે વલ્કલ પરથી ઉભી થઇ ગઈ અને બોલી: 'કોણ?'

'વટેમાર્ગુ.' યુવરાજે ઉત્તર આપ્યો.

આ તો એનો એજ સ્વર! શું તેઓ મને શોધતા શોધતા પાછળ આવ્યા હશે? શું મારા વિયોગમાં રાજપાટ છોડીને વનવાસ લીધો હશે? ના. ના. કોઇ ભળતો જ અવાજ હશે! પુરુષવેશધારિણી ઋષિદત્તા દ્વાર પાસે આવી. જોતાં જ ચમકી. 'આ તો પ્રિયતમ!'

યુવરાજ પણ આ નવજવાનને જોઇને ચમકયો! એવા જ નયનો! એવો જ ચહેરો...! એવો જ મધુર સ્વર...પણ આ સ્ત્રી નથી. પુરુષ લાગે છે... મસ્તક પર જટાબંધન છે! ઉન્નત ઉરોજ દેખાતા નથી ત્યારે આ કોણ હશે?

યુવરાજે કહ્યું; 'મહારાજ, આપ કોણ છો!

'આ ઉપવનમા રહેતો એક વનવાસી.' ધ્રુજતા સ્વરે ઋષિદત્તાએ કહ્યું.

'આ ઉપવનમાં આપ પહેલા હતા?'

'હા આયુષ્યમાન પરંતુ આપનો પરિચય તો આપે

આપ્યો જ નહિ.'

યુવરાજના મિત્રે કહ્યું, 'શ્રીમાન રથમર્દન નગરીના યુવરાજ કનકરથ છે. ઉપવનની બહારના મેદાનમાં એમનો પડાવ પડયો છે.'

'એમનો પડાવ? શ્રીમાન કઈ તરફ પધારે છે!' ઋષિદત્તાએ પ્રશ્ન કર્યો.

'યુવરાજશ્રી કાવેરીનગરીમાં લગ્ન કરવા જઇ રહ્યા છે.' મિત્રે કહ્યું.

ઘણા જ સ્વસ્થ સ્વરે ઋષિદત્તાએ કહ્યું; 'હું ધન્ય બન્યો! જુઓ બાજુમાં જ ભગવાન ઋષભદેવ પ્રભુનો પ્રાસાદ છે. આપ દર્શનાર્થે પધારો. પ્રતિમાજી ખૂબ જ ભવ્ય ને ચમત્કારિક છે.'

'મહારાજ, મેં અગાઉ એ પ્રતિમાના દર્શન કર્યા છે. પરંતુ મારા મનનું એક આશ્ચર્ય શમતું નથી.'

'રાજન્ સંસાર આશ્ચર્યથી જ ભરેલો છે. આપને કઇ બાબતનું આશ્ચર્ય થાય છે?' ઋષિદત્તાએ પ્રશ્ન કર્યો.

'હું થોડા મહિનાઓ પહેલાં અહીં આવેલો ત્યારે આ ઉપવનમાં એક મહાત્મા અને એક એની કન્યા એ જ રહેતાં હતાં.

'આપની વાત સત્ય છે. આપ અગાઉ આ ઉપવનમાં રહેલા હતા! આપે જે મહાપુરુષને જોયેલો તે મારા પિતા હતા અને જે, કન્યાને જોયેલી તે મારી ભગિની હતી. હું એ વખતે યાત્રાર્થે નીકળી ગયો હતો. અને જ્યારે અહીં પાછો આવ્યો ત્યારે મારા પિતા કે મારી ભગિની કોઇ હતું જ નહિં.'

દર્દભર્યા સ્વરે યુવરાજે કહ્યું: 'ક્યાંથી હોય? આપના પિતાશ્રીએ જ્ઞાનની આરાધના કરતાં કરતાં પ્રાણત્યાગ કરેલો અને આપની ભગિની સાથે મારા લગ્ન થયેલાં...'

'ઓહ! ત્યારે મારી બહેન પણ સાથે આવી છે? મહારાજ, કૃપા કરીને આપ મને મારી બહેન પાસે લઇ જાઓ. એને મળવા માટે હું...' ઋષિદત્તા વાકય પુરું કરી શકી નહિં. યુવરાજે જ વચ્ચે કહ્યું: 'મિત્ર, મારા હૃદયને ભારે વેદના આપે એવી એ ઘટના બની ગઇ છે. આપનાં ભગિની કર્મસંયોગને આધિન બનીને ચિરકાળ માટે વિદાય થયાં છે. એક ભયંકર અન્યાયનો ભોગ બન્યાં છે. અને અત્યારે તો મારાં લગ્ન...'

'ભયંકર અન્યાયનો ભોગ?'

'હા મિત્ર, ભયંકર અન્યાયનો ભોગ! પણ એ વાત ઘણી લાંબી છે આપ જો મારા પર એક કૃપા કરો તો...'

'આપે મને મિત્ર કહ્યો છે એટલે કૃપા કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. હું આપનું શું પ્રિય કરું?' ઋષિદત્તાએ કહ્યું.

'આપના નયનો, આપનો ચહેરો અને આપના સ્વર મધુરતા મારી પ્રિયતમાને મળતાં આવે છે... આપ મારી સાથે થોડો વખત રહો. ખરેખર હું ઘણોજ દુઃખી છું. દાઝેલો છું. આપને જોઇને મને કંઇક સાંત્વન મળશે. મારી વેદના કંઇક હળવી થશે.'

ઋષિદત્તાના પ્રાણમાં થયું, આ શબ્દો ખરેખર વેદનાથી ભરેલા છે. રૂપપરાવર્તિની વિદ્યા પાછી વાળીને મૂળ સ્વરૂપે પ્રગટ થાઉં અને સ્વામીના દુઃખને દૂર કરું. પણ ના. તેઓ લગ્ન કરવા જાય છે! હું મૂળરૂપે પ્રગટ થઇશ તો તેઓ અહીંથી જ પાછા વળશે અને એક નારીની આશાઓ ચીમળાઇ જશે. જે નારી એમના આગમનની રાહ જોતી બેઠી હશે.

નવજવાન વનવાસીને વિચારમગ્ન બનેલો જોઇને યુવરાજે કરુણ સ્વરે કહ્યું: 'મિત્ર, કૃપા કરીને મારી પ્રાર્થના સ્વીકારો! હું સત્ય કહું છું મારા જીવતરનો સઘળો હર્ષ, આનંદ અને ઉલ્લાસ નષ્ટ થઇ ગયો છે.'

કહેતાં કહેતાં યુવરાજના નયનો સજળ બની ગયાં.

ઋષિદત્તાએ કહ્યું; 'મહારાજ, આપને હું નિરાશ નહિ કરું. હું આપની સાથે જરૂર આવીશ.'

યુવરાજના વદન પર આનંદની એક રેખા નાચી

ગઈ. તેણે નવજવાનના બંને હાથ પકડી લેતાં કહ્યું; 'મિત્ર, ચાલો આપણે શ્રી આદિનાથ પ્રભુના દર્શન કરી આવીએ...અને...'

'શું ?'

'આપનું નામ આપે મને કહ્યું નહિ.'

'મારૂં નામ ઋષિદત્ત છે. પરંતુ મારી એક વિનતિ સ્વીકારવી પડશે.'

'કહો.'

'આપ મિત્ર તરીકે મને સાથે લઇ જાઓ છો તો આ રીતે બહુ વચનથી ન બોલાવશો. 'ઋષિદત્તે કહ્યું.

'મિત્ર, હું સંસારી છું આપ વનવાસી છો'

'મૈત્રિ વચ્ચે આવો કોઇ ભેદ નથી રહેતો.'

'ભલે, પણ તારે ય આવો ભેદ છોડવો પડશે.'

'મિત્ર, તાપસ જીવનમાં કોઇને પણ બહુમાન વગર ન બોલાવવા એવો મને અભ્યાસ થઇ ગયો છે. કૃપા કરીને આપ મને આ બાબતનો આગ્રહ ન કરશો. મને બહુમાન વગર બોલતાં જ નહિં આવડે.' ઋષિદત્તે કહ્યું.

સારું સારું...એ બધું પ્રવાસમાં આવડી જશે.' કહી યુવરાજે નવા મિત્રનો હાથ પકડયો.

ઋષિદત્તે કહ્યું; 'જળપાન કરશો ?

'હા.'

ઋષિદત્તાએ યુવરાજ અને તેના સાથીને જળ-પાન કરાવ્યું.

ત્યારપછી સહુ મંદિરમાં ગયા.

ભાવપૂર્વક વંદના કરીને ત્રણેય બહાર આવ્યા. ત્યારે ઋષિદત્તાએ કહ્યું; 'મિત્ર, કુટિરમાંથી મારાં બે વલ્કલ લઈ લઉં.

'નહિ મિત્ર, એ બધું કુટિરમાં જ ભલે પડયું... તારે તો મારી સાથે જ રહેવાનું છે અને ઉત્તમ વસ્ત્રો પહેરવાના છે.'

'ક્ષમા માગું છું. હું એક વનવાસી...'

વચ્ચે જ આછા હાસ્ય સાથે યુવરાજે કહ્યું; 'મિત્ર, તું વનવાસી છે. પણ મુનિ નથી.'

ત્યાર પછી કુટિરમાં ભરેલાં જળનાં બે પાત્રો ખાલી કરી, બધું વ્યવસ્થિત કરી ઋષિદત્તા પોતાના પ્રિયતમ સાથે પડાવ તરફ ગઈ.

યુવરાજનો મિત્ર જોઈ શકયો કે આટલા દિવસો પછી યુવરાજ આજે જ પ્રસન્નચિત્ત દેખાય છે ! પ્રિયાનું પ્રતીક જોઇને એનું ચિત્ત ઘણું હળવું થઇ ગયું લાગે છે, આ નવો મિત્ર અવશ્ય યુવરાજના હૃદયમાં ઘર કરી ગયેલો શોક હળવો કરશે.

બધા પડાવમાં પહોંચ્યા ત્યારે ભોજન તૈયાર થઇ ગયું હતું. સૂર્ય હજુ અસ્ત નહોતો થયો.

સાથે આવેલા મહામંત્રી યુવરાજ માટે ચિંતા સેવી રહ્યા હતા. અને યુવરાજને ઘણાજ પ્રસન્ન-ચિત્ત આવેલા જોઇને તેમના મનને ભારે સંતોષ થયો.

ભોજનાદિથી નિવૃત્ત થઇને યુવરાજ પોતાના નવા મિત્ર સાથે શિબિરમાં પોતાના ખાસ ખંડમાં ગયો. (ક્રમશઃ)


## દરેક નવાં પ્રકાશનો

**જેવાં કેઃ—**

| | |
|---|---|
| નમસ્કાર નિષ્ઠા | નવકાર સાધના |
| આત્મ તત્ત્વવિચાર | મંત્રીશ્વર વિમળ |
| ત્યાગની વેલી | માતૃદેવો ભવ |

**—: વગેરે દરેક નવાં પ્રકાશનો માટે**

**મળો યા લખો :—**

## સેવંતિલાલ વી. જૈન

શ્રી વર્ધમાન જૈન પાઠશાળા

પાંજરાપોળ, મુંબઇ–૪

# કુલ દીપક

કલ્યાણની ચાલુ ઐતિહાસિક વાર્તા

શ્રી 'સૂર્યશિશુ'

**પૂર્વપરિચય :** રાજગૃહીનગરીના મન્મથરાજા અને મદનાવલીનો પુત્ર રૂપસેનકુમાર પોતાનું ભાગ્ય અજમાવવા કનકપુર પહોંચે છે. ક્રમશઃ રાજપુત્રી કનકવતીને પરણી પોતાની જન્મભૂમિમાં પાછા આવે છે. રૂપસેનકુમારને રાજ્યભાર સોંપી મન્મથરાજા પરિવાર સાથે તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થની યાત્રાએ જાય છે, ત્યાં તેઓ સમાધિપૂર્વક મૃત્યુ પામે છે. મંત્રીઓ કુમારને રાજ્ય પર અભિષિક્ત કરવાનું નક્કી કરે છે. **હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૨૬ મું

## રાજ્યાભિષેક

હર્ષની ગંગાએ આકાશતલેથી અવનીતલમાં ઉતરી પોતાના પ્રવાહને ખૂબ જ વિસ્તારી દીધો. અસીમ જળના સમૂહથી હીલોળતા તરંગોની લહરી સૂરીલા સ્વરોમાં સ્થિત થઈ ગઈ.

રાજગૃહીનગરી હર્ષજળના બુદબુદાકારમાં સ્નાન કરવા લાગી. સહસ્રરશ્મિ આજે પોતાની સોળે કળાને પ્રકાશમાન બનાવી ઝળહળી રહ્યો. ગૃહે ગૃહે આસોપાલવના તોરણીયા ઝુલવા લાગ્યા.

ગૃહાંગણો જળ છંટકાવ અને રંગબેરંગી રંગોળીથી દીપવા લાગ્યા. ધ્વજા-પતાકાથી આખાય નગરની શોભા બહારમાં આવી. જનમેદની વસ્ત્રાભૂષણોથી અલંકૃત થઈ અવનવા રંગે વિહરવા લાગી.

શરણાઈઓના સૂર ગાજી ઉઠયા. સર્વ તરફ કોઈ અજબ પ્રકારની તૈયારી થવા લાગી. આબાલવૃદ્ધયુવાન સહુ કોઈ અપૂર્વ ઘટિકાનાં આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા. દૂર દેશાવરથી પણ કેટલાયે રાજા અને પરિવાર ઉલ્લાસભર આવતા હતા. મંગળ ચોઘડીયા શરૂ થયા. સભામંડપ જનમેદનીના આગમને ઉભરાઈ ગયો.

રાજપુરોહિત, ગોર, નિમિત્તજ્ઞો, વૈદ્યો, રાજલલના, સેવિકા વગેરે યથાસ્થિત સ્થાને બિરાજમાન થયા. ફક્ત રાજમાતા, રૂપસેનકુમાર અને રૂપરાજકુમારની રાહ જોવાતી હતી. ત્યાં તો મંદગતિએ કુમારયુક્ત રાજમાતા મદનાવલીનાં દર્શન થયા. રૂપસેનકુમારનો જયજયકારનો ધ્વનિ હવામાં પ્રસરી ગયો.

મન્મથરાજાના મૃત્યુના શોકવિરહે જલતી છતાં પુત્રના ભાવિની ઉજ્જવળતાએ એ દુઃખને વિસારે મૂકી વર્તમાન આનંદમાં મદના રાણી મગ્ન બન્યા. કારણ, વૃદ્ધ, વિધુર-વિધવાને મન પુત્રસંપત્તિ એક જીવનસંચારિણી છે.

ત્રણેએ સભામાં યથાસ્થિત સ્થાન લેતા પહેલા મન્મથરાયની ઉન્નતિદાયક પ્રતિકૃતિને નમન કરીને આશિષની અંતરેચ્છા સહ સ્થાને બિરાજ્યા.

રાજયજ્ઞનો પ્રારંભ થયો. પુરોહિત મંજુલ વાણીથી મંત્રોચ્ચાર કરવા લાગ્યા. નિમિત્તજ્ઞોએ પોતાના નિમિત્તબળને સબળ બનાવવા અને આગામી સંકટપ્રદોષને દૂર કરવા જાપનું ઉચ્ચારણ ઉચ્ચ સ્વરે આરંભ્યું. શુભદિનની શુભતાએ નિર્મળતા વેરી. અમૃતસિદ્ધિયોગ, વિજયમુહૂર્ત અને શુભલગ્ન ભરી ઘટિકા સંપાદન થઈ ગઈ. ચંદ્રનાડીનો યોગ થયે રાજપુરોહિતે મંગલશ્લોકો

ઉચ્ચાર્યા. નિમિત્તજ્ઞોએ સંજ્ઞા કરી. વાજિંત્રોના સુસ્વરોએ વાતાવરણ ગુંજતું કર્યું.

પ્રધાનમંત્રીએ ઉલ્લાસભેર રૂપસેનકુમારનો રાજ્યાભિષેક કર્યો. રાજમાતાએ રાજતિલક કરી આશિષ આપ્યા. રૂપસેનકુમાર રાજસિંહાસને બિરાજ્યા ભાટચારણોએ કાવ્યસંદોહમય યશોગાન કર્યા. 'રૂપસેનકુમારનો જય હો'ના પડઘાએ પ્રસ્તાવ કર્યો.

આવેલા રાજાઓએ શુભશ્રેય વાંચ્છતા હસ્તિ, અશ્વ, રત્નાદિનાં નજરાણાં ધર્યા. તિલક કરતાં શુભાશિર્વાદ દઇ ઓવારણા લીધાં. નગરમાં આખાય રાજ્યમાં મહારાજા રૂપસેનકુમારની આણા વર્તાઈ.

રાજ્યાભિષેક નિમિત્તે સુંદર સુંદર પારિતોષિકથી કર્મચારી, પુરોહિત, ગોર, નિમિત્તજ્ઞો વૈદ્ય, સૈનિકો વગેરેને નવાજ્યા. આગંતુક રાજાઓને સુસ્વાગત અને અવનવી ભેટોથી ખુશી કર્યા. બંદીવાનોને મુક્ત કર્યા.

રાજપ્રાંગણમાં દાન અને ભેટણાની રેલમછેલ થઇ ગઈ. યાચક, ધનિક, નિર્ધન, સ્વજન, પરિજન સર્વ કોઈ રૂપસેનકુમારની ઉદારતાને વિચારવા લાગ્યું.

હા, હા, હા, શી એની સૌજન્યતા. ઉદારતા અને કરુણા, રાજાના સુલક્ષણો, ચિન્હો, રાજ્યધૂરાને હાથ ધરતાં એક દિનમાં જ ચમકી આવે છે. સભાજન રૂપસેનકુમારનો જયનાદ વર્તાવી નિવૃત્ત થયા. 'મહારાજા રૂપસેન' ન્યાયથી અને પ્રજાના હિતચિંતક બની રાજ્યપાલન પુત્રવત્ કરવા લાગ્યા.

વધુમાં એમનાં રાજ્યમાં પ્રજા નિર્ભય અને સુખી હતી. દુઃખી, દરિદ્રી કે યાચકોનો તો જાણે સદા માટે વિરહ પડયો. ચોરી, છીનારી અને હિંસાદિ કુકર્મની યારીએ રિસામણાં લીધા હતાં.

રૂપસેનકુમારે ધર્મની શ્રદ્ધાવાટે રાજદીપકને ન્યાયના તેલથી જ્વલંત બનાવ્યો. સર્વ આશ્રિત તથા ખંડિત રાજાઓને મિત્રતાથી રંજીત કર્યા. જીવ સાટે પણ પ્રજાનું દુઃખ નિવારણ કરવા ઉત્સુક રહેતા રૂપસેનકુમારે મન્મથરાયની કીર્તિને વધુ તેજલ બનાવી તેમાં પરિમલ પ્રસરાવી.

પોતે ધર્મને ભૂલતો નથી. ધર્મતત્ત્વ એજ આત્મ ઉદ્ધારક શ્રેષ્ઠ તત્ત્વ છે એમ જાણી ધર્મ પરાયણ રૂપસેનકુમાર રાજ્યઋદ્ધિમાં લુબ્ધ ન બનતાં પુણ્યની લીલા સમભાવે વેદન કરે છે. ધર્મપ્રેમી, સદ્ગુણ અને ન્યાયાદિગુણ યુક્ત રૂપસેનકુમાર સ્વરાજ્ય અને પરરાજ્યમાં ખ્યાતનામા બન્યો.

રાજમાતા મદનાવલી રૂપસેનકુમારના ગુણમૌક્તિકની તેજદાર લોકપ્રશંસા સુણી સુણીને પ્રફુલ્લિત બની ગૌરવ લે છે. ધર્મની શ્રદ્ધા પરત્વેથી મળેલા તનુજની કાર્યવિચક્ષણતા અને તેજસ્વિતા નિહાળી જીવનને ધન્ય માણવા લાગી.

સંસારના કષ્ટશત્રુ સામે વીરાંગના સમી પ્રવૃત્તિ આદરી એક વિધવા નારી પોતાના બીજના અનુપમ અંકુરાને જુવે, જ્યારે એ બીજની વેલ જીવનાધારભૂત થાય છે, અને એના કુસુમોની ખુશબો લોકમાં ચારેતરફ પ્રમુદિતતા બક્ષે છે. ત્યારે તેને વૈધવ્યની વ્યથા મુંઝવતી નથી, તેનું હૈયું હર્ષના હીલોળે ચઢે છે. સંતોષની મર્યાદાએ પહોંચે છે. વૈધવ્યના પ્રવાસના અંતે સંતાનોની ગુણવિશિષ્ટતા અને સુકાર્યક્ષમતા એક આનંદસ્થાનરૂપ બની જાય છે.

પિતાના ગુણની પગલી પગલીએ ગમન કરતા પુત્રનું ગમન ઉર્ધ્વગામી બનતું જોઈ કઈ માતાના હૈયા સૂનાં પડયાં રહે? આવા સંતાનોનું મળવું એ માતાનો મહોદય જ છે.

(ક્રમશઃ)

# સમાચાર સાર

**ઇનામી મેળાવડો**–મુંબઈ શ્રી લાલવાડી જૈન પાઠશાળા અને કન્યાશાળાના વિદ્યાર્થીઓને ઇનામ આપવાનો એક મેળાવડો તા. ૨૬–૨–૬૧ ને બપોરે શેઠ શ્રી નાનજીભાઇ રવજીભાઇના પ્રમુખસ્થાને યોજાયો હતો. આ શુભ પ્રસંગે ૨૦૦ રૂા.નાં ઇનામો અપાયાં હતાં. મંગલાચરણ, ગીતો અને ગરબા વગેરેનો કાર્ય-ક્રમ રજુ થયો હતો. શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘના કાર્યકર શ્રી ચીમનલાલ પાલીતાણાકરે પ્રવચન કર્યું હતું. શ્રી સેવંતિલાલ વી. જૈન તથા શ્રી નવલ બ્હેન માવજીનું કામ સંતોષકારક છે એથી રૂા. ૨૧ તથા રૂા. ૧૫ અપાયા હતા.

**માળીયા**–(સૌરાષ્ટ્ર) મુનિરાજશ્રી તત્ત્વપ્રભવિજ-યજી મહારાજ તથા મુનિરાજશ્રી આનંદઘનવિજયજી મહારાજની નિશ્રામાં મુંબઈ વસતા શ્રી અમૃતલાલ ફુલચંદ મહેતા તરફથી અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિ-સ્નાત્ર, પૂજા, આંગી, ભાવના, પ્રભાવના વગેરે સુંદર થયું હતું. આઠે દિવસ નવકારશી થઇ હતી. જલ-યાત્રાનો ભવ્ય વરઘોડો નિકળ્યો હતો. બહારગામથી એક હજાર માણુસ લગભગ આવ્યું હતું. ફા. સુ. ૬ ના શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. દર્શનાર્થે ઠાકોર સાહેબ શ્રી ભૂપેન્દ્રસિંહજી તથા તેમનાં રાણી પધાર્યાં હતાં દેવદ્રવ્ય વગેરેની ઉપજ સારી થઇ હતી.

**મહુવા**–મુનિરાજશ્રી કંચનસાગરજી મહારાજ આદિ અત્રે પધારતાં નવલાખ નવકાર મંત્રનો જાપ ફા. સુ. ૫ ના કરાવવામાં આવ્યો હતો. આંગી, રોશની વગેરે તે દિવસે થયું હતું. ફાગણ સુ. ૮ અઠ્ઠાઈના બેસતા દિવસથી નવકારનો અખંડ જાપ શરૂ કરાવ્યો હતો. ઘણાં ભાઇ–બ્હેનો જોડાયાં હતાં. જાપ કરનારને રોજ શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

**બોરુલી**–આજુબાજુના ગામોમાં જેવાં કે– ઝાંખ-રપુરા, શાંનતલાવડા, ઝાંપા ગામમાં ઉપાશ્રય તથા ઘર દહેરાસરનું ખાતમુહૂર્ત ફા. સુ. ૪ અને શીલા-સ્થાપન ફા. સુ. ૬ના દિવસે મુંબઇનિવાસી શેઠ નાથાલાલ લલ્લુભાઇ માણુસાવાળા તથા તેમના સુપુત્ર શ્રી સુમનભાઇના હસ્તે થયું હતું. ઝાંખરપુરામાં શ્રી પૃથ્વીરાજજી ચુનીલાલજી બીજોવાવાળાના હસ્તે થયું હતું. આ પ્રસંગે સંસ્થાના મંત્રી શ્રી જેઠાલાલ લક્ષ્મીચંદ પધાર્યા હતા. પ્રભાવના વગેરે થયું હતું.

**ચોકઠી**–(સૌરાષ્ટ્ર) મુનિરાજશ્રી માનતુંગવિજયજી મહારાજ ૧૫મો દીક્ષા દિન હોવાથી લીંબડી જૈન–પાઠશાળામાં શ્રી ચત્રભુજ બહેચરદાસ તરફથી પેંડાની પ્રભાવના થઇ હતી. વિહારમાં મુનિરાજશ્રીએ ઉપદેશ આપી અત્રે પધારતાં પાઠશાળાની શરૂઆત કરાવી હતી. આંગી, ભાવના, પ્રભાવના થઇ હતી. કોરડા ફાગણુ ચોમાસી કરેલ.

**બાયડ**–મુનિરાજશ્રી સ્વયંપ્રભવિજયજી મહારાજ આદિ પધારતાં ઉપાશ્રયની ખામી લાગતાં પૂ. મહારાજ-શ્રીએ ઉપદેશ આપતા ટીપમાં રૂા. ૧૧૧,૦૧, થયા હતા. પૂ. મહારાજશ્રીને સ્થિરતા કરવાની વિનંતિ ખૂબ જ કરી પણ મહારાજશ્રીને પૂ. આચાર્યશ્રી વિજય ન્યા-યસૂરીજી મહારાજને વંદનાર્થે જવાની ઉતાવળ હોવાથી વિહાર કરી ટીટોડા પધાર્યા હતા. ત્યાં કેટલાંક ભાઈ બ્હેનો વળાવા માટે આવ્યાં હતાં અને તે દિવસે પૂજા, આંગી, ભાવના પ્રભાવના વગેરે થયું હતું.

**શીરોહી**–પૂ. આચાર્યશ્રી રામસૂરિજી મહારાજ અત્રેથી વિહાર કરી ગોહીલી, પાડીવ, બરલુટ, કાલંદ્રી, જીરાવલા થઇ ગુજરાત બાજુ પધારશે અને વૈશાખ સુદમાં કુશાલા પહોંચવા વકી છે.

**ઉદ્‌ઘાટન સમારંભ**-મુંબઇની જાણીતા લેખક શ્રી ચંદુલાલ એમ. શાહે મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય-પ્રધાન શ્રી યશવંતરાવ ચવ્હાણનું જીવનચરિત્ર આલેખ્યું છે. તેનો ઉદ્‌ઘાટન સમારંભ તા. ૨૭-૨-૬૧ ના રોજ ઝીણા હૉલમાં નગરપતિ શ્રી વિષ્ણુપ્રસાદ દેશાઇના પ્રમુખસ્થાને ઉજવવામાં આવ્યો હતો.

**અદોની**-શ્રમણ ઔષધાલય-આ સંસ્થા બિમાર પૂ. સાધુ-સાધ્વી મહારાજોને દેશી દવાઓ ફ્રી મોકલવાનું કાર્ય કરે છે. આજસુધીમાં હજારો રૂા. ની દવાઓ મોકલી છે. શ્રમણ ઔષધાલય અદોની (આંધ્ર)

**પાલીતાણા**-પૂ. પંન્યાસજી મંગળવિજયજી મ. શ્રીની નિશ્રામાં આગમમંદિર ખાતે ૧૦૧ ભાઇ-બ્હેનો તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચળજીની નવાણું યાત્રા સામુદાયિકપણે કરી રહેલ છે. સાંડેરાવવાળા શ્રી શેષમલજી જશગજજી પોતાનાં અ. સૌ. ધર્મપત્ની ગજરાબ્હેનના વર્ષીતપ નિમિત્તે આ સામુદાયિક નવાણું યાત્રા કરાવવામાં આવે છે. મહા સુ. ૧૫ના શુભદિને પ્રારંભ થયો છે. સામુદાયિકપણે નવાણું યાત્રા કરાવવાનો આ શુભ પ્રસંગ પહેલવહેલો છે.

**ઉના**-પંન્યાસજી ભુવનવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ અત્રે યાત્રાર્થે પધારતાં મહા વદ ૧૧ના દિવસે સ્વ. ગુરુદેવશ્રી બુદ્ધિવિજયજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ હોઇ તે નિમિત્તે શ્રી હરખચંદભાઇ તથા શ્રી મનુભાઇ વગેરે ભાઇઓ તરફથી તેમના પિતા પ્રેમચંદભાઇના પુણ્ય સ્મરણાર્થે ત્રણ દિવસનો ઓચ્છવ રાખવામાં આવેલ. તે દરમીયાન પૂજા, આંગી, ભાવના, પ્રભાવના તેમજ ૧૨ના દિને સંઘજમણ રાખવામાં આવેલ.

**અંતરીક્ષજી**-(આકોલા) પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમાજીને લેપ થયેલ તેને પ્રથમ પ્રક્ષાલ પૂજા તા. ૯-૨-૬૧ના રોજ થઇ હતી. આ અંગે અઢાર અભિષેક, અષ્ટોત્તરી સ્નાત્રપૂજા, દશે દિવસ પૂજા, સાધર્મિ વાત્સલ્ય થયું હતું. પૂ. આચાર્યશ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ આદિ પધાર્યા હતા.

**– આગામી અંકથી શરૂ થશે –**

**'મહામંગલ શ્રી નવકાર'** કલ્યાણનો નવો વિભાગ આગામી અંકથી શરૂ થશે. દેશ-દુનિયા, મધપૂડો, જ્ઞાનગોચરી વગેરે વિભાગો સ્થલ સંકોચના કારણે આ અંકમાં પ્રસિદ્ધ થઇ શકયા નથી. તે આગામી અંકે પ્રસિદ્ધ થશે.

—સંપા૦

**ભાવનગર**-ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ અત્રે આરોગ્ય નિવાસનું ઉદ્‌ઘાટન કરવા પધારેલ. તેઓશ્રીને સન્માનપત્ર અર્પણ કરવા એક સમારંભ દાદાવાડીમાં ફાગણ સુદ ૬ના શેઠ શ્રી ભોગીલાલ મગનલાલના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. જુદાજુદા વક્તાઓનાં વકતવ્ય થયા બાદ પ્રો. શ્રી ખીમચંદ ચાંપશીભાઇએ સન્માનપત્રનું વાંચન કર્યું હતું. સોના-ચાંદી મીશ્રિત કાસ્કેટ સાથેનું સન્માન પત્ર શેઠશ્રી ભોગીલાલભાઇએ અર્પણ કર્યું હતું.

**યાત્રાસંઘ**-રાણપુરથી શ્રી સિદ્ધાચળજીનો છ'રી પાળતો શ્રી યાત્રિક સંઘ કલકત્તા નિવાસી શ્રીયુત બાબુ હરખચંદજી કાંકરીયાજી અને સંઘવણ અ. સૌ. શ્રી તારાબેન કાંકરીયાજી તરફથી ફાગણ સુદ ૪ના નીકળ્યો હતો તે સંઘ ફાગણ સુદ ૧૩ની સવારે ઘેટી પધારેલ. ત્યાંથી કેટલાંક ભાઇ-બ્હેનો શ્રી ગિરિરાજની છ ગાઉની પ્રદક્ષિણાએ ગયેલ. સંઘ ૧૩-૧૪-૧૫ ઘેટી રોકાયો હતો. ફાગણ વદ ૧ ના પાલીતાણા શહેરમાં પધારેલ શ્રી સંઘનું તથા પૂ. આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજ આદિનું સામૈયું પુનાવાળા શ્રી મોહનલાલ સખારામ તરફથી થયું હતું. અમદાવાદથી જ્યાબેન્ડ તથા ભાવનગરથી મીઠું બેન્ડ આવ્યું હતું. સેંકડો ભાઇ-બ્હેનોએ સામૈયામાં ભાગ લીધો હતો. રસ્તામાં ઠેર ઠેર ગહુંલીઓ થઇ હતી. ગામને ધ્વજા પતાકા તથા કમાનોથી શણગા-

રવામાં આવ્યું હતું. સામૈયું શ્રી શાંતિભુવન ઉતર્યા પછી પૂ. આચાર્યદેવશ્રી આદિ શ્રીસંઘ યાત્રાએ પધારેલ. રોજ બપોરના અઢીવાગે શાંતિભુવનનાં આલીશાન મંડપમાં વ્યાખ્યાન પૂ. આચાર્યદેવ આપે છે. ત્રીજની તીર્થમાળ પહેરાવવાની હતી પણ સંજોગોવશાત્ છની માળ રાખી હતી. સંઘવીને સન્માનપત્ર અર્પણ કરવાનો મેળાવડો યોજવામાં આવેલ.

**દીક્ષા મહોત્સવ**-પાલીતાણાખાતે મહુવાવાળા હાલ મુંબઇ રહેતા શ્રી પાનાચંદ નારણદાસની સુપુત્રી કુમારિકા શ્રી રંજનબ્હેને (ઉંમર વર્ષ ૨૦) પૂ. આ.

**જેઓએ ગિરિરાજની શીતળછાયામાં ભાગવતિ દીક્ષા અંગીકાર કરી છે.**



**શ્રી રંજનબેન પાનાચંદ શાહ**
**મહુવાવાળાં ઉં વ. ૨૦ હાલ-મુંબઇ**

દેવશ્રી નંદનસૂરીશ્વરજી મહારાજશ્રીના વરદ હસ્તે ફા. વદ ૧૧ ના ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. સાધ્વીશ્રી શશીપ્રભાશ્રીજી મ.નાં શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

ફાગણ વદિ ૩ થી ફાગણ વદિ ૧૧ સુધીનો મહોત્સવ રાખવામાં આવેલ. રોજ પૂજા, આંગી, ભાવના વગેરે થયું હતું. ફાગણ વદિ ૧૧ નો દીક્ષાર્થી બેનનો વરસીદાનનો વરઘોડો નીકળ્યો હતો. બેનનો ધાર્મિક અભ્યાસ બૃહત્ સંગ્રહણી તથા સંસ્કૃત બે બુકનો છે તેમજ ઉપધાનતપ અને વર્ધમાન તપની ઓળી આરાધી છે.

શ્રી સિદ્ધચલજીની છ ગાઉની પ્રદક્ષિણા ઉપર આજુબાજુથી યાત્રાળુ ઠીક પ્રમાણમાં આવેલ પણ દર સાલ કરતાં આ વખતે દશ આની યાત્રાળુ હતું. સિદ્ધવડ-આદપર ખાતે ભાતાના પાલો જુદી-જુદી સંસ્થાઓ તથા મંડળો તરફથી નાંખવામાં આવેલ. ભાથાની વ્યવસ્થા સારી હતી. યાત્રાળુ કરતાં ભાથાની વ્યવસ્થા વધારે હતી એથી દરેક પાલમાં ભાથું વધી પડયું હતું.

**રાજગૃહી**-[પટના] ખાતે પૂ. આચાર્યશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ, ઉપાધ્યાયજી દેવેન્દ્રસાગરજી મ. તથા ઉપાધ્યાયજી કૈલાસસાગરજી મ. આદિ મહારાજ સાહેબોની નિશ્રામાં નૂતન જિનાલયમાં શ્રી મુનિસુવ્રતસ્વામિ આદિ જિનબિંબોની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા ફાગણ વદિ છના રોજ ધામધૂમથી થઇ હતી. તા. ૨૫-૨-૬૧ ના રોજ મહોત્સવનો પ્રારંભ થયો હતો અને ૧૦-૩-૬૧ ના રોજ પૂર્ણાહુતી થઈ હતી. રોજ પૂજા, આંગી ભાવના નવકારશી વગેરે થયું હતું. કલ્યાણકના વરઘોડા સુંદર સજાવટ સાથે નીકળ્યા હતા. સેંકડો ભાઇ-બ્હેનો આ શુભ પ્રસંગપર લાભ લેવા પધારેલ. સંગીતકાર શ્રી ગજાનંદભાઈ પોતાની મંડળી સાથે પૂજા, ભાવના માટે આવેલ અને ક્રિયા કરાવવા માટે શ્રી ભોગીલાલ ગુલાબચંદભાઇ પધાર્યા હતા. એકંદર મહોત્સવ ખુબ ધામધુમથી ઉજવાયો હતો.

**અમદાવાદ**-સદર બજાર કેમ્પખાતે શ્રી સુમતિનાથ જિનમંદિરમાં પૂ. આ. શ્રી ઉમંગસૂરિજી મહારાજ તથા પંન્યાસજી ઉદયવિજયજી ગણિવર આદિની નિશ્રામાં શ્રી મણિલાલ લલ્લુભાઇના શ્રેયાર્થે તેમના સુપુત્રો શ્રી ચુનીલાલભાઇ, શ્રી ચંદુલાલભાઇ તથા

શ્રી કાંતિલાલભાઇ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિ સ્નાત્ર ભણાવવામાં આવેલ. ફાગણ વદ ૭થી ફાગણ વદ ૧૧ સુધીનો મહોત્સવ હતો. આ પ્રસંગે ફાગણ વદ ૭ના રોજ પં. શ્રી વિકાશવિજયજી મહારાજને આચાર્યપદ તથા પં. શ્રી ઉદયવિજયજી મહારાજને ઉપાધ્યાયપદ પ્રદાન કરવામાં આવેલ. મહોત્સવ સારી રીતે ઉજવાયો હતો.

**દેસુરી**-(મારવાડ)થી પૂ. આચાર્યશ્રી વિજયભુવનસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં શ્રી કેશરીયાજીનો સંઘ મોટર રસ્તે ફાગણ વદ ૩ના રોજ નિકળવાનો હોઇ તે નિમિત્તે ફાગણ સુદ ૧૧થી ફા. વ. ૩ સુધીનો અઠ્ઠાઇ મહોત્સવ શ્રી સીરેમલજી ગંગારામજી રમેશકુમાર જેચંદ ફર્મ મુંબઇ તરફથી ઉજવવામાં આવેલ. રોજ પૂજા, આંગી, ભાવના, રોશની વગેરે થયેલ. શ્રી કેશરીયાજીનો સંઘ તેમના તરફથી મોટર રસ્તે નીકળ્યો હતો અને ફાગણ વદિ ૯ના રોજ સંઘે પ્રતિપ્રયાણ કર્યું હતુ.

**ગાંગાણી**-તીર્થે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ આદિ જિનબિંબોનો પ્રતિષ્ઠા મહોત્સવ આચાર્યશ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં ઉજવાયો હતો. રોજ પૂજા, આંગી, ભાવના, પ્રભાવના, નવકારશી વગેરે સારા પ્રમાણમાં થયું હતું. ફા. વ. ૭ના શુભ દિને પ્રભુજીને ગાદીનશીન કરવામાં આવેલ. આજુબાજુ ગામોમાંથી સારી સંખ્યામાં ભાઈ-બ્હેનો આવ્યાં હતાં. દરેકે લાભ સારો લીધો હતો. ગાંગાણી-તીર્થ એ એક પ્રાચીનતમ તીર્થ છે.

**કડી**-જૈન વિદ્યાર્થીભવનના વિદ્યાર્થીઓ માટે નવકારની આરાધના માટેનો વર્ગ શરૂ કરેલ છે. સંસ્થાના ભૂગર્ભરૂમમાં ૩૦ વિદ્યાર્થીઓ 'સર્વ-કલ્યાણ'ની ભાવના સાથે સામુદાયિક આરાધના કરી રહેલ છે. પદ્માસન, વર્ણાલંબન, અક્ષરધ્યાન, ભાવનાઓ વગેરેની સમજ સાથે વ્યવસ્થિત તાલીમ અપાય છે. પ્રગતિ અને વિદ્યાર્થીઓમાં ઘણું માનસિક પરિવર્તન થયું છે.

તા. ૩-૩-૬૧ના રોજ સંસ્થા સેન્ટ્રલ હોલમાં શ્રી નવકાર મહામંત્ર અંગેના સાહિત્યનું, નકશાઓનું, બોર્ડો અને ફોટાઓનું પ્રદર્શન યોજેલ જેનો ઘણા ભાઇ-બ્હેનોએ લાભ લીધો હતો. ધર્મશાળાનું ઉદ્‌ઘાટન પણ હતું. સંસ્થાના મંત્રી શ્રી બાબુલાલ સંઘવી જેઓ શ્રી નવકાર મહામંત્રના સાધક છે તેઓ દર અઠવાડિયે સંસ્થાના વિદ્યાર્થીઓને આરાધનાનું મહત્ત્વ અને માર્ગદર્શન આપે છે.

**જેઓએ તા. ૯-૩-૬૧ ના રોજ નડીઆદ ખાતે ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરી છે.**



**કુમારી હર્ષાબેન ધીરજલાલ શાહ-મુંબઇ**

સીહોરવાળા શ્રી ધીરજલાલ મણિલાલ શાહ હાલ મુંબઇ-ગોરેગાંવ વસતા તેમની સુપુત્રી બાળબ્રહ્મચારિણી શ્રી હર્ષાબેને તા. ૯-૩-૬૧ ના રોજ નડીઆદ ખાતે ધામધૂમથી દીક્ષા અંગીકાર કરી છે. ધાર્મિક અભ્યાસ સારો કર્યો છે. સાધ્વીશ્રી પદ્મલતાશ્રીજીનાં શિષ્યા તરીકે જાહેર થયાં હતાં. તેમનાં સંસારી બેને પણ દીક્ષા લીધેલી છે.


**મુંબઇ**-શાંતાક્રુઝ પૂ. આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પં. કીર્તિવિજયજી મહારાજ આદિની નિશ્રામાં જિનમંદિરની સાલગીરી નિમિત્તે શ્રી પંચ કલ્યાણક મહોત્સવની ઉજવણી થઇ હતી. તા. ૨૬-૨-૬૧ના રોજ શ્રી રમણલાલ હિરાલાલ ઝવેરી તરફથી અંતરાયકર્મની પૂજા ભણાવાઇ હતી. પૂ. પંન્યાસજીએ પૂજાનો વિસ્તૃત ભાવાર્થ સમજાવ્યો હતો. જિનમંદિર અંગે રકમની જરૂરીયાત જણાતાં

પૂ. આચાર્યશ્રીની પ્રેરણાથી રૂા ૧૫ હજારની ટીપ થઇ હતી. શ્રીસંઘના આગેવાનોના અતિ આગ્રહથી ચૈત્ર ઓળી ઘાટકોપર થશે.

**અભિનંદન પત્ર**–પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્યદેવશ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં રાણપુરથી કલકત્તા નિવાસી શ્રીયુત બાબુ હરખચંદજી કાંકરીયાજી તથા અ. સૌ. તારાબેન કાંકરીયાજી છ'રી પાળતો સંઘ લઇને શ્રી સિદ્ધાચલજીની પુનીત છાયામાં પધાર્યાં હતાં. તેઓને અભિનંદન પત્ર સમર્પણ કરવા માટે તા. ૯–૩–૬૧ના રોજ શાંતિભુવનમાં બંધાયેલ–વિશાળ મંડપમાં એક સમારંભ યાત્રિક સંઘ તરફથી યોજવામાં આવ્યો હતો. શ્રી કાંતિલાલ ચુનીલાલ શાહ હળવદવાળાએ માનપત્રનું વાંચન કર્યું હતું અને શેઠશ્રી ચીમનલાલ કાલીદાસે માનપત્ર અર્પણ કર્યું હતું. હાર–તોરાની વિધિ બાદ જૈનશાસનના જયનાદો વચ્ચે સમારંભની પૂર્ણાહુતી થઇ હતી.

**શ્રી શંખેશ્વરજી મહાતીર્થની શુભ નિશ્રામાં** પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રી પોતાના શિષ્ય–પ્રશિષ્યો પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી આદિ સાથે રાણપુરથી ફા. સુદિ ૪ના વિહાર કરી, ધંધુકા ફા. સુદિ ૬ ના પધાર્યાં હતા. ત્યાંથી ફા. સુદિ ૧૧ ના વિહાર કરી, ખડોલ, ફેદરા, ઉતેલીયા થઇ ગોલાણા ફા. સુદિ ૧૪ના પધાર્યાં હતા. જૈનશાળાના ટ્રસ્ટી શેઠ મૂલચંદ ડી. દલાલ આદિ પૂ. મહારાજશ્રીનાં વંદનાર્થે ખંભાતથી આવેલ. સુદિ ૧૫ ના દેઢા પધારતાં ખંભાતથી શેઠ કસ્તુરભાઇ અમરચંદનું કુટુંબ તથા શ્રી ભીખાભાઇ આદિ વંદનાર્થે આવેલ. ફાગણ વદિ ૧ ના ધામધૂમપૂર્વક સામૈયા સહ પૂ. મહારાજશ્રીનો પ્રવેશ થયેલ. તેઓશ્રી ચૈત્ર સુદિ ૧ ના ખંભાતથી વિહાર કરી માતર, ખેડા થઇ અમદાવાદ પધારશે ને ત્યાંથી વિહાર કરી શ્રી શંખેશ્વરજી મહાતીર્થ પર ચૈત્ર વદિ ૧૦ ના પધારવા સંભવ છે. પૂ. પંન્યાસજી મહારાજશ્રીને વર્ષીતપ ચાલે છે, તેનું પારણું તેઓશ્રીનું ત્યાં થવા વકી છે.


કાર્યક્ષેત્ર
**વર્ધમાન બોડેલી આશ્રમ, બોડેલી**
(વાયા વડોદરા)



**બોડેલી જિનાલય**
મૂળનાયક શાસનપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાન
જેનું કામ અધૂરું છે. મદદની જરૂર છે.
મદદ મોકલવાનું ઠેકાણું :
**શેઠ વાડીલાલ રાઘવજી**
**૬૧ તાંબાકાંટા મુંબઇ–૩**

# પરમાર ક્ષત્રીય જૈનધર્મ પ્રચારક સભા

**૪૫૭ સરદાર વલ્લભભાઇ પટેલ રોડ બીજે માળે, મુંબઈ–૪**

**બોડેલી તીર્થની યાત્રાએ જરૂર પધારો, ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.**

બોડેલી તથા તેની આસપાસ પરમાર ક્ષત્રીયો આશરે ૮૦૦૦ માણસો જૈનધર્મ, અહિંસા ધર્મ પાળે છે. બીજા હજારો આકર્ષાયા છે, જે ધીમે ધીમે જેમ જેમ જ્ઞાન અને દર્શનનાં સાધનો અપાય છે, તેમ તેમ જોડાય છે. આ પ્રચાર પાઠશાળાઓ દ્વારા થાય છે. આસપાસનાં ગામોમાં ૯ પાઠશાળાઓ ચલાવાય છે, બીજી ૨૦ પાઠશાળાઓની જરૂર છે.

બોડેલીમાં વર્ધમાન બોડેલી આશ્રમ છે. તેમાં વિદ્યાર્થીઓને ખાવાપીવા ભણવાની વ્યવસ્થા છે. આ ક્ષેત્રના જિનાલયને, પાઠશાળા–આશ્રમને આંબીલશાળા, ધર્મશાળા, ભોજનશાળા અને સાધારણ ખાતાને જેટલી બને તેટલી વધુ મદદ આપી ધર્મપ્રચાર તથા ધર્મપ્રભાવનાના કાર્યને મદદ કરો.

**બોડેલી સ્ટેશન**
મિંયાગામથી વિશ્વામિત્રીથી વડોદરાના પ્રતાપનગર સ્ટેશનથી ટ્રેઇનો જાય છે.
વડોદરાથી બે વખત એસ. ટી.ની બસો જાય છે.

લિ૰
**જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ**
**ઇશ્વરલાલ કસ્તુરચંદ સાળવી**
માનદ–મંત્રીઓ